આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-388110

માહિતી પરિચયગ્રંથ

ધી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ, ૨૦૦૫
કલમ 4(1)(બી)

: તારીખ :
18.10.૨૦૦5, મંગળવાર
: સમય :
સાંજે 4.00 કલાકે

: સ્થળ :
અગ્રસચિવ (કૃષિ) વિભાગ,
સમિતિ રૂમ,
સચિવાલય, ગાંધીનગર

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ - ૩૮૮ ૧૧૦

રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ, ૨૦૦૫ની

કલમ ૪(૧)(બી) અન્વયેની માહિતીનું મેન્યુઅલ

પ્રકરણ - ૧

સંસ્થાનું સંસ્થાપન, ઉદ્દેશો, કાર્યો અને ફરજોની વિગતો.

સંસ્થાનું સંસ્થાપનઃ-

ગુજરાત વિધાનસભાએ પસાર કરેલ સને ૨૦૦૪ના ગુજરાત કૃષિ યુનિવર્સિટીઝ અધિનિયમ નં.૫ થી રાજયમાં ચાર કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવેલી છે. તે મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી તા.૧-૫-૨૦૦૪ના રોજ અસ્તિત્વમાં આવેલ છે. તે અગાઉ આ યુનિવર્સિટી વિસર્જીત ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો એક ભાગ હતી. આ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આણંદ, અમદાવાદ, વડોદરા, દાહોદ, પંચમહાલ અને ખેડા એમ છ જીલ્લાઓનો સમાવેશ કરાયેલ છે. જેમા કૃષિ મહાવિદ્યાલય, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મહાવિદ્યાલય , ઇન્ટરનેશનલ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઇનસ્ટિટયુટ તથા હોર્ટિકલ્ચરલ મહાવિદ્યાલય, ૧૬ સંશોધન કેન્દ્રો અને ૬ વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો આવેલ છે. અધિનિયમની જોગવાઈથી આણંદ કૃષિ યુનિવર્સિટીમાં કુલાધિપતિ, કુલપતિ, નિયામક મંડળ, વિદ્યાપરિષદ, કૃષિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઇન્ટરનેશનલ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઇનસ્ટિટયુટ, હોર્ટિકલ્ચરલ, વિદ્યાશાખાઓનો તેમના અભ્યાસ મંડળ સાથે સમાવેશ થાય છે. કુલપતિશ્રી આ વિશ્વવિદ્યાલયના મુખ્ય કાર્યવાહક છે તે હોદ્દાની રૂએ નિયામક મંડળના અને વિદ્યાપરિષદના અધ્યક્ષ છે. કુલસચિવશ્રી હોદ્દાની રૂએ નિયામક મંડળના અને વિદ્યાપરિષદના સચિવ છે.

વિશ્વવિદ્યાલયનો વહીવટ સરળતાથી અને કાર્યક્ષમ ચાલે તે માટે યુનિવર્સિટી અધિકારીઓ વચ્ચે સત્તાનું વિ-કેન્દ્રીકરણ કરેલ છે જેઓને વહીવટી, નાણાંકીય, સંશોધન, શિક્ષણની સત્તાઓ એનાયત કરવામાં આવેલ છે.

ઉદ્દેશોઃ-

આ સંસ્થાના ઉદ્દેશો નીચે મુજબ છેઃ-

સંસ્થાના મૂળભુત ઉદ્દેશો કૃષિ અને સંલગ્ન શાસ્ત્રો અન્વયે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો અને ટેકનીકલ માહિતીનું પ્રસારણ કરવાની પ્રવૃતિઓ હાથ ધરવાની છે. આ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો વ્યાપ ગુજરાત રાજયના નવ જિલ્લાઓમાં અનુક્રમે આણંદ, ખેડા, અમદાવાદ, વડોદરા, છોટાઉદેપુર, મહિસાગર, બોટાદ, દાહોદ અને પંચમહાલમાં ફેલાયેલ છે.

આ યુનિવર્સિટી હેઠળ કૃષિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઇન્ટરનેશનલ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઇનસ્ટિટયુટ તથા હોર્ટિકલ્ચરલમાં સ્નાતક અને અનુસ્નતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતા ૮ મહાવિદ્યાલયો, ૫ પોલિટેકનીક, ૧૬ સંશોધન કેન્દ્રો અને ૬ વિસ્તરણ શિક્ષણના કેન્દ્રો આવેલાં છે.

<u>આ યુનિવર્સિટીના કાર્યો અને ફરજો નીચે મુજબ છેઃ-</u>

(૧) કૃષિમાં અને સંલગ્ન શાસ્ત્રમાં યુનિવર્સિટી યોગ્ય ગણે તેવી બીજી અભ્યાસની શાખાઓમાં શિક્ષણ અને પ્રશિક્ષણની જોગવાઈ કરવી.

(૨) કૃષિ અને સંલગ્ન વિધાશાખાઓમાં સંશોધન માટેની જોગવાઈ કરવી.

(૩) વિસ્તરણ કાર્યક્રમો દ્વારા સંશોધનના તારણો અને ટેકનીકલ માહિતીના પ્રસાર માટે જોગવાઈ કરવી.

(૪) વિશેષ કાર્યક્રમો હાથ ધરવાની જોગવાઈ કરવી.

(૫) પદવી/ડીપ્લોમા/યુ.જી.પી.જી અભ્યાસક્રમો શરૂ કરવા તેમજ વિવિધ પરિક્ષાઓ માટે અભ્યાસક્રમો નકકી કરવા.

(૬) પરિક્ષાઓ લેવી અને પદવી /ડીપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો આપવા.

(૭) યુનિવર્સિટી દ્વારા અપાયેલ પદવી/ડીપ્લોમા અપાયેલ પ્રમાણપત્રો પાછા ખેચવા અથવા રદ્દ કરવા.

(૮) માનદ પદવીઓ અને બીજા વિશિષ્ટમાનો આપવા.

(૯) યુનિવર્સિટીમાં નોંધાયેલ ન હોય તેવી વ્યકિતઓને વ્યાખ્યાન, પ્રશિક્ષણ અને તાલીમ આપવાની અને પ્રમાણપત્ર આપવાની સત્તા.

(૧૦) અન્ય યુનિવર્સિટી /સત્તા મંડળ સાથે સહયોગ કરવાની સત્તા.

(૧૧) કૃષિ વિષયક કોલેજો સ્થાપવા અને નિભાવવાની સત્તા.

(૧૨) શિક્ષણ સંશોધન અને વિસ્તરણ કાર્યો માટે પ્રયોગશાળા, ગ્રંથાલયો અને સંશોધન મથકો સ્થાપવા અને નિભાવવા.

(૧૩) જરૂરીયાત મુજબ યુનિવર્સિટીમાં જે તે કેડરમાં જગ્યાઓ ઉભી કરવી અને નિમણુંક કરવી.

(૧૪) શિષ્યવૃતિઓ અને ઈનામો શરૂ કરવા અને આપવા.

(૧૫) ખેતી અને શિક્ષણ સંશોધનની સંસ્થાઓને જોડવા અને માન્યતા આપવાની તથા પાછા ખેંચવાની સત્તા.

(૧૬) શૈક્ષણિક હેતુઓ માટે માન્યતા પ્રાપ્ત સંસ્થાઓની ચકાસણી તથા ગ્રંથાલય અને પ્રયોગશાળાઓની જોગવાઈ સુનિશ્ચિત કરવાની સત્તા.

(૧૭) યુનિવર્સિટી/કર્મચારીઓના પગાર ભથ્થા અને સેવાના નિયમો નકકી કરવા/નિભાવવાની સત્તા.

(૧૮) સંલગ્ન કોલેજોની પ્રવૃત્તિઓનું તેમજ વિધાથીઓની ફી નું નિયંત્રણ અને સંકલન.

(૧૯) વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે રહેણાંક સુવિધા / નિભાવણી.

(૨૦) ફી તેમજ અન્ય ચાર્જવસુલ કરવાની સત્તા.

(૨૧) વિદ્યાર્થીઓના રહેઠાણ, વર્તણુક અને શિસ્તની દેખરેખ નિયંત્રણ કરવાની અને આરોગ્ય સામાન્ય સુખાકારીને ઉત્તેજન આપવાની ગોઠવણ.

(૨૨) પુર્વસ્નાતક તેમજ અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનનું સંચાલન અને સંકલન કરવું.

(૨૩) સુકા વિસ્તારો અને અછતવાળા વિસ્તારોમાં કૃષિ શિક્ષણ સંશોધન અને શિક્ષણની જોગવાઈ કરવી.

(૨૪) યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે તમામ સત્તાઓને આનુષંગિક હોય કે ન હોય તેવા બીજા કાર્યો અને બાબતો કરવાની સત્તા.

વિશ્વવિદ્યાલયનાં સત્તામંડળઃ-

અહેવાલના વર્ષ દરમ્યાન ગુજરાત કૃષિ યુનિવર્સિટીઝ અધિનિયમ-૨૦૦૪ ની કલમ ૧૭ ની જોગવાઈઓ અન્વયે નીચેના સત્તામંડળો કાર્યરત હતા.

૧. નિયામક મંડળ

૨. એકેડેમીક કાઉન્સીલ

૩. વિદ્યાશાખાઓ (Faculties) માં નીચેની વિદ્યાશાખાઓનો સમાવેશ થાય છે.

(૧) કૃષિ વિદ્યાશાખા

(૨) કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી વિદ્યાશાખા

(૩) ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી વિદ્યાશાખા

(૪) એગ્રી. ઈન્ફર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા

(૫) ઇન્ટરનેશનલ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઇનસ્ટિટયુટ

(૬) હોર્ટિકલ્ચરલ વિદ્યાશાખા

(૭) અનુસ્નાતક વિદ્યાશાખા

(૧) નિયામક મંડળઃ-

નિયામક મંડળ આ વિશ્વવિદ્યાલયનું ઉચ્ચકક્ષાના નિર્ણયો લેનારઅને સર્વોચ્ચ સત્તાધારી મંડળ છે. ગુજરાત કૃષિ યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૫/૨૦૦૪ના પ્રકરણ-૪ ની કલમ-૧૮ મુજબ આ મંડળમાં કુલપતિશ્રી અધ્યક્ષ તરીકે હોય છે. રાજય સરકારશ્રીના કૃષ, શિક્ષણ અને નાણાં વિભાગના સચિવશ્રીનો અથવા તેઓ મુકકર કરે તેવા તે વિભાગના નાયબ સચિવશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓ, કૃષિ નિયામકશ્રી, ટેકનોલોજી નિયામકશ્રી, બાગાયત નિયામકશ્રી, યુનિવર્સિટી વિદ્યાશાખામાંના ડીનમાંથી કુલપતિશ્રીએ નિયુકત કરેલ એક સભ્ય, હોદ્દાની રૂએ સભ્ય તરીકે હોય છે. રાજય સરકાર દ્વારા નિયુકત થતા ગુજરાત વિધાનસભાના એક સભ્ય, કૃષિ સંશોધન અથવા શિક્ષણની પૂર્વભૂમિકા ધરાવતા બે કૃષિ વૈજ્ઞાનિકો તથા એક ખેડૂત સામાન્ય સભ્ય તરીકે હોય છે. આ ઉપરોકત ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના મહાનિયામકે નામ નિયુકત કરેલ એક પ્રતિનિધિ સામાન્ય સભ્ય તરીકે હોય છે. કલમ-૧૫ મુજબ કુલસચિવશ્રીએ હોદ્દાની રૂએ સચિવ તરીકે ફરજ બજાવવાની રહે છે. નિયામક મંડળ યુનિવર્સિટીનું મુખ્ય વહીવટી સ્વાયત મંડળ છે, જે યુનિવર્સિટીની તમામ નાણાંકીય, વહીવટ અને શૈક્ષણિક બાબતો વિચારીને સમીક્ષા કરે છે. નિયામક મંડળને મહત્વના તેમજ નીતિવિષયો નિર્ણયો લેવામાં કુલપતિશ્રી, વિદ્યાપરિષદ, વિદ્યાશાખાઓ, અભ્યાસ મંડળો (બોર્ડ ઓફ સ્ટડીઝ) અને યુનિવર્સિટીનાં અધિકારીઓ સહાય કરે છે.

(૨) **વિદ્યાપરિષદ (એકેડેમીક કાઉન્સીલ):-**

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૫ ના પ્રકરણ-૪ ની કલમ-૨૧ મુજબ વિદ્યાપરિષદમાં કુલપતિશ્રી અધ્યક્ષ તરીકે હોય છે. જેમાં કુલપતિશ્રી ઉપરાંત સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક અભ્યાસક્રમોના વડા, દરેક વિદ્યાશાખાઓનાં ડીન હોદ્દાની રૂએ સભ્ય હોય છે. આ ઉપરાંત કુલપતિશ્રીએ યુનિવર્સિટીની વિદ્યાશાખાઓનાં વિભાગોના વડા અને યુનિવર્સિટીનાં સંશોધન વૈજ્ઞાનિકમાંથી વારાફરતી છ સભ્યો નિયુકત કરવાનાં હોય છે.

કાઉન્સીલની રચના કરવામાં આવે કે તરત જ કૃષિ અને તેને સંબધિત વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનું પ્રતિનિધિત્વ કરતા દશ કરતા વધુ નહિ તેટલા વ્યકિતઓને તેના વધારાના સભ્યો તરીકે ઠરાવવામાં આવે તેટલી મુદ્દત સુધી, તે કો-ઓપ્ટ કરી શકે. આ વ્યકિતઓ યુનિવર્સિટીના સભ્યો તરીકે, અધ્યાપકો તરીકે અથવા અન્યથા યુનિવર્સિટી સાથે સંકળાયેલા હોય કે ન હોય તેમને નીમવામાં આવે છે. અધિનિયમની કલમ-૧૫ મુજબ કુલસચિવશ્રીએ હોદ્દાની રૂએ સચિવ તરીકે ફરજ બજાવવાની રહે છે.

એકેડેમીક કાઉન્સીલ યુનિવર્સિટીનું મુખ્ય અધિકાર મંડળ છે જેણે યુનિવર્સિટીના અધ્યાપન અને પરીક્ષાઓના ધોરણ જાળવવા અંગે નિયત્રંણ નિયમન કરવાનું રહે છે

3 **વિદ્યાશાખા અભ્યાસ સમિતિઓ:-**

નીચે જણાવેલ અભ્યાસ સમિતિઓ કાર્યરત છે.

(૧) **કૃષિ વિદ્યાશાખા હેઠળ**

(અ) **પાક ઉત્પાદન અભ્યાસ સમિતિ**

(બ) **વનસ્પતિ વિજ્ઞાન અભ્યાસ સમિતિ**

(ક) **વનસ્પતિ સંરક્ષણ અભ્યાસ સમિતિ**

(ડ) **મૂળભૂત અને સમાજ વિજ્ઞાન અભ્યાસ સમિતિ**

(૨) **કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી વિદ્યાશાખા હેઠળ**

(અ) **સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જિનીયરીંગ અભ્યાસ સમિતિ**

(બ) **ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જિનીયરીંગ અભ્યાસ સમિતિ**

(ક) **રીન્યુએબલ એનર્જી અભ્યાસ સમિતિ**

(ડ) **એગ્રીકલ્ચરલ પ્રોસેસીંગ એન્ડ ફૂડ એન્જિનીયરીંગ, ઇરિગેશન એન્ડ ડ્રેનેજ એન્જિ., બેઝિક એન્ડ એપ્લાઇડ સાયન્સીસના વિષયોની અભ્યાસ સમિતિ**

(૩) **ફૂડ ટેકનોલોજી વિદ્યાશાખા હેઠળ**

(અ) **પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજીના વિષયોની અભ્યાસ સમિતિ**

(બ) **ફૂડ સાયન્સ, ન્યુટ્રીશન, ફુડ પ્રોસેસીંગ બિઝનેશ મેનેજમેન્ટના વિષયોની અભ્યાસ સમિતિ**

(ક) **એગ્રીકલ્ચરલ ક્રોપ પ્રોસેસીંગ, હોર્ટીકલ્ચરલ ક્રોપ પ્રોસેસીંગ, લાઈવસ્ટોક એન્ડ એકવાકલ્ચરલ પ્રોડયુસ એન્ડ ફુડ એન્જીનીંગરીંગ ના વિષયોની અભ્યાસ સમિતિ**

(ડ) **બાયો-એનર્જી વિષયોના અભ્યાસ સમિતિ**

(૪) **એગ્રી. ઈન્ફર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખા હેઠળ**

(અ) **એગ્રી. ઇન્ફર્મેશન ટેકનોલોજી વિષયોની અભ્યાસ સમિતિ**

(બ) એગ્રી. સાયન્સ વિષયોની અભ્યાસ સમિતિ

(૫) ઇન્ટરનેશનલ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઇનસ્ટિટયુટ હેઠળ

(અ) એગ્રી બિઝનેશ ઇકોનોમીક એન્ડ પોલીસી

(બ) માર્કેટીંગ મેનેજમેન્ટ

(ક) એચ.આર.ડી એન્ડ પર્સોનલ મેનેજમેન્ટ

(ડ) કોમ્યુનિકેશન આઇ. ટી. એન્ડ પ્રોજેકટ મેનેજમેન્ટ

(૬) હોર્ટિકલ્ચર વિદ્યાશાખામાં બાગાયત વિષયોની અભ્યાસ સમિતિ

પ્રકરણ - ૨

સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

૧. કુલાધિપતિની સત્તાઓઃ-

(૧) ગુજરાત રાજયના માનનીય રાજયપાલશ્રીએ આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ છે.

(૨) તેઓ પદવીદાન સમારંભની અધ્યક્ષતા કરે છે.

(૩) નિયામક મંડળે ઘડેલા સ્ટેચ્યુટસને તેઓશ્રીની મંજુરી મળ્યેથી અમલમાં આવે છે.

(૪) માનદ પદવી એનાયત કરવાની દરખાસ્ત કુલાધિપતિને મંજુરીને આધીન છે.

૨. કુલપતિની સત્તા અને ફરજોઃ-

(૧) કુલપતિ યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અને શૈક્ષણિક અધિકારી ગણાશે અને કુલપતિશ્રીની ગેરહાજરીમાં પદવીદાન સમારંભ અને હોદ્દાની રૂએ નિયામક મંડળના અધ્યક્ષ રહેશે અને તેને આનુસંગીક ફરજો નિભાવશે.

(૨) યુનિવર્સિટીના દરેક ક્ષેત્રની કામગીરી ઉપર નિયંત્રણ રાખી શિસ્તની જાળવણી રાખશે અને તેને જવાબદાર રહેશે.

(૩) નિયામક મંડળની અને એકેડેમીક કાઉન્સીલની બેઠકો બોલાવવાની સત્તા ધરાવે છે અને તે મુજબ કામગીરી કરાવશે.

(૪) અધિનિયમ હેઠળ સ્ટેચ્યુટ અને નિયમોનું યર્થાથ પાલન થાય તે સુનિશ્ચિ કરશે.

(૫) નિયામક મંડળ સમગ્ર યુનિવર્સિટીનો વાર્ષિક વહીવટી અને નાણાંકીય અહેવાલ રજુ કરવા જવાબદાર રહેશે.

(૬) કોઈપણ તાકીદની પરીસ્થિતિમાં યોગ્ય પગલાં લેશે અને નિયામક મંડળને જાણ કરશે.

(૭) યુનિવર્સિટીના અધિકારીઓશ્રી/કર્મચારીઓની નિમણૂંક કરવી, બરતરફ કરવા કે ફરજ મોકુફી કરવાની સત્તા ધરાવે છે.

(૮) યુનિવર્સિટીના વહીવટ માટે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના સમન્વય કરશે.

(૯) નિયામક મંડળના ઠરાવો અને નિર્ણયોનો અમલ કરવાની જવાબદારી નિભાવશે.

(૧૦) આ ઉપરાંત અધિનિયમ હેઠળ કરવામાં આવેલ સત્તાને ફરજો નિભાવશે.

૩. **<u>સંશોધન નિયામકશ્રી અને અનુસ્નાતક વિદ્યાશાખાઓના વડાઃ-</u>**

(૧) જુદા જુદા કેન્દ્રો પેટા કેન્દ્રો ઉપર કૃષિ પત્રકોની સંશોધન કામગીરીનું માર્ગદર્શન સંચાલન દેખરેખ કરશે.

(૨) કૃષિ સંશોધનના જુદા જુદા કેન્દ્રો ઉપર તમામ પ્રકારની તાંત્રિક બાબતો અંગે જરૂરી કાર્યવાહી કરશે.

(૩) આ યુનિવર્સિટીના ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ સંશોધનનો લાભ ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવા અને તેનો લાભ મેળવવાના હેતુ માટે કૃષિ લક્ષી કાર્યક્રમ તૈયાર કરશે.

(૪) ખરીફ અને રવિપાકો માટેની પત્રક યોજનાઓ તૈયાર કરી દવાઓ ખાતરો બિયારણ વગેરે પેટા કેન્દ્રોને પુરા પાડી અખતરાઓની ગોઠવણી કરશે.

(૫) ખેડૂતોની કૃષિ લક્ક્ષી સમસ્યાઓનું નિરાકરણ કરશે.

(૬) સંશોધનને લગતી મીટીંગો, એગ્રેસ્કો વગેરેનું આયોજન અને સંચાલન કરશે.

(૭) પી.જી. અભ્યાસક્રમના ડીન તરીકે અનુસ્નાતકના વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન પુરૂ પાડશે.

(૮) આ ઉપરાંત અધિનિયમ હેઠળ કરવામાં આવેલ સત્તાને ફરજો નિભાવશે.

૪. **<u>વિદ્યાશાખાઓના ડીનઃ-</u>**

(૧) વિદ્યાશાખા અધ્યક્ષ તરીકેની જવાબદારી વહન કરે છે.

(૨) વિદ્યાશાખામાં હાથ ધરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓનું સંચાલન અને નિયંત્રણ કરવું.

(૩) વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યુટ અને વિનિયમોનુ યોગ્ય પાલન થાય તેની તકેદારી રાખશે.

(૪) વિદ્યાર્થીઓની પ્રગતિ અને નોંધણી ઉપર દેખરેખ રાખશે.

(૫) વિદ્યાશાખાની જરૂરિયાતો, નિતિઓ અને ધોરણો બાબતે એકેડેમીક કાઉન્સીલને ભલામણ કરશે.

(૬) સ્નાતક, અનુસ્નાતક અભ્યાસક્રમ, શિક્ષણ અને વિદ્યાર્થીઓને લગતા રેકર્ડ જાળવણી ઉપર દેખરેખ રાખે છે.

(૭) જુદા જુદા સંશોધનોનું આયોજન, સંકલન અને અમલવારીની કામગીરી વિવિધ વિદ્યાશાખાધ્યક્ષના સહયોગથી કરવાની રહે છે.

(૮) સંશોધન, અનુસ્નાતક શિક્ષણના કાર્યક્રમો, મિલ્કત, ફંડ, વહીવટી નાણાંકીય નિયત્રણ અધિકારી તરીકેની ફરજો.

(૯) નાણાંકીય સહાય માટે વિવિધ પુરસ્કૃત સંસ્થાઓ ICAR, DST,State & International Agencies સાથે લાઈઝન અધિકારી તરીકેની ફરજો બજાવે છે.

(૧૦) વિવિધ ફેકલ્ટીની એકેડેમીક બાબતો તથા રીસર્ચને લગતી નિતિઓ કાર્યક્રમો ઘડવા વિગેરેની ફરજો.

(૧૧) ખેડૂત ઉપયોગ સંશોધન પરિણામો પ્રસિધ્ધિ માટે બુલેટિન તથા સાયન્ટીફીક જનરલમાં ખેડૂતો સમજી શકે તેવા તારણો પ્રકાશિત કરવા.

(૧૨) સંશોધન યોજનાઓ અંગે અન્ય સંસ્થાઓના કરાર કરવા.

૫. <u>વિસ્તરણ શિક્ષણ નિયામકઃ-</u>

(૧) જુદા જુદા કેન્દ્રો પેટા કેન્દ્રો ઉપર કૃષિ પત્રકોની વિસ્તરણ સંશોધન કામગીરીનું માર્ગદર્શન સંચાલન દેખરેખ કરશે.

(૨) કૃષિ વિસ્તરણ સંશોધનના જુદા જુદા કેન્દ્રો ઉપર તમામ પ્રકારની તાંત્રિક બાબતો અંગે જરૂરી કાર્યવાહી કરશે.

(૩) આ યુનિવર્સિટીના ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ વિસ્તરણ સંશોધનો લાભ ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવા અને તેનો લાભ મેળવવાના હેતુ માટે કૃષિ લક્ષી કાર્યક્રમ તૈયાર કરશે.

(૪) કૃષિ પત્રકોના વિસ્તરણને લગતી પુસ્તિકા, લેખો છપાવી ખેડૂતોને પહોંચતી કરવા અંગેનું વિસ્તરણ કાર્ય કરશે.

(૫) ખેડૂતોની કૃષિ વિસ્તરણને લગતી સમસ્યાઓનું નિરાકરણ કરશે.

(૬) વિસ્તરણ સંશોધનને લગતી મીટીંગો, એગ્રેસ્કો વગરેનું આયોજન અને સંચાલન કરશે.

(૭) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર હસ્તકની યોજનાનું મોનેટરીંગ કરશે તેમજ નાણાંકીય ઉપલબ્ધતા અંગેનું આયોજન કરશે.

(૮) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર હસ્તકની યોજનાનું ICAR સાથે સંકલન કરશે.

(૯) આ ઉપરાંત અધિનિયમ હેઠળ કરવામાં આવેલ સત્તાને ફરજો નિભાવશે.

૬. <u>કુલસચિવઃ-</u>

(૧) નિયામક મંડળ, એકેડેમીક કાઉન્સીલ, બોર્ડ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ તરીકે ફરજ બજાવે છે.

(૨) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રેકર્ડના અન્ય રેકર્ડ અને કોમન સીલના કસ્ટોડીયન છે.

(૩) વિદ્યાર્થીઓના પ્રવેશ, એનરોલમેન્ટ, પરીક્ષા, પદવીદાનની કામગીરી કરે છે.

(૪) વિદ્યાર્થીઓના ડીગ્રી, ડિપ્લામા, માર્કશીટ, ટ્રાન્સક્રીપ્ટ, પ્રોવિઝન સર્ટિફિકેટ અને અન્ય સર્ટિફિકેટ ઈશ્યુ કરે છે. અને તેનો રેકર્ડ રાખે છે.

(૫) વહીવટી બાબતો અને કર્મચારીની સેવાકીય બાબતો અને પસંદગી સમિતિ અંગેનો પત્ર વ્યવહાર કરે છે.

(૬) તમામ અભ્યાસક્રમ અને કરીકયુલમનો રેકર્ડ રાખે છે.

(૭) ડીન સાથે સંકલનમાં રહી પરીક્ષાનું આયોજન કરે છે.

(૮) યુનિવર્સિટીના મહેકમને લગતી કામગીરી અને ખાતાકીય તપાસને લગતી આનુસાંગિક કામગીરી કરે છે.

૭. <u>હિસાબ નિયામકઃ-</u>

(૧) યુનિવર્સિટીની નાણાંકીય જરૂરીયાનો મુજબ બજેટ તૈયાર કરી જુદી જુદી યોજનાઓ માટે નાણાંની ફાળવણી કરવી, સંશોધનના હેતુઓ માટે કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર અને જુદી જુદી એજન્સીઓ તરફથી આવેલ રકમ/ગ્રાન્ટ ફાળવણી કરવી, બાંધકામના હેતુઓ માટે બાંધકામ શાખા તરફથી મળેલ એસ્ટીમેન્ટ મુજબ ગ્રાન્ટ મેળવી ફાળવણી કરવી, માસિક ખર્ચ પત્રક તેમજ આવક મુજબ ખર્ચનું વર્ગીકરણ કરવું અને નાણાંકીય બાબતોનું સંકલન કરવું અને યુનિવર્સિટીનાં નાણાંકીય વ્યવહારનો વિનિમય કરવો.

૮. **ગ્રંથપાલઃ-**

(૧) યુનિવર્સિટીની લાઈબ્રેરીનું સંચાલન કરવું, કૃષિ વિષયક પુસ્તકોની ખરીદી કરી, જાળવણી કરવી અને વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને માંગણી મુજબ ફાળવવા, પુસ્તકો, સામયિકો વગેરેની લવાજમ કામગીરી અને પત્ર વ્યવહાર, પુસ્તકોનો કેટલોગ તૈયાર કરવા વગેરે.

(૨) આ ઉપરાંત અધિનિયમ હેઠળ કરવામાં આવેલ સત્તાને ફરજો નિભાવશે.

૯. **કાર્યપાલક ઈજનેરઃ-**

(૧) યુનિવર્સિટીની માલ-મિલ્કત, બિલ્ડીંગ, મકાનોની નિભાવણી અને જાળવણી.

(૨) સિવિલ બાંધકામો, પ્લાન એસ્ટીમેન્ટ તૈયાર કરવાની કામગીરી.

(૩) ગેસ્ટ હાઉસ, શોપીંગ સેન્ટરના મકાનોના કરાર અને નિભાવણી અને જાળવણી.

(૪) લેબોરેટરી બિલ્ડીંગ, રોડ, વસાહતના મકાનો, વાહનો નિભાવણી, જાળવણી તથા તે અંગેની કામગીરી.

(૫) યુનિવર્સિટીની સ્થાયી, અસ્થાયી મિલ્કતોની જાળવણી.

(૬) યુનિવર્સિટીની જમીનની સાચવણી અને કામગીરી.

(૭) વાર્ષિક કન્સ્ટ્રકશનના પ્લાન એસ્ટીમેન્ટ, બજેટ, ડિઝાઈનની કામગીરી.

૧૦. **નિયામકશ્રી વિદ્યાર્થી પ્રવૃત્તિઓઃ-**

(૧) વિધાશાખાધ્યક્ષ અને નિયામક અને સહ વિધાશાખાધ્યક્ષ સાથે વિદ્યાર્થીઓના રહેઠાણની વ્યવસ્થા માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી.

(૨) વિદ્યાર્થીઓના વિકાસ / માર્ગદર્શન માટેના વિવિધ કાર્યક્રમો હાથ ધરવા. વિવિધ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવતા સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ આરોગ્ય, રમત-ગમત પ્રવૃત્તિઓ, છાત્રાલયની વ્યવસ્થા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી કક્ષા, રાજય કક્ષાની વિદ્યાર્થીની રમત-ગમતની હરીફાઈઓ, સાંસ્કૃતિક હરીફાઈઓ અને વિદ્યાર્થીઓમાં શિસ્ત અને નૈતૃત્વની ભાવના કેળવવાનાં તેમજ આંતરીક ગુણો વિકસાવા વિદ્યાર્થીઓમાં સર્વલક્ષી વિકાસના સતત કાર્યરતના ગુણો વિકાસ થાય તે જોવાની કાર્યો અને ફરજો.

(૩) કુલપતિશ્રીની દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓને નોકરીની તકો તથા યોગ્ય નોકરી મળે તેવી વ્યવસ્થાની ગોઠવણી કરવી.

(૪) વિદ્યાર્થીઓની વિવિધ ઈતર પ્રવૃત્તિઓના સંચાલનની વ્યવસ્થા કરવી તથા વિદ્યાર્થીઓના કલ્યાણની પ્રવૃત્તિઓનું સંચાલન કરવું.

(૫) ભૂતપુર્વ વિદ્યાર્થીઓના મંડળોને સાથે સંપર્કમાં રહી યોગ્ય વિકાસના કાર્યો કરવા.

(૬) વિધાશાખાધ્યક્ષ અને નિયામક અને સહ વિધાશાખાધ્યક્ષ સાથે વિદ્યાર્થી તથા તેમના વાલી સાથે સંપર્ક જીવંત રાખવો.

(૭) વિદ્યાર્થીની પર્સનાલીટી તથા સંપર્ક ક્ષમતા વધારાવી (કોમ્યુનીકેશન સ્કીલ્ડ), સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યોગ્ય માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થાની ગોઠવણ કરવી.

(૮) સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ સાથે દેખરેખ હેઠળ વિદ્યાર્થીમાં શિસ્તનું ચુસ્ત પાલન થાય તેની દેખરેખ રાખવી.

(૯) કુલસચિવશ્રી સાથે પરામર્શ કરી પસંદગી પામેલ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક તથા ઈનામ વિતરણની કામગીરી સંભાળવી.

(૧૦) વિદ્યાર્થીઓની શારીરિક સુખાકારી જળવાય તે માટે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રની કામગીરીની દેખરેખ રાખવી.

(૧૧) કુલપતિશ્રીની આજ્ઞાનુસાર અન્ય કામગીરી વખતોવખત સોંપાય તે સંભાળવી.

૧૧. <u>નિયામકશ્રી ઈન્ફર્મેશન ટેકનોલોજીઃ-</u>

(૧) રાજય સરકારશ્રી સાથે આઈ.ટી. બાબતે યોગ્ય સલાહ સૂચનની ફરજો તેમજ તમામ કોલેજો, વિભાગો અને કેન્દ્રોને આઈ.ટી. બાબતે યોગ્ય સલાહ સૂચન કરવા.

(૨) શિક્ષકો, વૈજ્ઞાનિકો તેમજ વિદ્યાર્થીઓ આઈ.ટી. ક્ષેત્રે યોગ્ય માર્ગદર્શન આપવાની ફરજો અને યુનિવર્સિટી સ્ટાફ, વિદ્યાર્થીઓ, રાજય-કેન્દ્ર સરકારના કર્મચારીઓને ઈ-લાઈબ્રેરીની અદ્યતન ટેકનોલોજીથી વાકેફ કરવા.

(૩) રાજયની ઈન્ફર્મેશન ટેકનોલોજીને લગતા નેટવર્ક ફેસેલીટીને લગતા સાધન સામગ્રીની ખરીદી અને તેના આયોજન અંગે સલાહ/સૂચન આપવા.

(૪) ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઈટ અદ્યતન કરવી અને ખેડૂતો, વૈજ્ઞાનિકો અને તજજ્ઞોને આયોજન અંગે સલાહ/સૂચન આપવા અને ઈન્ટરનેટ કો-ઓર્ડિનેટર અને વેબ માસ્ટર તરીકેની ફરજો બજાવવી.

(૫) ICAR અને કેન્દ્ર / રાજય સરકાર સાથે ઈન્ફર્મેશન ટેકનોલોજી સેવાઓના સંકલનની કામગીરી કરવી.

(૬) કુલપતિશ્રીની આજ્ઞાનુસાર અન્ય કામગીરી વખતોવખત સોંપાય તે સંભાળવી.

<u>સંસ્થાના ઓર્ગેનાઈઝેશનલ ચાર્ટ, અધિકાર મંડળ અને સમિતિઓનો ચાર્ટ અને ચેનલની વિગતો સામેલ છે. (પરિશિષ્ટ-૧ અને ૨).</u>

<u>કર્મચારીઓની ફરજોઃ-</u>

આ યુનિવર્સિટીનાં કર્મચારીઓ માટે પોતાના કાર્યક્ષેત્રમાં આવતાં કાર્યો માટે કોઈ સત્તા નકકી કરવામાં આવેલ નથી. પરંતુ કર્મચારીને સોંપવામાં આવેલ કામગીરીમાં અન્ય કચેરી કે જાહેર એકમો અને જનતા દ્વારા કોઈ પ્રશ્નો કે રજુઆત આવે ત્યારે તેનું નિયમોની સાથે સંકલન કરી સુસંગત કાર્યવાહી કરી ફાઈલ કે પત્ર વ્યવહાર તેમના સુપરવાઈઝરી સ્ટાફ મારફતે મર્યાદામાં અધિકારીને રજુ કરવાની ફરજ નિભાવે છે અને યુનિવર્સિટીનો વહીવટ સરળ, નિયમસર અને ઝડપી થાય તેની તકેદારી સાથે પુર્ણ ફરજ નિભાવે છે.

<u>કચેરીનો સમય નીચે મુજબ છેઃ-</u>

(૧)	વહીવટી કર્મચારીઓ માટે	: સવારે ૧૦-૦૦ થી સાંજના ૫-૪૦
	રિસેષ નો સમય	: બપોરે ૦૧-૦૦ થી ૦૧-૩૦
(૨)	તાંત્રિક કર્મચારીઓ(ફાર્મ) માટે	: સવારે ૮-૦૦ થી સાંજના ૬-૦૦
	રિસેષ નો સમય	: બપોરે ૧૨-૦૦ થી ૦૨-૦૦
(૩)	શૈક્ષણિક કર્મચારીઓ માટે	: સવારે ૯-૦૦ થી સાંજના ૫-૪૦
	રિસેષનો સમય	: બપોરે ૧૨-૩૦ થી ૨-૦૦

પ્રકરણ - 3

સંસ્થામાં કામકાજ અને નિર્ણય પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ (તેમાં દેખરેખને જવાબદારીઓ માટેની ચેનલોની બાબતનો સમાવેશ થવો જરૂરી છે)

આણંદ કૃષિ યુનિવર્સિટીની રચના ગુજરાત અધિનિયમ નં. ૫ , ૨૦૦૪ હેઠળ કરવામાં આવેલી છે. આ અધિનિયમની જોગવાઈઓ મુજબ યુનિવર્સિટી પ્રગતિ અને વિકાસને લગતી સામાન્ય નિતિ વિષયક બાબતોની વિચારણા કરવા માટે નિયામક મંડળ, યુનિવર્સિટીના અધ્યાપન અને પરીક્ષાના ધોરણો જાળવવા અને તે અંગેના નિયંત્રણો અને નિયમન માટે એકેડેમીક કાઉન્સીલ, વિદ્યાશાખાઓ અને અભ્યાસ બોર્ડની જોગવાઈ કરવામાં આવેલી છે. આ અધિકાર મંડળો અધિનિયમમાં દર્શાવવામાં આવેલ કાર્ય અને ફરજો અને સત્તાઓ મુજબ કામકાજ કરે છે અને નીતિ વિષયક નિર્ણયો કરે છે.

નિયામક મંડળની અને અન્ય અધિકાર મંડળની બેઠકો નિયમિત રીતે બોલાવી શકાય અને તેના કામકાજનું સુયોગ્ય નિયમન થાય તે માટે સ્ટેચ્યુટની જોગવાઈ કરવામાં આવેલી છે. યુનિવર્સિટીએ હાલમાં વિર્સજીત ગુજરાત કૃષિ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ અપનાવેલ છે.

એકેડેમીક કાઉન્સીલ દ્વારા વિવિધ અભ્યાસક્રમો અને પદવીઓ માટેના અને પરીક્ષા માટેના વિનિયમો ઘડેલ છે. અધિનિયમની જોગવાઈ મુજબ યુનિવર્સિટીમા નીચેના અધિકારીઓ નિયામક મંડળ, એકેડેમીક કાઉન્સીલ અને અન્ય અધિકાર મંડળો દ્વારા અને સ્ટેચ્યુટ દ્વારા નિયત થયેલી પધ્ધિતઓ, નિયમો અને વિનિયમો મુજબ કામકાજ કરે છે.

૧. કુલપતિશ્રી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક અભ્યાસક્રમના વડાશ્રી
૩. વિદ્યાશાખાઓના ડીન
૪. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી
૫. કુલસચિવશ્રી
૬. હિસાબ નિયામકશ્રી
૭. કાર્યપાલક ઈજનેરશ્રી
૮. ગંથપાલશ્રી
૯. નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ
૧૦. નિયામકશ્રી, આઈ. ટી.

આ અધિકારીઓ યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અને વિદ્યાકીય અધિકારી (Chief Executive and Academic officer) તરીકે નિમાયેલ કુલપતિશ્રીને જવાબદાર હોય છે અને તેઓ કુલપતિશ્રીને નિર્ણયો લેવામાં સહાય કરે છે.

આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા વિવિધ સમિતીઓની રચના કરવામા આવેલી છે આ સમિતીઓ કુલપતિશ્રીને નિર્ણય લેવામાં સહાય કરે છે. નિયામક મંડળએ વિવિધ સત્તાઓ કુલપતિશ્રી અને અધિકારીઓ ડેલીગેટ કરેલ છે તે મુજબ યુનિવર્સિટી કાર્યપધ્ધતિ અનુસરે છે.

ખરીદી અને બાંધકામની બાબતમાં યુનિવર્સિટી રાજય સરકારે નિયત કરેલ પધ્ધતિ અનુસરે છે. યુનિવર્સિટીના સત્તા મંડળો અને સમિતિઓ અંગેનો ચાર્ટ આ સાથે સામેલ છે. (પરિશિષ્ટ - ૧ અને ૨)

શિક્ષણની કામગીરીઃ-

આ યુનિવર્સિટીની સાત કોલેજોઃ (૧) બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ (૨) કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ગોધરા (૩) ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી મહાવિદ્યાલય, આણંદ (૪) એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મહાવિદ્યાલય, આણંદ (૫) કૃષિ મહાવિદ્યાલય, જબુગામ (૬) કૃષિ મહાવિદ્યાલય વસો (૭) હોર્ટિકલ્ચરલ મહાવિદ્યાલય, આણંદ ખાતે સ્નાતક/અનુસ્નાતક (પીએચ.ડી.) સહિત અભ્યાસક્રમો ચાલે છે. જેનું નિયંત્રણ જેતે વિદ્યાશાખાના ડીન કરે છે અને વિદ્યાશાખાના ડીન અનુસ્નાતક અભ્યાક્રમોનું સંચાલન કરે છે. તે અંગેની ચેનલમાં પ્રવેશ, પરીક્ષા, પદવીદાન સમારંભ, વિદ્યાર્થીઓની માર્કશીટ વિગેરેની કામગીરી કુલસચિવ વિભાગની કચેરી કરે છે.

આ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ઉપર જણાવેલ અધિકાર મંડળો / પરિષદો / સમિતિઓમાં ચર્ચા કરી નિર્ણય લેવામાં આવે છે.

સંશોધનની કામગીરીઃ-

સંશોધન અંગે તૈયાર કરેલ યોજનાઓ / કાર્યક્રમ તથા અનુદાન માટે મળેલ દરખાસ્તોને લાગતી વળગતી સંશોધન બેઠકોમાં રજુ કરીને અને ત્યારબાદ સંશોધન પરિષદમાં નીતીઓ / કાર્યક્રમો ઘડવા માટે રજુ કરવામાં આવે છે. આ સંશોધન પરિષદે લીધેલ નિર્ણય ભલામણો અંતિમ માન્યતા માટે કુલપતિશ્રી મારફતે યુનિવર્સિટી નિયામક મંડળમાં રજુ કરવામાં આવે છે.સંશોધન પેટા કેન્દ્રો હસ્તક કામગીરીની દેખરેખ અને જવાબદારી કેન્દ્રના વડા કરે છે. અને સંશોધન કેન્દ્ર હસ્તકની કામગીરીની દેખરેખ અને જવાબદારી સંશોધન નિયામક કરે છે.

વિસ્તરણ શિક્ષણની કામગીરીઃ-

વિસ્તરણ શિક્ષણની કામગીરી માટે વિસ્તરણ શિક્ષણ નિયામક જવાબદાર છે. તેઓ કુલપતિશ્રીને વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓ માટે નિર્ણય લેવામાં સહાય કરે છે. નિતિ વિષયક બાબતો માટે વિસ્તરણ શિક્ષણ પરિષદ અસ્તિત્વમાં છે. વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો હસ્તકની કામગીરી વિસ્તરણ શિક્ષણ નિયામક કરે છે.

વહીવટ અને શૈક્ષણિક કામગીરીઃ-

શૈક્ષણિક કામગીરી ઉપરાંત શૈક્ષિણક વહીવટની કામગીરી કુલસચિવશ્રી દ્વારા કરવામાં આવે છે.તેઓ કુલપતિશ્રીને વહીવટી બાબતોના નિર્ણયો લેવામાં સહાય કરે છે. ફેકલ્ટી વાઈઝ યુ.જી પીજી. ના અભ્યાસક્રમો સેમેસ્ટર મુજબના અભ્યાસક્રમ, પરીક્ષા, પરિણામો , માર્કશીટની કામગીરી કરે છે.

નાણાં અને હિસાબી કામગીરીઃ-

નાણાં અને હિસાબી કામગીરી હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી દ્વારા કરવામાં આવે છે. આ કામગીરી રાજય સરકારશ્રીએ નિયત કરેલ બજેટ નાણાં અને ટ્રેઝરીના નિયમો અનુસાર કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા ઓડિટ, પી.એફ., ખર્ચ પર નિયંત્રણની જવાબદારી પણ છે. જે અંગેના કાર્ય પધ્ધતિ સરકારશ્રીએ નિયત કરેલ કાર્ય પધ્ધતિ મુજબ અમલ કરે છે. નાણાં વિભાગ દ્વારા કેન્દ્રો અને પેટા કેન્દ્રો દ્વારા બનાવેલ બજેટ નાણાંકીય સંચાલન ગ્રાન્ટની ફાળવણી અને પગારભથ્થાનું સંચાલન કરે છે.

પ્રકરણ - ૪

સંસ્થાનાં કાર્યો કરવા માટેના નિયત કરેલાં ધોરણો

આણંદ કૃષિ યુનિવર્સિટી કાયદા દ્વારા અસ્તિમાં આવેલ સંસ્થા છે અને સરકારશ્રીના મૂળભૂત નીતી નિયમો મુજબ રાજયના ખેતી અને ખેડુતોના ઉત્કર્ષ માટેના ઉપયોગી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણને લગતી કામગીરી કરે છે. આ ઉપરાંત સંસ્થાના સંચાલન અને વિકાસ માટે વહીવટી તેમજ નાણાંકીય કાર્યક્રમ વિનિયમ માટે કામગીરી પણ હાથ ધરે છે. સરકારશ્રીના નિયત કરેલ ધારા ધોરણ મુજબ કાર્યો માટે નીચે મુજબ અમલવારી કરવામાં આવે છે.

(૧) તાંત્રિક કામગીરી તેમજ સંશોધનની કામગીરી માટે સંશોધન નિયામકશ્રી.

(૨) શૈક્ષણિક કામગીરી માટે આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકો.

(૩) પ્રવેશ, પરીક્ષા અને વહીવટી કામગીરી માટે રજીસ્ટ્રારશ્રીને ફરજો સોંપવામાં આવેલ છે.

(૪) નાણાંકીય જવાબદારી હિસાબ નિયામકશ્રી હસ્તક છે.

ઉપરાંત નવી ફેકલ્ટી, નવા અભ્યાસક્રમો, યુ.જી. પી.જી. કાર્યક્રમો શરૂ કરવા માટે જરૂર પડે એકેડેમીક કાઉન્સીલ તથા યુનિવર્સિટીના નિયામક મંડળની મંજુરી લેવામાં આવે છે. ઉપરોકત તમામ કામગીરીનું સંકલન અને નિયંત્રણ કુલપતિશ્રી હસ્તક છે. તમામ બાબતોના મુખ્ય નિર્ણયકર્તા કુલપતિશ્રી છે. સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ નિયમોને આધિન રહી યુનિવર્સિટીઓના અધિકારીઓ કાર્યો કરે છે. ખાસ કરીને ખેડુતલક્ષી અને ખેડુત ઉપયોગી કાર્યક્રમોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે.

શૈક્ષણિક પ્રવેશ પાત્રતા અને ધોરણોઃ-

આ વિશ્વવિદ્યાલયમાં શિક્ષણની સંકલ્પના ધ્વિસ્તરીય પધ્ધતિ ઉપર આધારિત છે. પ્રથમ સંકલ્પનામાં ઉચ્ચકક્ષાનું શિક્ષણ કે જેમાં કૃષિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઇન્ટરનેશનલ એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ ઇનસ્ટિટયુટ તથા હોર્ટિકલ્ચરલને આવરી લઈ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના નિવાસી ઉચ્ચ શિક્ષણના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જયારે બીજી સંકલ્પનામાં કૃષિ શાળાઓ તેમજ વિસ્તરણ શિક્ષણ તાલીમ કેન્દ્રો ખાતે આપવામાં આવતાં નિમ્નસ્તરીય અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. ઉચ્ચસ્તરીય શિક્ષણના અભ્યાસક્રમો કુલસચિવ અને નિમ્નસ્તરીય શિક્ષણના અભ્યાસક્રમો વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની સીધી દેખરેખ હેઠળ ચાલે છે.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોઃ

આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે સ્નાતક કક્ષના અભ્યાસક્રમોમાં ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષમાં મુખ્ય વિષય અંગ્રેજી ઉપરાંત ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના વિષયોમાં મેળવેલ ટકાવારીના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે ૭ ટકા અનુસૂચિત જાતિ, ૧૫ ટકા અનુસૂચિત જનજાતિ, ૧૦% EWS અને ૨૭ ટકા બક્ષીપંચ અને માંડલપંચ હેઠળ આવતી સામાજીક અને શૈક્ષણિક રીતે

પછાત જાતિઓ માટે તથા કેન્દ્રીય વિદ્યાલયના ગુજરાત રાજયમાંથી ઉતિર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રોરેટા મુજબ પ્રવેશ અપાય છે.

સ્નાતક કક્ષમાં ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ માટે, ભારત સરકાર તરફથી લેવામાં આવતી ઓલ ઈન્ડીયા એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરેલ અન્ય રાજયોના નિયુકત કરેલ ઉમેદવારો માટે ૧૫% જગ્યાઓ અનામત રાખવામાં આવે છે.

તેમજ ઉચ્ચતમ ન્યાયાલયના આદેશો અન્વયે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ પ્રત્યેક અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૦૩ થી ૫% જગ્યાઓ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવે છે.

<u>અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોઃ-</u>

ગુજરાત કૃષિ વિશ્વવિદ્યાલયનાં કેન્દ્રો ખાતે આવેલ સ્નાતક મહાવિદ્યાલયોના શિક્ષકોની મદદ લઈ તેમજ અહીં ચાલતી સંશોધન યોજનાઓનાં અંગભૂત એકમ તરીકે અનુસ્નાતક શિક્ષણને ગણવામાં આવતું હોઈ, તેને માટે કોઈ અલગ અનુસ્નાતક મહાવિદ્યાલય કે વિભાગની વ્યવસ્થા કરવામાં આવેલ નથી.

<u>પ્રવેશ પધ્ધતિઃ-</u>

(અ) અનુસ્નાતક કક્ષાના પદવી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે સ્નાતક કક્ષાની પદવીમાં ૧૦ પોઈન્ટ પધ્ધતિમાં કુલ ગુણમાંથી તેમજ સંબંધિત વિષયમાં ઓછામાં ઓછા ૬.૦૦ O.G.P.A. અથવા સમકક્ષ ગુણ મેળવેલ હોવા આવશ્યક છે.

(બ) ઉમેદવારે અનુસ્નાતક કક્ષાના પીએચ.ડી. પદવી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ૧૦ પોઈન્ટ પધ્ધતિમાં ૬.૫૦ O.G.P.A. અથવા તેની સમકક્ષ ગુણ સાથે અનુસ્નાતક પદવી મેળવેલ હોવી જોઈએ.

(ક) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને માસ્ટર ડીગ્રી / પીએચ.ડી. માં પ્રવેશ માટે ૫ ટકાની છૂટછાટ આપવામાં આવે છે.

અન્ય રાજયોના વિદ્યાર્થીઓ, આઈ.સી.એ.આર., ભારત સરકારના નિયુકત કરેલ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના, ગુજરાત સરકાર દ્વારા નિયુકત કરેલ વિદ્યાર્થીઓ તેમજ બેઝીક સાયન્સની ડીગ્રીવાળા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે અનામત સીટો રાખવામાં આવેલ છે.

<u>પોલિટેકનીક કક્ષાના અભ્યાસક્રમોઃ-</u>

પોલિટેકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે SSC (ધોરણ-૧૦)ની પરિક્ષામાં (૧) ગુજરાતી/પ્રાદેશિક ભાષા (૨) ગણિત (૩) વિજ્ઞાન અને ટેકનોલોજી (૪) સામાજિક વિજ્ઞાન/ સમાજ વિદ્યા (૫) અંગ્રેજી વિષયના ગુણના ઓછામાં ઓછા નીચે દર્શાવેલ ટેબલ મુજબ ટકા મેળવેલ હોવા જોઇએ.

ક્રમ નં.	વિગત	પાંચ વિષયના ટકા
૧.	અનુસુચિત જાતિના ઉમેદવારો માટે	33%
૨.	અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે	33%
૩.	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત/આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો	૪૦%

	માટે	
૪.	અન્ય ઉમેદવારો માટે	૪૦%

પ્રવેશ ક્ષમતા, અભ્યાસક્રમનો સમયગાળો અને કોલેજની વિગત નીચે મુજબ છે.

<u>સ્નાતક કક્ષના અભ્યાસક્રમોઃ-</u>

અ. નં.	**સ્નાતક અભ્યાસક્રમ અને તેનો સમયગાળો**	**અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે તેમહાવિદ્યાલયનું નામ**	**પ્રવેશ ક્ષમતા**
૧.	બી.એસસી (એગ્રી.) ૪ વર્ષ (આઠ સત્રમાં વિભાજીત)	બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ	૧૬૦
		કૃષિ મહાવિદ્યાલય, વસો	૭૩
		કૃષિ મહાવિદ્યાલય, જબુગામ	૬૭
૨.	બી.ટેક. (ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી) ૪ વર્ષ (આઠ સત્રમાં વિભાજીત)	ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી મહાવિધાલય, આણંદ	૭૨
૩.	બી.ટેક.(એગ્રી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી) ૪ વર્ષ (આઠ સત્રમાં વિભાજીત)	એગ્રી. ઈન્ફોર્મેશન ટેકનોલોજી મહાવિધાલય, આણંદ	૬૬
૪.	બી.ટેક. (એગ્રી.એન્જી.) ૪ વર્ષ (આઠ સત્રમાં વિભાજીત)	કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ આ.કૃ.યુ.,ગોધરા	૭૨
૫.	બી.એસ.સી. (હોર્ટીકલ્ચર) ૪ વર્ષ (આઠ સત્રમાં વિભાજીત)	બગાયત મહાવિધાલય, આણંદ	૭૭

અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોઃ-

અ.નં.	**અભ્યાસક્રમનું નામ**		**અભ્યાસક્રમનો સમયગાળો**	**પ્રવેશ ક્ષમતા**
૧.	કૃષિ	માસ્ટર	બે વર્ષ (ચાર સત્રમાં વિભાજીત)	૧૨૮
		ડોકટરેટ	ત્રણ વર્ષ (છ સત્રમાં વિભાજીત)	૪૬
૨.	બાગાયત	માસ્ટર	બે વર્ષ (ચાર સત્રમાં વિભાજીત)	૧૦
		ડોકટરેટ	ત્રણ વર્ષ (છ સત્રમાં વિભાજીત)	૩
૩.	ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી	માસ્ટર	બે વર્ષ (ચાર સત્રમાં વિભાજીત)	૨૧
		ડોકટરેટ	ત્રણ વર્ષ (છ સત્રમાં વિભાજીત)	૧૦
૪.	કૃષિ ઇજનેરી	માસ્ટર	બે વર્ષ (ચાર સત્રમાં વિભાજીત)	૧૭
		ડોકટરેટ	ત્રણ વર્ષ (છ સત્રમાં વિભાજીત)	૩
૬.	એમબીએ	માસ્ટર	બે વર્ષ (ચાર સત્રમાં વિભાજીત)	૪૫
		ડોકટરેટ	ત્રણ વર્ષ (છ સત્રમાં વિભાજીત)	૫
૭.	એ.આઇ.ટી.	માસ્ટર	બે વર્ષ (ચાર સત્રમાં વિભાજીત)	૬

પોલિટેકનીક કક્ષાના અભ્યાસક્રમોઃ-

અ.નં.	પોલિટેકનીક	અભ્યાસક્રમનું નામ	અભ્યાસક્રમનો સમયગાળો	પ્રવેશ ક્ષમતા
૧.	પોલિટેકનીક એગ્રી., આણંદ	ડિપ્લોમા એગ્રી.	૩ વર્ષ	૪૪
૨.	પોલિટેકનીક એગ્રી.,વસો	ડિપ્લોમા એગ્રી.	૩ વર્ષ	૪૪
૩.	પોલિટેકનીક એગ્રી. ઈજનેરી , દાહોદ	ડિપ્લોમા એગ્રી. ઈજનેરી	૩ વર્ષ	૪૪
૪.	પોલિટેકનીક ફુડ સાયન્સ અને હોમ ઈકોનોમીક ,આણંદ	ડિપ્લોમા ફુડ ટેકનોલોજી	૩ વર્ષ	૪૪
૫.	પોલિટેકનીક હોર્ટીકલ્ચર,વડોદરા	ડિપ્લોમા હોર્ટીકલ્ચર	૩ વર્ષ	૪૪

પ્રકરણ - ૫

સંસ્થાના કાર્યો કરવા માટે સંસ્થા દ્વારા ઘડાયેલા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કર્મચારીઓની નોકરી અને સેવાકીય બાબતોનું નિયમન કરવા જાહેરનામા નં. AAU/REG/LEGAL/188-94/2013, Date:24/25-06-2013 થી કોમન સ્ટેચ્યુટ નં. એસ-૦૦૧ થી એસ-૧૨૧ રાજય કૃષિ યુનિવર્સિટી માટે લાગુ પાડવામાં આવેલ છે. જે નીચે મુજબ છે. અને યુનિવર્સિટીની વેબ સાઈટ www.aau.in પર મુકેલ છે.

STATUTES NO. S. 001 TO S.114	1. Authorities 2. Officers 3. Committees 4. Conferment of Degrees, etc., 5. TA to Non-Official Members 6. Affiliation of Colleges 7. Other Provisions
STATUTES NO. S.115	State Agricultural Universities Services of Gujarat (Recruitment & Career Advancement Schemes (CAS) of Teachers) Rules, 2011
STATUTES NO. S. 116	State Agricultural Universities Services of Gujarat (Recruitment of Non-Teaching Employees) Rules, 2011
STATUTES NO. S. 117	State Agricultural Universities Services of Gujarat (Conduct) Rules, 2011
STATUTES NO. S. 118	State Agricultural Universities Services of Gujarat (Discipline and Appeal) Rules, 2011
STATUTES NO. S. 119	State Agricultural Universities Services of Gujarat (General) Rules, 2011
STATUTES NO. S. 120	State Agricultural Universities Services of Gujarat (Leave Travel Concession) Rules, 2011
STATUTES NO. S. 121	State Agricultural Universities Services of Gujarat (Delegation of Powers) Rules, 2011

(૨) આણંદ કૃષિ યુનિવર્સિટી જેના દ્વારા અસ્તિત્વમાં આવેલ છે. તે "ગુજરાત એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીઝ એકટ, ૨૦૦૪" (અધિનિયમન નં. ૫ / ૨૦૦૪) યુનિવર્સિટીની વેબ સાઈટ www.aau.in પર ઉપલબ્ધ છે.

(૩) યુનિવર્સિટીએ પદવીદાન અંગેના ધારા બનાવેલા છે. જેને રાજયપાલશ્રીએ મંજુરી આપેલ છે. જે સ્ટેચ્યુટ સામેલ છે. યુનિવર્સિટીની વેબ સાઈટ www.aau.in પર ઉપલબ્ધ છે.

(૪) યુનિવર્સિટી દ્વારા સ્નાતક / અનુસ્નાતક અભ્યાસક્રમો અંગેના વિનિયમો બનાવવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(અ) કૃષિ સંલગ્ન સ્નાતક અભ્યાસ વિદ્યાશાખાના વિનિયમો **(પરિશિષ્ટ-૩).**

(બ) પોલીટેકનીક(કૃષિ/બાગાયત/કૃષિ ઈકોનોમીકસ/કૃષિ ઈજનેરી/ફુડ ઇકોનોમિક/હોમસાયન્સ) વિદ્યાશાખાના વિનિયમો **(પરિશિષ્ટ-૪).**

(ક) અનુસ્નાતક અભ્યાસ વિદ્યાશાખાના વિનિયમો **(પરિશિષ્ટ-૫).**

પ્રકરણ - ૬

સંસ્થા પાસેના દસ્તાવેજોના પ્રકારનું પત્રક

આણંદ કૃષિ યુનિવર્સિટીની નીચે જણાવેલ દસ્તાવેજોની સાચવણી કરે છે.

(૧) યુનિવર્સિટીને રાજય સરકાર દ્વારા તબદીલ કરેલ જમીનો, મીલકતો, અસ્કયામતોના દસ્તાવેજો અને રજીસ્ટરો.

(૨) વિદ્યાર્થીઓના વિદ્યાકીય રેકર્ડ.

(૩) કર્મચારીઓના સેવાકીય રેકર્ડ.

(૪) આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ કરારો / મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ અંગેના રેકર્ડ.

(૫) રાજય સરકારના યુનિવર્સિટીને સંબધિત ઠરાવો, યુનિવર્સિટીના જાહેરનામા અને પરિપત્રોનો રેકર્ડ.

(૬) સંશોધન અંગેનો રેકર્ડ.

(૭) જુદા જુદા અધિકાર મંડળોની કાર્યવાહીની નોંધ.

પ્રકરણ - ૭

સંસ્થાની નીતિ ઘડવા અંગેના અથવા તેમના વહીવટ અંગેના જાહેર જનતા સાથેના પરામર્શ અથવા પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગતો.

યુનિવર્સિટીના નિયામક મંડળમાં હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સામાન્ય સભ્યોની નિયુકિત રાજય સરકાર કરે છે. જેમાં એક વિધાન સભાનાં સભ્ય, બે કૃષિ વૈજ્ઞાનિકો અને એક ખેડૂત સભ્ય જાહેર જનતાનું પ્રતિનિધિત્વ કરે છે. તેજ રીતે સંશોધન પરિષદ અને વિસ્તરણ શિક્ષણ પરિષદમાં ખેડૂતોનું પ્રતિનિધિત્વ રાખવામાં આવેલ છે.

પ્રકરણ - ૮

સંસ્થાની વિવિધ સમિતિઓ અને તેમના ભાગ તરીકે અથવા તેની સલાહના ઉદ્દેશથી બે થી વધુ સભ્યોનાં બનેલાં એકમોની બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે કે કેમ અને આવી બેઠકોની કાર્યવાહી નોંધ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે કે કેમ, તે અંગેનું પત્રક.

નિયામક મંડળ, એકેડેમીક કાઉન્સીલ વગેરે પ્રકરણ નં. ૩ માં દર્શાવેલ અધિકાર મંડળોની બેઠકોની કાર્યવાહીની નોંધ જાહેર જનતા માટે ઉપલબ્ધ હોય છે.

પ્રકરણ - ૯

સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની નિર્દેશિકા.

સંસ્થાના અધિકારીઓ, નિયામક મંડળ, એકેડેમીક કાઉન્સીલ, ડીન્સ, હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ, સંશોધન કેન્દ્રના વડાઓ વગેરેની નિર્દેશિકા <u>પરિશિષ્ટ- ૬</u> સામેલ છે.

પ્રકરણ - ૧૦

દરેક અધિકારી અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણું અને નિયમો મુજબના વળતરની પધ્ધતિની માહિતી.

No.	Name of the Office	B.H.	Designation	Employee Name	7 Pay Matrix
1	Vice Chancellor/ Registrar	4500	Vice Chancellor	Dr. K.B. Kathiriya	Fix-210000+5000
2	Vice Chancellor/ Registrar	4500	Assistant Registrar	Shri P.N.Nathani	53100-167800
3	Vice Chancellor/ Registrar	4500	Office Supdt	Shri K. S. Rajput	44900-142400
4	Vice Chancellor/ Registrar	4500	Head Clerk	Shri M. S. Chavda	35400-112400
5	Vice Chancellor/ Registrar	4500	Head Clerk	Shri P. A. Kadia	35400-112400
6	Vice Chancellor/ Registrar	4500	Head Clerk	Shri Sudip S.Bagul	35400-112400
7	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Smt. Jinal A. Parmar	25500-81100
8	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri M. P.Rathod	25500-81100
9	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri B.M. Patel	25500-81100
10	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Pitar Vanik	25500-81100
11	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Ankit M. Patel	25500-81100
12	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Ronak.V.Patel	25500-81100
13	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Dharmesh H.Vasava	25500-81100
14	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Nirav.M.Patel	25500-81100

15	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Amit R.Patel	25500-81100
16	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Navinkumar A. Patel	25500-81100
17	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Jaydip Juliyush fransis	25500-81100
18	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Sameer A. Mansuri	25500-81100
19	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Shirish D. Parmar	25500-81100
20	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Shri Anant K. Chakravati	25500-81100
21	Vice Chancellor/ Registrar	4500	Senior Clerk	Chandani Mansukhlal Savani	19950 Fix Pay
22	Vice Chancellor/ Registrar	4500	Junior Clerk	Smt. Megha Parthkumar Barot	19950 Fix Pay
23	Vice Chancellor/ Registrar	4500	Junior Clerk	Ku. Aishwarya S Parmar	19950 Fix Pay
24	Vice Chancellor/ Registrar	4500	Driver	Shri M.G. Chavda	25500-81100
25	Vice Chancellor/ Registrar	4500	Driver	Shri Mehul R. Patel	21700-69100
26	Vice Chancellor/ Registrar	4500	Peon	Shri D.R. Rabari	15000-47600
27	Vice Chancellor/ Registrar	4500	Peon	Shri R.L.Sodha Parmar	15000-47600
28	Vice Chancellor/ Registrar	4500	Peon	Shri J.P. Chavda	15000-47600
29	Vice Chancellor/ Registrar	4500	Peon	Shri V. S. Dabhi	15700-50000

પ્રકરણ - ૧૧

સંસ્થાની એજન્સીની તમામ યોજનાઓની વિગતો, સૂચિત ખર્ચ અને કરેલી ચૂકવણીઓના અહેવાલ દર્શાવતું ફાળવેલું બજેટ.

આ માહિતી હિસાબ નિયામકશ્રીની કચેરીની માહિતીમાં **Account Statement** જોવું.

પ્રકરણ -૧૨

ફાળવેલી સહાયકી અને સહાયકી કાર્યક્રમોના લાભાર્થીઓની વિગત સહિત આવા કાર્યક્રમોના અમલની પદ્ધતિ.

લાગુ પડતું નથી.

પ્રકરણ -૧૩

સંસ્થા પાસેથી કોઈપણ પરવાનગીઓ અથવા અધિકારી પત્ર અથવા છુટછાટ / રાહત મેળવનાર અમલની પધ્ધતિ.

લાગુ પડતું નથી.

પ્રકરણ -૧૪

સંસ્થા પાસે ઉપલબ્ધ અથવા તેમની પાસે રહેતી વીજાણું માધ્યમમાં રૂપાંતરિત (ઈલેકટ્રોનિકસ ફોર્મ) માહિતીની વિગતો.

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબ સાઈટ www.aau.in ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

(૨) યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓના થીસીસના એબસ્ટ્રેકટ સીડીમાં ઉપલબ્ધ છે.

(૩) સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટેના અંગ્રેજીમાં સૂચિપત્રક (Prospectus).

(૪) Gujarat Agricultural Universities Act, 2004.

(૫) વિવિધ અભ્યાસક્રમોના વિનિયમો (Regulations).

(૬) ડાંગરના પાકની ખેતી પધ્ધતિ (સીડી સ્વરૂપે છે)

પ્રકરણ -૧૫

સંસ્થામાં જાહેર ઉપયોગમાં રાખેલી પુસ્તકાલય અથવા વાંચન ખંડની સવલતો માટેના સમય સહિત નાગરિકોને માહિતી મેળવવા માટેની પ્રાપ્તસગવડોની વિગતો.

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક દેશના પશ્ચિમ ઝોન માટે નિયત થયેલ ડૉ.એમ.ડી.પટેલ રીજીયોનલ લાયબ્રેરી આવેલ છે. ૧૯૬૦ માં શરૂ કરાયેલ લાયબ્રેરી હાલમાં અધતન સુવિધાઓ ધરાવે છે. યુનિવર્સિટી લાયબ્રેરી દ્વારા વિદ્યાર્થીઓ,વૈજ્ઞાનિકો તથા શિક્ષકોને લાયબ્રેરી સેવા પુરી પાડવામાં આવે છે. આ લાયબ્રેરીમાં પુસ્તકો, સંદર્ભ ગ્રંથો અને અન્ય વાંચન સામગ્રીની વિગતો નીચે મુજબ છે.

પુસ્તકો	:	૮૪૧૯૪
સંશોધન સામયિકો (ONOS)	:	૧૮૪
એમ.એસ.સી./પી.એચ.ડી.મહાનિબંધ ગ્રંથો	:	૬૬૨૯
વિવિધ અહેવાલો	:	૧૨૫૬૬
સંદર્ભ બાઉન્ડ વોલ્યુમ	:	૧૩૯૩૫
અલભ્ય પુસ્તકો	:	૨૩૦
ઈ-બુક	:	૨૫૧૩

<u>સુવિધાઓ</u>:-

૧.	સાયબ્રેરી	:	36 Work Stations with Internet connectivity
૨.	ઓનલાઇન ડેટાબેઝ	:	CMIE Commodities DELNET J-Gate Indian Journals.com Agriculture-69 IndiaStat.com IndiaAgriStat.com Krishikosh CeRA E-books and Encyclopaedias Online Question Papers

લાઈબ્રેરીનો સમય સવારના ૮.૦૦ કલાક થી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધીનો છે. જયારે બીજા અને ચોથા શનિવારના દિવસોએ સવારના ૮-૦૦ થી ૧૨.૦૦ તથા ૨.૦૦ થી ૬.૦૦ સુધીનો છે.

લાઈબ્રેરીના નિયમો માટે ડૉ. એમ. ડી. પટેલ રીજીયોનલ ઈ-લાઈબ્રેરીની માહિતી જોવી.

પ્રકરણ -૧૬

સંસ્થાએ નિયુકત કરેલા જાહેર માહિતી અધિકારીઓમાં નામ, હોદ્દાઓ અને અન્ય વિગતો.

ધી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ ૨૦૦૫ના અમલીકરણ માટે એકટની જોગવાઈ હેઠળ (સેકશન - ૫) મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં નિયુકત કરેલા જાહેર માહિતી અધિકારીઓનાં નામ અને હોદ્દા (એપેલેટ ઓફિસર તથા પીઓઈઓ અને તેના કાર્યક્ષેત્રો) મુદ્દા અંગેની વિગતો Office Order No. AAU/ Reg/Co-ord/7230-40/05, dated: 27-09-2005 થી જારી કરેલ હતો અને છેલ્લે સુધારા-વધારા સહિતનો એપેલેટ ઓફિસર, જાહેર માહિતી અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારીનો કાર્યાલય આદેશ નં. આકૃયુ/૨જિ/લીગલ/સીસી-૨/૧૨૧/૨૦૨૧, તા.૨૮/૦૬/૨૦૨૧થી જારી કરેલ, જે **પરિશિષ્ટ - ૭** ઉપર સામેલ છે.

પ્રકરણ -૧૭

વખતો વખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની આવી અન્ય માહિતી.

સરકારશ્રી તથા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વખતો વખત આ બાબતે નિયત કરવામાં આવનાર માહિતી તેમજ સુચનો યથા સમયે જણવવામાં આવશે.

પરિશિષ્ટ-૧

Chart-1

Organizational Set-Up



Chart-2

Organizational Chart & Decision making channels

પરિશિષ્ટ-૨

Board of Management
[Supreme Decision Making and Executive Authority]

Vice Chancellor

Research Council

Extension Education Council

Academic Council (Autonomous authority responsible for academic matters and maintenance of academic standards)

Library Council

Building Construction Committee

Research Sub-Committees

1. Crop Improvement
2. Crop Production
3. Plant Protection
4. Social Science
5. Animal Production
6. Animal Health
7. Dairy Science & Food Processing Tech. & Bio
8. Agri. Engg. & Agri. I.T.

Faculty of Agriculture

Board of Studies

1. Agricultural Entomology
2. Nematology
3. Agricultural Microbiology
4. Polytechnic in Agriculture
5. Horticulture
6. Seed Science & Technology
7. Agricultural Statistics
8. Soil Science & Agril. Chemistry
9. Main Forage Research Station
10. Extension Education
11. Genetics & Plant Breeding
12. Agronomy
13. Bio-chemistry
14. Plant Physiology
15. Animal Science
16. Agril. Meteorology
17. Agril. Economics
18. Agril. Engineering
19. Basic Science and Humanities
20. Plant Pathology

Faculty of Agricultural Engineering and Technology

Board of Studies

1. Farm Machinery & Power Engineering
2. Processing & Food Engineering
3. Basic Engineering and Applied Science
4. Irrigation and Drainage Engineering
5. Renewable Energy Engineering
6. Soil & Water Conservation Engineering

Faculty of Food Processing Technology and Bio-Energy

Board of Studies

1. Food Plant Operations
2. Bio-Energy
3. Food Safety and Testing
4. Food Processing Technology
5. Food Business Management
6. Food Safety & Quality Assurance
7. Post-Harvest Engineering & Technology
8. Food Engineering

Faculty of Agricultural Information Technology

Board of Studies

1. Agricultural Information Technology
2. Agricultural Science

Faculty of International Agri-business Management Institute

Board of Studies

1. Marketing Management
2. HRD & Personnel Management
3. Financial Management
4. Agri-Entre-preneurship and Project Management
5. Agribusiness Economics & Policies
6. Communication & Information Technology
7. Production Management

Faculty of Horticulture

Board of Studies

1. Fruit Science
2. Vegetable Science
3. Post-Harvest Technology
4. Plant Protection
5. Natural Resource Management
6. Basic Science
7. Social Science
8. Floriculture and Landscape Architecture

Faculty of Post-graduate Studies

Board of Studies Post-graduate Studies

આણંદ કૃષિ યુનિવર્સિટી

પરીશિષ્ટ - ૩

આણંદ

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં વિવિધ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના સંયુક્ત વિનિયમોમાં સુધારા-વધારા મંજૂર કરવા બાબત.

વંચાણે લીધો: તા. ૧૬/૦૯/૨૦૨૧ના રોજ વિદ્યાપરિષદની ૫૬મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૬.૨૪

-: જાહેરનામું :-

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની તા. ૧૬/૦૯/૨૦૨૧ના રોજ વિદ્યાપરિષદની ૫૬મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૬.૨૪થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ સ્નાતક (વેટરનરી સિવાય) અને વેટરનરી સ્નાતક અભ્યાસક્રમોના Common Academic Regulation for Under Graduate Programs in State Agricultural Universities of Gujarat સંયુક્ત વિનિયમો આણંદ કૃષિ યુનિવર્સિટીની વિદ્યાપરિષદની ૩૭મી બેઠકના મુદ્દા નં. ૩૭.૧૨થી વિદ્યાપરિષદમાં મંજૂર થઈ અમલમાં છે. (જાહેરનામા જા.નં. આકૃયુ/૨જી/યુજી-૨/પરીક્ષા/૫૫૨૧/૨૦૧૪, તા. ૦૮-૧૦-૨૦૧૪). સદર સ્નાતક કક્ષાનાં વિનિયમોમાં સુધારા-વધારા થઈ Appendix-E મુજબ વિદ્યાપરિષદ મંજૂર કરે છે અને તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવામાં આવશે."

કુલસચિવ

જા.નં.આકૃયુ/૨જી/પરીક્ષા/યુ.જી.-૨/ /૨૦૨૧
તા.૨૮/૧૦/૨૦૨૧ ૬૨૬૨-૭૦

નકલ સવિનય રવાના પ્રતિ :

(૧) વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂં.
(૨)યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂં.
(3) તમામ ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ સારૂં.
(૪) સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, પોડીયમ લેવલ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તરફ જાણ સારૂં.

નકલ રવાના :

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(3) આ વિભાગની એકેડેમીક (મીટીંગ) શાખા તરફ જાણ સારૂં. (૧૦ નકલ)
(૪) આ વિભાગની તમામ શાખાઓ તરફ

RULES FOR THE AWARD OF UNDER GRADUATE DEGREES IN THE STATE AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT

REGULATIONS

COMMON ACADEMIC REGULATIONS FOR UNDER GRADUATE DEGREES IN THE STATE AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT

COMMON ACADEMIC REGULATIONS FOR UNDER GRADUATE DEGREES IN THE STATE AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT

INDEX

Rule No	Subject	Page No
Rule-1.0	Short Title	1
Rule-2.0	Commencement	1
Rule-3.0	Interpretation	1
Rule-4.0	Definitions	1 to 4
Rule-5.0	Applicability	4
Rule-6.0	Central Admission Committee	5
Rule-7.0	Number of Students to be admitted	6
Rule-8.0	Invitation of Application	6
Rule-9.0	Eligibility for admission in First Semester	6 to 10
Rule-10.0	Age Limit	10
Rule-11.0	Reservation	10 to 11
Rule-12.0	General Conditions Regarding Reservation	11
Rule-13.0	Schedule Caste and Schedule Tribes (SC & ST)	11 to 12
Rule-14.0	Socially and Educationally Backward Communities (SEBC)	12
Rule-15.0	Nominated by Indian Council of Agricultural Research, New Delhi	12
Rule-16.0	Physically Challenged/Divyangjan	13
Rule-17.0	Children of Defence Personnel and Ex-servicemen	13 to 14
Rule-18.0	Economically Weaker Section (EWS)	14
Rule-19.0	Parsi Community	14
Rule-20.0	Kashmiri Migrants	14 to 15
Rule-21.0	NRG Seats	15
Rule-22.0	Preparation of Merit List	15 to 17
Rule-23.0	Correction of Marks	17
Rule-24.0	Registration of Students at the Time of Admission	17 to 18
Rule-25.0	Ineligibility for Admission on Production of False Documents	19
Rule-26.0	Renewal of Registration	19
Rule-27.0	Re-registration of the Student	19
Rule-28.0	Identity Card	20
Rule-29.0	Continuation of an Enrolled Student	20
Rule-30.0	Fees and Deposits	20 to 21
Rule-31.0	Refund of Deposit	21

COMMON ACADEMIC REGULATIONS FOR UNDER GRADUATE DEGREES IN THE STATE AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT

INDEX

Rule No	Subject	Page No
Rule-32.0	Academic Requirement	21 to 22
Rule-33.0	System of Teaching	23
Rule-34.0	Counselling	23
Rule-35.0	Curriculum and Courses	23
Rule-36.0	Attendance	24
Rule-37.0	Inter or Intra University Transfer of Students	24 to 25
Rule-38.0	System of Evaluation	25 to 26
Rule-39.0	Evaluation Responsibility	26
Rule-40.0	Disciplinary actions for unfair means during Examination	27
Rule-41.0	Examination and Application for the same	27 to 30
Rule-42.0	Credits and Grade Point	30 to 31
Rule-43.0	Academic Probation	32
Rule-44.0	Withdrawal from a semester	32 to 33
Rule-45.0	Eligibility for degree	33 to 34
Rule-46.0	Disqualification for Award of Degree	34
Rule-47.0	Script of Examinations	34
Rule-48.0	Students' Discipline	34
Rule-49.0	Prevention and Prohibition of Ragging	34 to 37
Rule-50.0	Protection against Harassment to Girl Students	37
Rule-51.0	Declaration of Result	37
Rule-52.0	Amendment to the regulation	37
Rule-53.0	Repeal & Savings	37

COMMON ACADEMIC REGULATIONS FOR UNDERGRADUATE DEGREES IN THE STATE AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT

In exercise of the powers conferred under Section-22 (viii), read with the Section-30 of the Gujarat Agricultural Universities Act, 2004 (Gujarat No. 5 of 2004), the Academic Council of the Universities hereby makes the following Common Academic Regulation, namely, "Common Academic Regulations for Undergraduate Degrees in State Agricultural Universities" as recommended by Council of State Agricultural Universities (SAUs). (Other than Veterinary)

Rule - 1.0 Short Title

These Common Academic Regulations may be called the 'Rules' for the award of

- Four years residential degree programme of B.Sc. (Hons.) Agri. / B.Sc. (Hons.) Horti. / B.Sc. (Hons.) Forestry / B.Sc. (Hons.) Community Science / B.Tech. (Agril. Engg.) / B.Tech. (Renewable Energy & Environmental Engineering)/ B.Tech. (Agril. Information Technology)/ B.Tech. (Food Technology) and B.Tech. (Biotechnology)
- Three years residential degree programme of B.Sc. (Biotechnology), B.Sc. (Microbiology) and B.Sc. (Bio-Chemistry) in the various faculties in colleges of SAUs of Gujarat.

Rule - 2.0 Commencement

These academic regulations shall come into force from the beginning of the first semester of the academic year from date of Notification issued by SAUs of Gujarat.

Rule - 3.0 Interpretation

If any question relating to the interpretation of the provisions contained in the regulations arises, the Registrar of the University may issue necessary orders as and when needed, with prior approval of the Vice Chancellor under intimation to the Council of State Agricultural Universities.

Rule - 4.0 Definitions

In these academic regulations unless the context otherwise requires – Following definitions may to be added at appropriate place in alphabetical order.

1. 'Academic year' means the year normally commencing from the month of June/July and ending in the month of May/June of the following calendar year and shall consist of two semesters.
2. 'Act' means Gujarat Agricultural Universities Act, 2004 (Gujarat Act No. 5 of 2004). Write - Amendment 2020

3. 'Admission' means admission of students in B.Sc. (Hons.) Agri. / B.Sc. (Hons.) Horti. / B.Sc. (Hons.) Forestry / B.Sc. (Hons.) Community Science / B.Tech. (Agril. Engg.) / B.Tech. (Renewable Energy & Environmental Engineering)/ B.Tech. (Agril. Information Technology)/ B.Tech. (Food Technology), B.Tech. (Biotechnology), B.Sc. (Biotechnology), B.Sc. (Microbiology) and B.Sc. (Bio Chemistry) degree in the various faculties in colleges of SAUs of Gujarat.
4. 'A Group' means the group comprises of the subjects of Physics, Chemistry and Mathematics Or any other subjects included in future in the Science Stream of the Higher Secondary School Certificate Examination (Standard XII, 10+2 pattern Or new pattern of NEP 2020).
5. 'AB Group' means the group comprises of the subjects of Physics, Chemistry, Mathematics and Biology in the Science Stream of Higher Secondary School Certificate Examination (Standard XII, 10+2 pattern Or as per pattern of NEP 2020).
6. 'B Group' means the group comprises of the subjects of Physics, Chemistry and Biology in the Science Stream of the Higher Secondary School Certificate Examination (Standard XII, 10+2 Pattern Or as per pattern of NEP 2020).
7. 'Counselor' means a teacher, who will help a batch of students assigned to him/her in planning of their studies and foster close personal relationship.
8. 'Course' means an organized subject matter in which instructions or a segment of subject matter carrying a specific number of credits in a semester are offered through a series of lectures, practical's, and skill orientation (work experience). It shall be an integral part of the curriculum.
9. 'Course Content' means a concise outline of the subject-matter of a course laid down by the respective faculty and approved by the Academic Council of SAU's from time to time based on the recommendations of Dean's Committee Report of Indian Council of Agricultural Research to meet the academic standards.
10. 'Credit' means one-hour learning in theory or minimum two hours learning in laboratory/field/tutorial/ In-plant training/Student READY Programme per week.
11. 'Credit load' means the quantum of credits undertaken by a student in a semester.
12. 'Credit Point' means Grade Point Earned x Credit of a course
13. 'Course Credit' means the quantitative measure of the content of a course of instruction, especially with reference to the value of the course in relation to the total requirements for a Degree. It includes one-hour theory lecture and a minimum two hours of laboratory or field practical work per week. In taking a course, a student shall attend a series of lectures, do laboratory/field/tutorial/ In-plant training/student ready programme defined as per Fifth Deans Committee (FDC) Report of ICAR per week and submit assignments and reports as required.

14. 'Grade Point (GP)' means marks obtained in a particular course converted into 10-point scale up to next three decimal places.

15. 'Grade Point Average (GPA)' means sum of the products of credits of a course and the grade obtained in the courses divided by the total number of credits of different courses prescribed/offered in the semester i.e.

$$GPA=\sum \frac{\text{Total points scored}}{\text{Total credits}} \text{(For 1 Semester)}$$

૪	કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો	૧૪
૫	નીતી ઘડતર અથવા નીતીના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટે વ્યવસ્થાની વિગત	૧૭
૬	જાહેરતંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક	૧૭
૭	તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય મંડળો અંગેની વિગત	૧૮
૮	જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દા અને અન્ય વિગત	૨૧
૯	નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ	૨૦
૧૦	અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા	૧૯
૧૧	વિનિમયોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીઓને મળતુ માસિક મહેનતાણું	૨૨
૧૨	પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર	૨૩
૧૩	સહાયકી કાર્યક્રમોના અમલ અંગીની પધ્ધતિ	૨૪
૧૪	તેણે આપેલ રાહતો, પરમીટ કે અધિકૃતી મેળવનારની વિગત	૨૪
૧૫	કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો	૨૪
૧૬	વિજાણુરૂપે ઉપલબ્ધ માહિતી	૨૪
૧૭	માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો	૨૪
૧૮	અન્ય ઉપયોગી માહિતી	૨૫

પ્રકરણ-૧

પ્રસ્તાવના

૧.૧ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની પ્રાશ્ચાદ ભુમિકા અંગે જાણકારી

પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તા મંડળોનાં નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા માહિ તીના અધિકારના વ્યવહારૂતંત્રની રચના કરવા કેન્દ્રીય માહિતી પંચ અને રાજય માહિતી પંચો અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુસંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબતનો અધિનિયમ એટલે કે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫. આ અધિનિયમ "માહિતીના અધિકાર બાબતનો અધિનિયમ, ૨૦૦૫" કહેવાશે તથા તા. ૧૨.૧૦.૨૦૦૫ ના રોજથી ગુજરાતમાં અમલમાં આવેલ છે. આ કાયદાનું ટુંકુ શિર્ષક "માહિતી અધિકાર અધિનિયમ" રાખવામાં આવ્યુ છે.

૧.૨ ઉદ્દેશ / હેતુ

લોકશાહીમાં નાગરિકોને માહિતગાર રાખવા અને તેની કામગીરીની માહિતી પારદર્શિતા માટે સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે માટે જે નાગરિકો મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને લગતી માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પુરી પાડવા માટે આ પુસ્તિકાનો મુખ્ય ઉદ્દેશ છે.

૧.૩ ઉપયોગ

આ પુસ્તિકા ભારતના કોઈપણ નાગરિકો ખાસ કરીને શાકભાજી ઉગાડતા ખેડૂતો તથા તેની સાથે સંકળાયેલ વ્યકિતઓ, સંસ્થાઓ, સંગઠનોને ઉપયોગી થશે.

૧.૪. આ પુસ્તકમાં આપેલી માહિતીનું માળખુ : અનુક્રમાણિકામાં દર્શાવ્યા મુજબ

૧.૫ વ્યાખ્યાઓ

શાકભાજી ઉગાડતા ખેડૂતો : એટલે કે શાકભાજીનું વાવેતર કરી પોતાના ઉપયોગ અથવા બજારમાં વેચાણ કરવા માટે ખેતી કરતા કોઈપણ વ્યકિતઓ

૧.૬ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા માટે

(૧) **ડો. આર. આર. આચાર્ય**
જાહેર માહિતી અધિકારી તથા
સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)
મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮૧૧૦
ફોન નં. (૦૨૬૯૨) ૨૬૧૮૧૭

(૨) **ડો. સી.કે.બોરડ**
મદદનીશ જાહેર માહિતી અધિકારી તથા
સહ સંશોધન વૈજ્ઞાનિક
મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮૧૧૦
ફોન નં. (૦૨૬૯૨) ૨૬૧૮૧૭

૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્ય પધ્ધતિ અને ફી

૧.	એવી માહિતી કે જેનું બુકના રૂપમાં પબ્લીકેશન થયેલ હોય : પબ્લીકેશન બુક/પેમ્પલેટ વગેરેની મૂળ વેચાણ કિંમત	
૨.	દસ્તાવેજ કે અન્ય માહિતી	
	(અ) એ-૪ અથવા એ-૩ ની સાઈઝના કાગળમાં	: રૂા. ૨/- પ્રતિ પેજ
	(બ) મોટી સાઈઝના કાગળમાં	: ખરેખર પડતર કિંમત
૩.	ફોટોગ્રાફસ, સેમ્પલ, મોડેલ વગેરે	: ખરેખર પડતર કિંમત
૪.	રેકોર્ડ ઈન્સપેકશન	: પહેલા અડધા કલાક માટે વિનામુલ્યે ત્યારબાદ દરેક અડધા કલાક માટે રૂા. ૨૦/-
૫.	ફલોપી અથવા ડીસ્કમાં માહિતી મેળવવા માટે	: રૂા. ૫૦/- પ્રતિ ફલોપી / ડીસ્ક

પ્રકરણ-૨
(નિયમ સંગ્રહ - ૧)
સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

૨.૧ આ કેન્દ્રનો ઉદ્દેશ / હેતુ

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની કચેરી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંપૂર્ણ નિયંત્રણ હેઠળની કચેરી છે તેના મુખ્ય હેતુઓ નીચે મુજબના છે.

(૧) શાકભાજી પાકોમાં વધુ ઉત્પાદન આપતી, રોગ અને જીવાત સામે પ્રતિકારક શકિત ધરાવતી તેમજ સારી ગુણવત્તા ધરાવતી સુધારેલ/હાઈબ્રીડ જાતો વિકસાવવી

(૨) શાકભાજી પાકોમાં સંકલિત જીવાત/રોગ નિયંત્રણના મોડયુલ તૈયાર કરવા

(૩) જુદા જુદા શાકભાજી પાકોમાં ઉત્પાદન વધારવા અને ગુણવત્તા સુધારવા માટેની કૃષિ તાંત્રિકતાઓ વિકસાવવી

૨.૨ કેન્દ્રનું મિશન / દૂરદર્શીપણુ

શાકભાજીના પાકોમાં પાક સુધારણા, પાક સંરક્ષણ અને કૃષિ વિજ્ઞાનને લગતા સંશોધનના પરિણામો ગુજરાતના શાકભાજી ઉગાડતા ખેડૂતો અપનાવતા થાય અને તેનાથી રાજયનું શાકભાજીનું ઉત્પાદન વધારી શકાય. આ ઉપરાંત શાકભાજીનું સારી ગુણવત્તાવાળુ ઉત્પાદન કરીને તેની નિકાસ વિદેશોમાં કરી શકાય. આવી રીતે શાકભાજી ઉગાડતા ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબુત કરી શકાય તેમજ નિકાશ લક્ષી ઉત્પાદનને લીધે વિદેશી હુંડીયામણ મેળવી શકાય.

૨.૩ કેન્દ્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ

શરૂઆતમાં શાકભાજી સંશોધન કાર્ય ઈન્સ્ટીટયુટ ઓફ એગ્રીકલ્ચર, આણંદ ખાતે પાક સુધારણા વિભાગમાં કરવામાં આવતુ હતુ. ગુજરાત કૃષિ યુનિવર્સિટીની એપ્રિલ ૧૯૭૨ માં સ્થાપના બાદ આણંદ ખાતે પાક સુધારણા વિભાગ હેઠળ ધાન્યપાકો, કઠોળપાકો અને બીજ ઉત્પાદન, બીજ વહેંચણી અને પાક સુધારણાનું કામ હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ સને ૧૯૮૩ માં શાકભાજી યોજનાની શરૂઆત તથા શાકભાજી પાકોનું પાક સંર્વધન કાર્ય શરૂ કરેલ. ઈ.સ.૧૯૯૦ થી ગુજરાત કૃષિ યુનિવર્સિટીના ચારેય કેમ્પસો પર "સ્ટ્રેંથનીંગ ઓફ રીસર્ચ ઈન વેજીટેબલ ક્રોપ્સ" નામની નવી યોજના અમલમાં આવી. ઈ.સ.૧૯૯૮ થી આ કેન્દ્ર ગુજરાત રાજયમાં સ્વતંત્ર રીતે શાકભાજીનાં પાકોમાં સંશોધનની કામગીરી બજાવી રહેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટીનાં અસ્તિત્વ બાદ મધ્ય ગુજરાતના નવ જીલ્લાઓને કાર્યક્ષેત્રમાં ગણીને શાકભાજીના પાકોમાં સંશોધનની કામગીરી બજાવી રહેલ છે. આ ઉપરાંત અખિલ ભારતીય શાકભાજી સુધારણા યોજના અંતર્ગત જુદા જુદા પાકોમાં સંશોધન અખતરાઓ માટેના સ્વૈચ્છિક કેન્દ્ર તરીકે કાર્ય કરી રહેલ છે.

૨.૪ કેન્દ્રની ફરજો

૧. જુદા જુદા શાકભાજી પાકોમાં વધુ ઉત્પાદન, રોગ અને જીવાત સામે પ્રતિકારક શકિત ધરાવતી અને સારી ગુણવત્તા ધરાવતી સુધારેલ/સંકર જાતો વિકસાવવા માટેની સંશોધનની કામગીરી

૨. શાકભાજી પાકોમાં પાક સંરક્ષણ

૩. શાકભાજી પાકોમાં કૃષિ તાંત્રિકતાઓ અંગેનું સંશોધન

૪ શિક્ષણ અને વિસ્તરણ પ્રવૃતિઓ દ્વારા શાકભાજી પાકોની ખેતીમાં વિકાસ

૨.૫ કેન્દ્રની મુખ્ય પ્રવૃતિઓ/કાર્યો

(૧) શાકભાજી પાકોમાં વધુ ઉત્પાદન આપતી, રોગ અને જીવાત સામે પ્રતિકારક શકિત ધરાવતી તેમજ સારી ગુણવત્તા ધરાવતી સુધારેલ/હાઈબ્રીડ જાતો વિકસાવવી

(૨) શાકભાજી પાકોમાં સંકલિત જીવાત/રોગ નિયંત્રણના મોડયુલ તૈયાર કરવા

(૩) જુદા જુદા શાકભાજી પાકોમાં ઉત્પાદન વધારવા અને ગુણવત્તા સુધારવા માટેની કૃષિ તાંત્રિકતાઓ વિકસાવવી

(૪) સંશોધન દ્વારા પ્રાપ્ત માહિતીનો પ્રસાર-પ્રચાર કરવા સરકારી તેમજ બિન-સરકારી સંસ્થાઓ/સંગઠનનો દ્વારા ખેડૂતો સુધી પહોચાડવી

(૫) અનુસ્નાતક/સ્નાતક વિદ્યાર્થીઓ તથા અન્ય સંસ્થા/શાખાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ શિક્ષણ પુરૂ પાડવુ.

(૬) જુદા જુદા શાકભાજીના પાકોના સુધારેલ/સંકર બીયારણ/ધરૂ ખેડૂતોને વહેલા તે પહેલાના ધોરણે પુરા પાડવા

(૭) શાકભાજી પાકોનું બ્રીડર બીજ ઉત્પાદન કરી જે તે સંસ્થાઓની માંગણી મુજબ તેઓને ફાળવણી નિયમોનુસાર કરવી.

૨.૬ કેન્દ્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ

૧. શાકભાજી પાકોમાં પાક સુધારણા, પાક સંરક્ષણ, અને ક્ષેત્ર વયસ્થાને લગતી સંશોધન કામગરી

૨. અત્રેના અનુસ્નાતક વિદ્યાર્થીઓ તથા અન્ય સંસ્થાના વિદ્યાર્થીઓને ઉપયોગી શૈક્ષણિક માર્ગદર્શન પુરૂ પાડવુ

૩. ખેડૂતદિન, ખેડૂત તાલીમ કાર્યક્રમ, ઋતૂ પૂર્વે તાલીમ કાર્યક્રમ, દ્વિ-માસિક તાલીમ કાર્યક્રમ, કૃષિ પ્રદર્શન, શાકભાજી પાકોની માહિતી વગેરે વિસ્તરણ પ્રવૃતિઓ

૨.૭ સંસ્થાગત માળખાનો આલેખ



૨.૮ કેન્દ્રની અસરકારતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ

શાકભાજી ઉગાડતા ખેડૂતો આ કેન્દ્ર ઉપર થયેલ સંશોધનની માહિતી વિસ્તરણના જુદા જુદા માધ્યમો દ્વારા મેળવીને અપનાવતા થાય તેવી અપેક્ષાઓ રાખવામાં આવે છે.

૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ

શાકભાજીનાં પાકોની તાંત્રિક માહિતી શાકભાજી ઉગાડતા ખેડૂતો અપનાવતા થાય તે માટેનો સહયોગ જુદા જુદા વિસ્તરણના માધ્યમો દ્વારા મેળવવામાં આવે છે.

૨.૧૦ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર

આ વિભાગની ઉપયોગી સેવાઓ સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની દેખરેખ નીચે આપવામાં આવતી હોય છે અને જે કોઈ ફરીયાદો વિભાગને લગતી હોય તેનું નિવારણ પત્રો દ્વારા કે રૂબરૂ કરવામાં આવે છે.

૨.૧૧ મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલ અન્ય કચેરીઓના સરનામાઃ

મુખ્ય કચેરી	**આણંદ**
	મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ - ૩૮૮ ૧૧૦

વડી કચેરી : સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

યુનિવર્સિટી કાર્યમથક : કુલપતિશ્રી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

૨.૧૨ કચેરીનો સમય **(૧) તાંત્રિક કર્મચારીઓ માટે**
સવારે ૦૮-૦૦ થી ૧૮-૦૦
રિસેષ નો સમય : ૧૨-૦૦ થી ૧૪-૦૦

(૨) વહીવટી કર્મચારીઓ માટે
સવારે ૧૦-૦૦ થી સાંજના ૧૭-૪૦ સુધી
રિસેષ નો સમય : ૧૩-૦૦ થી ૧૩-૩૦

પ્રકરણ - ૩

(નિયમ સંગ્રહ-૨)

અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

૩.૧ સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો નીચે મુજબ છે

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
-:: કાર્યાલય આદેશ ::-

અત્રેની કચેરીની તાંત્રિક, વહીવટી તેમજ હિસાબી કામગીરીના સરળ સંચાલન માટે તથા પોતાની ફરજો અંગે માર્ગદર્શન મળી રહે તે માટે જવાબદારીઓ નું વિવરણ કોલમ નં.૩ અને ૫ માં દર્શાવ્યા પ્રમાણે કરવામાં આવે છે. કચેરીના કામકાજની સરળતા માટે અને યુનિવર્સિટીના હિતમાં નીચે દર્શાવેલ અધિકારી/કર્મચારીઓએ તે મુજબ ની કામગીરી તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી અચુકપણે કરવાની રહેશે. આ કાર્યાલય આદેશનો અમલ નિયમિતતા સાથે નૈતિકપણે <u>તા.૦૧.૦૬.૨૦૨૫</u> થી જયાં સુધી બીજો આદેશ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

અ.નં.	વૈજ્ઞાનિકશ્રીનુ નામ અને હોદ્દો	જવાબદારીઓ નું વિવરણ	સહ કર્મચારીનું નામ હોદ્દો	જવાબદારીઓ નું વિવરણ
૧	૨	૩	૪	૫
૧	**ડૉ. આર. આર. આચાર્ય** **સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)** **બ.સ.૫૦૧૩** **(પાક સંવર્ધન)**	➢ યુનિટ અધિકારી તરીકે અત્રેના કેન્દ્રની સઘળી તાંત્રિક અને રોજબરોજની વહિવટી કામગીરી ➢ કેન્દ્ર ખાતે ચાલતી જુદી જુદી સંશોધન વિદ્યાશાખાઓનું નિરીક્ષણ, માર્ગદર્શન અને સમન્વય કરવું ➢ ખરીદી, નાણાકિય વ્યવસ્થાપન તથા ટેકનિકલ અને વહીવટી પ્રવૃત્તિઓની સંભાળ લેવી. ➢ આવક ખર્ચનું અંદાજપત્ર, તાંત્રિક કાર્યક્રમ અને તેનો અહેવાલ તૈયાર કરી યોગ્ય પરીસદ/સમીતીમાં રજૂ કરી મંજુર કરાવવા ➢ અધર એજન્સી પ્રોજેકટમાં ઈન્ચાર્જ ઓફ સ્ટેશનની કામગીરી ➢ ગુજરાત રાજયના તેમજ દેશના અન્ય શાકભાજી સંશોધન કેન્દ્ર સાથે સંકલન કરી જુદા જુદા શાકભાજી પાકોમાં અખતરાઓનું આયોજન કરવું ➢ વિભાગના તમામ સ્ટોક, સ્ટોર અને રેકોર્ડઝના કસ્ટોડીયન તરીકે સબંધિત કર્મચારીઓ/ અધિકારીઓની દેખરેખ તેમજ નિયંત્રણ ➢ ફાર્મ મેનેજમેન્ટ તેમજ ફાર્મ ડેવલોપમેન્ટ અને તેને લગતા સઘળી તાંત્રિક અને	**૧. ખાલી મદદ.** **સંશો.વૈજ્ઞાનિક (બ.સ. ૧૨૯૯૩-૩૦)**	➢ વેલાવાળા શાકભાજી પાકોના સંશોધન અખતરાઓ, જર્મપ્લાઝમ કલેકશન, બ્રીડીંગ મટીરીયલ્સની જાણવણી, ક્રોસીંગ અખતરાઓનું પ્લાનીંગ, ક્રોપીંગ સ્કીમ તથા અવલોકનોને લગતી તમામ કામગીરી ➢ આરટીઆઈ/ આઈસી નંબર/ જર્મપ્લાઝમ અને જાતોનું રજીસ્ટ્રેશન અંગેની કામગીરી ➢ પાક સંવર્ધન અને અન્ય વિદ્યાશાખાઓની સંશોધનને લગતી કામગીરી ➢ ડેડસ્ટોક આઈટમ તથા આવર્તક ખરીદી-દરખાસ્ત વગેરેની સંપૂર્ણ GeM પોર્ટલની આનુસાંગીક કાર્યવાહી કરવી તથા ખરીદી દરમ્યાનની અન્ય વિગતો CRAC, Payment Details ની નોંધ GeM પોર્ટલ પર કરવી ➢ પ્લોટ નં. સી-૯-એ માં પ્રાકૃતિક કૃષિને લગતી કામગીરી
			૨. શ્રી કે. જે. વેકરીયા, **સીનીયર રીસર્ચ આંસી.** **(બ.સ. ૫૦૧૩ની ખાલી જગ્યા સામે)** **(અવેજી સેવા)**	➢ તુરીયા, દૂધી, ગલકા, કાકડી, કોળું, શકકરટેટી, કારેલા, પરવર, ટીંડોળા તથા અન્ય વેલાવાળા શાકભાજી અને શકકરીયા પાકોના સંશોધન અખતરાઓ, જર્મપ્લાઝમ કલેકશન, બ્રીડીંગ મટીરીયલ્સની જાણવણી, ક્રોસીંગ અખતરાઓનું પ્લાનીંગ, ક્રોપીંગ સ્કીમ તથા અવલોકનો અને તેને લગતા રજીસ્ટરોની કામગીરી ➢ અત્રેના કેન્દ્ર ખાતેથી બહાર પાડવામાં આવેલ વેલાવાળા પાકોના જાતોની આનુવાંશીક તેમજ ભૌતિક શુધ્ધતા માટે જાળવણી કરવી

		રોજબરોજની પ્રવૃત્તિઓની નિરીક્ષણ, માર્ગદર્શન, દેખરેખ તેમજ નિયંત્રણ ➢ રાષ્ટ્રીય અને રાજય કક્ષાએથી માતૃ બીજનાં માંગ પત્રક અનુસાર અને ખેડુતની માંગ મુજબ સુધારેલ / સંકર બીજ / ધરૂ ઉત્પાદન કરી તેઓને નિયમોનુસાર ફાળવણી કરવી ➢ જુદા જુદા શાકભાજી પાકોના સંશોધન અખતરાઓ, જર્મપ્લાઝમ કલેકશન, બ્રીડીંગ મટીરીયલ્સની જાણવણી, ક્રોસીંગ અખતરાઓનું પ્લાનીંગ, ક્રોપીંગ સ્કીમ તથા અવલોકનો અને તેને લગતા રજીસ્ટરોની દેખરેખ ➢ અત્રેના કેન્દ્ર ખાતેથી બહાર પાડવામાં આવેલ જાતોની આનુવાંશીક તેમજ ભૌતિક શુધ્ધતા માટે જાળવણી કરવી ➢ આરટીઆઈ/ આઈસી નંબર/ જર્મપ્લાઝમ અને જાતોનું રજીસ્ટ્રેશન અંગેની કામગીરી ➢ પાક સંવર્ધન અને અન્ય વિદ્યાશાખાઓની સંશોધનને લગતી કામગીરી તથા તેને લગતો પત્ર વ્યવહાર ➢ આ વિભાગની મુલાકાતે આવતા ખેડૂતો, વિધાર્થીઓ તેમજ અન્ય મુલાકાતીઓને માર્ગદર્શન આપવું ➢ જુદી જુદી વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓ દ્વારા આ કેન્દ્ર ઉપર સંશોધન દ્વારા પ્રાપ્ત માહિતીનો પ્રસાર-પ્રચાર કરવો ➢ તુરીયા, દૂધી, ગલકા, કાકડી, કોળું, શકકરટેટી, કારેલા, પરવર, ટીંડોળા તથા અન્ય વેલાવાળા શાકભાજી અને શકકરીયા પાકના બ્રીડીંગ મટીરીયલ્સ અને પાક સુધારણા સંશોધન અખતરાઓ, બીજ ઉત્પાદન, લે-આઉટ પ્લાનીંગ, અવલોકન, રીપોર્ટ, ક્રોપીંગ સ્કીમ, જર્મપ્લાઝમ કલેકશન જાળવણી, ક્રોસીંગ અને રજીસ્ટરોની નિભાવણી વગેરેનું નિયંત્રણ ➢ યુનિવર્સિટી અધિકારીશ્રી તરફથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી		➢ પ્રોટેકટેડ કલ્ટીવેશનના સ્ટ્રકચરની દેખરેખ, જાળવણી તથા નિયંત્રણ ➢ ટેકનીકલ પત્ર વ્યવહારને લગતી કામગીરી તથા લીગલ બાબતો ➢ ક્રમ નં.૧ (૧) ની મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ.સ.૧૨૯૯૩-૩૦) ની કામગીરી
			૩. એચ.બી. અહવાર **ખેતી મદદનીશ** **બ.સ. ૧૨૯૯૩-૦૫**	➢ તુરીયા, દૂધી, ગલકા, કોળું તથા અન્ય વેલાવાળા શાકભાજી અને શકકરીયા પાકોના બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ સંશોધન અખતરાની કામગીરી, બીજ ઉત્પાદન અને તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અવલોકનો તથા અન્ય ફીલ્ડને લગતી કામગીરી, તમામ ખેતી કાર્યો તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ પોલી હાઉસ, નેટ હાઉસ તથા અન્ય પ્રોટેકટડ કલ્ટીવેશનના સ્ટ્રકચરની મરામત/દેખરેખ/જાળવણી તથા તેની સામે બોરની આજુબાજુ સ્વચ્છતા જાળવણીની કામગીરી ➢ ઇમ્પીમેન્ટ શેડ ઉપર લગાવવામાં આવેલ સોલર સીસ્ટમની સંપૂર્ણ દેખરેખ, નિરક્ષણ તથા જાળવણીની સંપૂર્ણ કામગીરી ➢ ક્રમ નં.૧(૪) ની ખેતી મદદનીશ (બ.સ.૫૦૧૩)ની કામગીરી
			૪. ખાલી જગ્યા **ખેતી મદદનીશ** **બ.સ. ૫૦૧૩**	➢ કાકડી, કારેલા, શકકરટેટી, પરવર અને ટીંડોળા તથા અન્ય વેલાવાળા શાકભાજી પાકોના બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ સંશોધન અખતરાની કામગીરી, બીજ ઉત્પાદન અને તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અવલોકનો તથા અન્ય ફીલ્ડને લગતી કામગીરી, તમામ ખેતી કાર્યો તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી તેમજ ફાર્મ મોટરના લીકેજને બંધ કરવાની કામગીરી
			૫. ખાલી જગ્યા **જુનીયર કલાર્ક** **બ.સ. ૫૦૧૩** **શ્રી હિરેન પી.શાહ** **સીનીયર કલાર્ક** **(અવેજી સેવા)**	➢ મંજુરી/દરખાસ્ત વિગેરે ફાઈલો અને તેની જાળવણી ➢ સ્કીલ્ડ લેબર, હાજરી, લેબરમસ્ટર તથા સ્ટેશનરીને લગતી કામગીરી ➢ GeM પોર્ટલમાં પેમેન્ટની ડીટેલ્સ અપડેટ તથા તેને લગતી કામગીરી ડો. એમ. એમ. પંડયાના માર્ગદર્શન હેઠળ કરવી ➢ આઉટવર્ડ, ઈનવર્ડ તથા વહીવટી શાખાના રેકોર્ડની તમામ કામગીરી અને તેની જાળવણી

				➢ વેજીટેબલ સીડસ એકાઉન્ટની લગતી તમામ કામગીરી ➢ ચેતક ઇ-વ્હીકલની જાળવણી/મરામત અંગેની કામગીરી ➢ ક્રમ નં.૯ (૨) ની જુનીયર કલાર્ક (બ.સ.૧૨૯૯૩-૩૦) ની કામગીરી
			૬. ડૉ હિલય દુધાત સીનીયર રીસર્ચ ફેલો બ.સ.૧૨૯૯૩-૦૫	➢ વેલાવાળા શાકભાજી તથા શકકરીયાના પાકોમાં અખતરાઓ, બ્રિડીંગ મટીરીયલ્સ, બીજ ઉત્પાદનને લગતી બધીજ અનુસંધાનીક કામગીરી તથા રીપોર્ટીંગમાં મદદરૂપ થવા ➢ સંશોધન વૈજ્ઞાનિકશ્રીના ઈ-મેલના પત્ર વ્યવહાર કામગીરી તથા તેમના તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી ➢ વેલાવાળા શાકભાજી પાકોના બીજ ઉત્પાદન અંગેની સંપૂર્ણ કામગીરી
			૭. ખાલી પટાવાળા બ.સ. ૫૦૧૩	➢ સંશોધન વૈજ્ઞાનિક તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી
૨	**ખાલી મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પાક સંવર્ધન) બ.સ.૫૦૧૩**	➢ ભીંડા અને ભાજીપાકોમાં બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ અખતરાઓની કામગીરી ➢ બીજ ઉત્પાદન તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, લે-આઉટ પ્લાનીંગ, અવલોકન, રીપોર્ટ, ક્રોપીંગ સ્કીમ, જર્મપ્લાઝમ કલેકશન જાળવણી, ક્રોસીંગ અને રજીસ્ટરોની નિભાવણી પર દેખરેખ તેમજ નિયંત્રણ ➢ સંશોધન વૈજ્ઞાનિકશ્રીનો ટેકનીકલ પત્ર વ્યવહાર અને તેના રીપોર્ટની જાળવણી. ઝર્ક રીપોર્ટ કેમ્પાઇલેશન તથા ચેપટર-૪ અને તેની લગતી તમામ કામગીરી અને બેક વોલ્યુમ જાળવણી ➢ આ વિભાગની મુલાકાતે આવતા વિધાર્થીઓ તેમજ અન્ય મુલાકાતીઓને માર્ગદર્શન આપવું ➢ અત્રેના કેન્દ્ર ખાતેથી ઉપર મુજબના પાકમાં બહાર પાડવામાં આવેલ જાતોની આનુવાંશીક તેમજ ભૌતિક શુધ્ધતા માટે જાળવણી કરવી ➢ સંશોધન નિયામકશ્રીની બીજ ઉત્પાદન ગાઈડ લાઈનના પરિપત્ર અનુસાર ફાળવવામાં આવેલ પાકના બીજ અધિકારી તરીકેની કામગીરી ➢ એડેપ્ટીવને ટ્રાયલને લગતી કામગીરી	**૧. શ્રી જે.એસ. ગોહેલ ખેતી મદદનીશ બ.સ.૫૦૧૩**	➢ ભીંડા પાકમાં બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ સંશોધન અખતરાની કામગીરી, ધરૂ ઉછેર, બીજ ઉત્પાદન અને તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી ➢ અખતરાઓનું પ્લાનીંગ લે-આઉટ અને અવલોકનો, તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ ➢ મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ જંતુનાશક દવા છંટકાવ કરવાના બગડેલ પંપ ડી. સી. કે. બોરડનાં માર્ગદર્શન હેઠળ રીપેરીંગ કરાવવાની કામગીરી ➢ ક્રમ નં.૩ (૨) ની ખેતી મદદનીશ (બ.સ.૫૦૧૩) ની કામગીરી
			૨. ખાલી જગ્યા ખેતી મદદનીશ બ.સ. ૫૦૨૬-૦૧	➢ ભાજીપાકોમાં બ્રિડીંગ મટીરીયલ્સ, તેમજ સંશોધન અખતરાની કામગીરી, બીજ ઉત્પાદન, તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાનું પ્લાનીંગ લે-આઉટ, અવલોકનો તથા તેનું રીપોર્ટીંગ, તમામ ખેતીકાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ પ્રાકૃતિક કૃષિને લગતી તમામ કામગીરી

૩	**ડૉ. એમ. એમ. પંડયા સહ સંશોધન વૈજ્ઞાનિક (ની સામે) (પાક સંવર્ધન) બ.સ.૧૨૯૯૩-૦૫**	➢ રીંગણ, વેજી. સોયાબીન અને અન્ય કઠોળ પાકોના બ્રીડીંગ મટીરીયલ્સ અને પાક સુધારણા સંશોધન અખતરાઓ, ધરૂ ઉછેર, બીજ ઉત્પાદન, લે-આઉટ પ્લાનીંગ, અવલોકન, રીપોર્ટ, ક્રોપીંગ સ્કીમ, જર્મપ્લાઝમ કલેકશન જાળવણી, ક્રોસીંગ અને રજીસ્ટરોની નિભાવણી વગેરે પર દેખરેખ તેમજ નિયંત્રણ ➢ ઝર્ક તેમજ એગ્રેસ્કો રીપોર્ટ કેમ્પાઇલેશન અને તેની લગતી તમામ કામગીરી અને બેક વોલ્યુમ જાળવણી ➢ રાજયના અન્ય કેન્દ્રો સાથેના સંકલનની કામગીરી ➢ ક્રોપકાફેટેરીયા તૈયાર કરી વિવિધ જાતોનું નિદર્શન ગોઠવવું ➢ સંશોધન નિયામકશ્રીની બીજ ઉત્પાદન ગાઈડ લાઈનના પરિપત્ર અનુસાર ફાળવવામાં આવેલ પાકના બીજ અધિકારી તરીકેની કામગીરી ➢ ડેડસ્ટોક આઈટમ વગેરેની સંપૂર્ણ GeM પોર્ટલની આનુસાંગીક કાર્યવાહી કરવી તથા ખરીદી દરમ્યાનની અન્ય વિગતો CRAC, Payment Details ની નોંધ GeM પોર્ટલ પર કરવી ➢ જીપ જાળવણી/મરામત અંગેની કામગીરી ➢ ક્રમ નં. ૨ ની મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ.સ.૫૦૧૩) ની સંપૂર્ણ કામગીરી	**૧. ખાલી જગ્યા ખેતી મદદનીશ બ.સ.૧૨૯૯૩-૦૫ (શ્રી ડી. વી. રાઠવા) (ખેતી નિરીક્ષક) (અવેજી સેવા)**	➢ તુવેર, ચોળા, ગુવાર, વાલોળ-પાપડી અને વેજી. સોયાબીન વગેરે કઠોળ વર્ગના પાકોમાં બ્રિડીંગ મટીરીયલ્સ, તેમજ સંશોધન અખતરાની કામગીરી, બીજ ઉત્પાદન, તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાનું પ્લાનીંગ લે-આઉટ, અવલોકનો તથા તેનું રીપોર્ટીંગ, તમામ ખેતીકાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી તમામ કામગીરી ➢ ધરૂવાડીયાના જનરલ મેનેજમેન્ટની તથા ફાર્મ નહેરના પિયાવાની કામગીરી ➢ કચેરીના ડેડસ્ટોક રજીસ્ટર નિભાવ, ફીજીકલ વેરીફિકેશન તથા તેને લગતી સંપૂર્ણ કામગીરી ➢ ક્રમ નં.૨ (૨) ની ખેતી મદદનીશ (બ.સ.૫૦૨૬-૦૧) ની કામગીરી
			૨. ખાલી જગ્યા ખેતી મદદનીશ બ.સ. ૫૦૧૩	➢ રીંગણ પાકમાં બ્રિડીંગ મટીરીયલ્સ, તેમજ સંશોધન અખતરાની કામગીરી, બીજ ઉત્પાદન, તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાનું પ્લાનીંગ લે-આઉટ, અવલોકનો તથા તેનું રીપોર્ટીંગ, તમામ ખેતીકાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી, ધરૂતૈયાર કરી તેની વેચાણ વ્યવસ્થા ➢ ફાર્મ કચેરીની સ્વચ્છતા અને સુશોભન અંગેની તમામ કામગીરી
			૩. ડૉ. પાર્થ રહેવાર રીસર્ચ એસોસીયેટ બ.સ.૧૨૯૯૩-૩૦	➢ ભીંડા, રીંગણ, કઠોળ તથા પાંદડાવાળા શાકભાજી પાકોમાં અખતરાઓ, બ્રિડીંગ મટીરીયલ્સ, બીજ ઉત્પાદનને લગતી બધીજ અનુસંધાનીક કામગીરી તથા રીપોર્ટીંગમાં મદદરૂપ થવા ➢ સંશોધન વૈજ્ઞાનિકશ્રી તથા ડૉ. એમ. એમ. પંડયા તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી ➢ ભીંડા, રીંગણ, કઠોળ તથા પાંદડાવાળા શાકભાજી પાકોના બીજ ઉત્પાદન અંગેની સંપૂર્ણ કામગીરી
			૪. ખાલી (જીપ ડ્રાયવર) બ.સ. ૫૦૧૩	➢ ડ્રાઈવર અંગેની તમામ કામગીરી ➢ વિભાગ હસ્તકની ગાડીનું મેન્ટેનન્સ, લોગબુકની નિભાવણી

૪	**ખાલી** **મદદ. સંશોધન વૈજ્ઞાનિક (પ્લાન્ટ પેથોલોજી)** **બ.સ.૫૦૨૬-૧**	➢ જુદા જુદા પાકોમાં પેથોલોજીકલ સંશોધન અખતરાઓ અધર એજન્સીના અખતરાને લગતા તાંત્રિક કામગીરી પર દેખરેખ તેમજ નિયંત્રણ	--	➢ જુદા જુદા પાકોમાં પેથોલોજીકલ સંશોધન અખતરાઓ અધર એજન્સીના અખતરાને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, અવલોકનો અંગેની કામગીરી તથા તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી
૫	**ખાલી** **સહ સંશોધન વૈજ્ઞાનિક (પાક સંવર્ધન)** **બ.સ.૫૦૨૬-૧**	➢ મરચી પાકોના બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ અખતરાઓની કામગીરી ➢ બીજ ઉત્પાદન તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, લે-આઉટ પ્લાનીંગ, અવલોકન, રીપોર્ટ, ક્રોપીંગ સ્કીમ, જર્મપ્લાઝમ કલેકશન જાળવણી, ક્રોસીંગ અને રજીસ્ટરોની નિભાવણી પર દેખરેખ તેમજ નિયંત્રણ ➢ ટેકનીકલ પત્રવ્યવહાર અને તેની લગતી તમામ કામગીરી અને બેક વોલ્યુમ જાળવણી ➢ દેશના અન્ય કેન્દ્રો સાથેના સંકલનની કામગીરી ➢ આ વિભાગની મુલાકાતે આવતા ખેડૂતો, તેમજ અન્ય મુલાકાતીઓને માર્ગદર્શન આપવું તથા વિસ્તરણ વિભાગને લગતી સઘળી કામગીરી ➢ અત્રેના કેન્દ્ર ખાતેથી ઉપર મુજબ ના પાકમાં બહાર પાડવામાં આવેલ જાતોની આનુવાંશીક તેમજ ભૌતિક શુધ્ધતા માટે જાળવણી કરવી ➢ સંશોધન નિયામકશ્રીની બીજ ઉત્પાદન ગાઈડ લાઈનના પરિપત્ર અનુસાર ફાળવવામાં આવેલ પાકના બીજ અધિકારી તરીકેની કામગીરી	**૧. ખાલી જગ્યા સીનીયર રીસર્ચ આસીસીસ્ટંટ બ.સ. ૫૦૧૩**	➢ મરચી અને ટામેટા પાકોના સંશોધન અખતરાઓ, જર્મપ્લાઝમ કલેકશન, બ્રીડીંગ મટીરીયલ્સની જાણવણી, ક્રોસીંગ અખતરાઓનું પ્લાનીંગ, ક્રોપીંગ સ્કીમ તથા અવલોકનો અને તેને લગતા રજીસ્ટરોની કામગીરીઅત્રેના કેન્દ્ર ખાતેથી બહાર પાડવામાં આવેલ જાતોની આનુવાંશીક તેમજ ભૌતિક શુધ્ધતા માટે જાળવણી કરવી
			૨. અંકિતા એ. પટેલ ખેતી મદદનીશ બ.સ. ૫૦૧૩	➢ મરચી, બટાકા પાકમાં બ્રીડીંગ મટીરીયલ્સ તેમજસંશોધનઅખતરાની કામગીરી, ધરૂ ઉછેર,બીજ ઉત્પાદન અને તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી તથા મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ અખતરાઓનું પ્લાનીંગ લે-આઉટ અને અવલોકનો, તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, ધરૂતૈયાર કરી તેની વેચાણ વ્યવસ્થા ➢ ક્રોપ ક્રાફેટેરીયામાં લાઇવ મ્યુઝીયમ તૈયાર કરી ફાળવવામાં આવેલ વિવિધ જાતોનું નિદર્શન ગોઠવવું ➢ મ્યુઝીયમ / પ્રદર્શન અને કૃષિ મેળાને લગતી વસ્તુઓની સાચવણીની કામગીરી

૬	**ડૉ. એન. એ. પટેલ સહ સંશોધન વૈજ્ઞાનિક (ની સામે) (પાક સંવર્ધન) બ.સ.૧૨૯૯૩-૦૫**	➢ ટામેટા પાકોના બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ અખતરાઓની કામગીરી, બીજ ઉત્પાદન તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, લે-આઉટ, અવલોકનો પર દેખરેખ તેમજ નિયંત્રણ તથા તેનું રીપોર્ટીંગ ➢ ઓલ ઈન્ડીયા કોઓર્ડિનેટેડ તેમજ સંશોધન વૈજ્ઞાનિકશ્રીનો ટેકનીકલ તેમજ અન્ય પત્રવ્યવહાર અને તેના રીપોર્ટની જાળવણી ➢ આ વિભાગની મુલાકાતે આવતા વિધાર્થીઓ તેમજ અન્ય મુલાકાતીઓને માર્ગદર્શન આપવું ➢ ક્રોપ કાફેટેરયા તૈયાર કરી ફાળવવામાં આવેલ વિવિધ જાતોનું નિદર્શન ગોઠવવું ➢ સંશોધન નિયામકશ્રીની બીજ ઉત્પાદન ગાઈડ લાઈનના પરિપત્ર અનુસાર ફાળવવામાં આવેલ પાકના બીજ અધિકારી તરીકેની કામગીરી ➢ ઓફીસ તેમજ ફાર્મ બીલ્ડીંગ અને આજુબાજુ બગીચાની જાળવણી ઝાડ રજીસ્ટર અને પશુધન રજીસ્ટરની નિભાવણી, જાળવણી તથા વેરીફીકેશન અંગેની કામગીરી ➢ ક્રમ નં. ૫ સહ સંશોધન વૈજ્ઞાનિક (બ.સ.૫૦૨૬-૧) અને ક્રમ નં. ૭ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ.સ.૫૦૨૬-૧) ની કામગીરી ➢ આવર્તક ખરીદી-દરખાસ્ત વગેરેની સંપૂર્ણ GeM પોર્ટલની આનુસાંગીક કાર્યવાહી કરવી તથા ખરીદી દરમ્યાનની અન્ય વિગતો CRAC, Payment Details ની નોંધ GeM પોર્ટલ પર કરવી	**૧. દયાબેન બી. જિંજાળા ખેતી મદદનીશ બ.સ.૫૦૧૩**	➢ ટામેટા અને ડુંગળી-લસણ વગેરે કંદમૂળ પાકમાં બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ સંશોધન અખતરાની કામગીરી, ધરૂ ઉછેર, બીજ ઉત્પાદન અને તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ લે-આઉટ અને અવલોકનો, તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ, ધરૂ તૈયાર કરી તેની વેચાણ વ્યવસ્થા તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી કરવાની રહેશે ➢ ઝાડ રજીસ્ટર અને પશુધન રજીસ્ટરની નિભાવણી, જાળવણી તથા વેરીફીકેશન અંગેની કામગીરી ➢ સ્ટોરને લગતા તમામ રજીસ્ટરોની નિભાવણી અને જાણવણીમાં મદદરૂપ ➢ મુખ્ય કચેરી તેમજ તેની આજુબાજુ બગીચાની અને સ્વચ્છતાની કામગીરી જરૂર મુજબ કરવાની રહેશે
			૨. ડૉ. વિપુલ કાપડીયા રીસર્ચ એસોસીયેટ બ.સ.૧૨૯૯૩-૦૫	➢ ટામેટા, મરચી તથા કંદમૂળ પાકમાં અખતરાઓ, બ્રિડીંગ મટીરીયલ્સ, બીજ ઉત્પાદનને લગતી બધીજ અનુસંધાનીક કામગીરી તથા રીપોર્ટીંગમાં મદદરૂપ થવા ➢ કીચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન તથા લેબોરેટરીને લગતી આનુસાંગીક તમામ કામગીરી ➢ સંશોધન વૈજ્ઞાનિકશ્રી તથા ડૉ. એન. એ. પટેલ તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી ➢ ટામેટા, મરચી તથા કંદમૂળ પાકોના બીજ ઉત્પાદન અંગેની સંપૂર્ણ કામગીરી
			૩. ખાલી (ટ્રેકટર ડ્રાયવર) બ.સ.૫૦૨૬-૧	➢ ડ્રાઈવર અંગેની કામગીરી ➢ વિભાગ હસ્તકના ટ્રેકટરનું મેન્ટેનન્સ અને જાળવણી
			૪. શ્રી એમ.પી.ચાવડા ખેત મજુર (કલમ-૧) બ.સ. ૫૦૧૩	➢ ફાર્મ મેનેજર તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી
૭	**ખાલી મદદ. સંશોધન વૈજ્ઞાનિક (પાક સંવર્ધન) બ.સ.૫૦૨૬-૧**	➢ ડુંગળી-લસણઅને બટાકા વગેરે કંદમૂળ પાકોના બ્રીડીંગ મટીરીયલ્સ તેમજ અખતરાઓની કામગીરી, બીજ ઉત્પાદન તેમજ તેને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, લે-આઉટ, અવલોકનો તથા તેનું રીપોર્ટીંગ	**૧. શ્રી એ. બી. પરમાર ખેતી મદદનીશ બ.સ.૫૦૨૬-૧**	➢ સ્ટોર્સ, ખરીદી સરખામણી પત્રક, લાઇટબીલ, ટેલીફોન બીલ, સેન્કશન પત્રક, ઓર્ડર પત્રક, વાહનના વિમા, ટ્રેકટર, ફાર્મ ઓજારો અને અન્ય ડેડસ્ટોક રીપરીંગ અંગેની કામગીરી

		➢ ફાર્મ મેનેજર તરીકે ની કામગીરી ➢ અખતરાઓ તથા જનરલ પાકોની પાક યોજના, કલ્ટીવેશન શીટ વિગેરેની મંજૂરી દરખાસ્ત તથા પ્લોટ મુજબ ઋતુ પ્રમાણે વાવેતર કરેલ પાકની પ્લોટ હીસ્ટ્રી નિભાવવી ➢ ફાર્મ વપરાશમાં ખાતર અને ખનીજ, ખાણદાણ, ફાર્મ ડેવલોપમેન્ટ માટે જરૂરી ખરીદી/દરખાસ્ત અંગેની કામગીરી ➢ ખરીદી પ્રક્રિયામાં NOC મેળવવા સહીતની બધીજ આઈટમની ખરીદી-દરખાસ્ત અંગેની સંપૂણ કાર્યવાહી. ➢ ઈસુઝુ જાળવણી/મરામત અને લોગબુક અંગેની કામગીરી ➢ ફાર્મના ચીજ વસ્તુઓ વપરાશ, સ્ટોર્સ, વાહનના વિમા, ખરીદી વિગેરેની સુપરવીઝનની કામગીરી ➢ ફાર્મ વપરાશની અન્ય પેટી સ્ટોર ચીજવસ્તુઓ ખરીદી / દરખાસ્ત અંગેની કામગીરી ➢ ધરૂવાડીયાના જનરલ મેનેજમેન્ટની કામગીરી ➢ ફાર્મ ડેવલોપમેન્ટ ની કામગીરી ➢ શાકભાજીના બિયારણની ટેલીફોનીક ડીમાન્ડને પોસ્ટ દ્વારા વિતરણ અને તેના એકાઉન્ટની લગતી તમામ કામગીરી		➢ ફાર્મના ચીજ વસ્તુઓ વપરાશ, ખાતર અને ખનીજ ખરીદી વિગેરેની કામગીરી ➢ ખાણદાણ, ખનીજ તેલ / વિધુત મોટર વગેરે રજીસ્ટરોની નિભાવણીની કામગીરી ➢ લેબર મસ્ટર, હાજરી, લેબરશીટ તૈયાર કરવાની કામગીરી ➢ મુખ્ય ફાર્મ બિલ્ડીંગ ઉપર લગાવવામાં આવેલ સોલર સીસ્ટમની સંપૂર્ણ દેખરેખ, નિરક્ષણ તથા જાળવણીની સંપૂર્ણ કામગીરી
			૨. શ્રી ગોંડલીયા ભૌતિક વિ. ખેતી મદદનીશ **બ.સ.૫૦૧૩**	➢ સ્ટોર્સ કન્ઝયુમેબલ ચીજ વસ્તુઓની જાળવણી, સ્ટોર વેરીફીકેશ અને તેના રજીસ્ટરો ફાર્મ વેચાણ તથા નાણા પત્રક ભરણુ ઉત્પાદન પત્રકો વિગેરે રોજબરોજની કામગીરી ફાર્મ મેનેજરના માર્ગદર્શન નીચે કરવાની રહેશે ➢ પાક વાર/જાત વાર બીજ અને ધરૂ ખરીદી કરનાર ખેડૂતો અંગેની માહિતી રાખવી ➢ સ્ટોરને લગતા તમામ રજીસ્ટરોની નિભાવણી અને જાણવણી
			૩. શ્રી એ. કે. પરમાર ખેતી મદદનીશ બ.સ.૫૦૧૩	➢ લેબર મસ્ટર, હાજરી, લેબરશીટ તૈયાર કરવી, લેબર મંજૂરી તથા લેબરને લગતા તમામ પત્ર વ્યવહારની કામગીરી ➢ ફાર્મ ડેવલોપમેન્ટને લગતી કામગીરી તેમજ ફાર્મ મેનેજર તરફથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી
૮	**મદદ.સંશો.વૈજ્ઞાનિક બ.સ.૫૦૧૩ (અવેજી સેવા આર.આર.એસ.)**	➢ જુદા જુદા પાકોમાં એન્ટોમોલોજીકલ અખતરાઓ અધર એજન્સીના અખતરા પ્લાનીંગ, ક્રોપીંગ સ્કીમ, અવલોકનો પર દેખરેખ તેમજ નિયંત્રણ અને તેના રીપોર્ટીંગની કામગીરી	**૧. ખાલી જગ્યા સીનીયર રીસર્ચ આસીસ્ટંટ બ.સ. ૫૦૧૩**	➢ જુદા જુદા પાકોમાં પેથોલોજીકલ સંશોધન અખતરાઓ અધર એજન્સીના અખતરાને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, અવલોકનો અંગેની કામગીરી તથા તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ એન્ટોમોલોજીકલ સંશોધન અખતરાઓને લગતા તાંત્રિક રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, અવલોકનો અંગેની કામગીરી તથા તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ ફાર્મ મેનેજર તરફથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી કરવાની રહેશે
૯	ખાલી		**૧. ખાલી જગ્યા**	➢ એન્ટોમોલોજીકલ તથા પેથોલોજીકલ સંશોધન અખતરાઓને લગતા તાંત્રિક

	સહ સંશોધન વૈજ્ઞાનિક (પ્લા.ફિઝીયો.) બ.સ.૫૦૨૬-૧ ડૉ. સી. કે. બોરડ સહ સંશોધન વૈજ્ઞાનિક (અવેજી સેવા)	➢ કેન્દ્રની વેબસાઈટ સમયાંતરે અપડેટ કરવી તેમજ કોમ્પ્યુટરની ઓનલાઈન સંબધિત સઘળી કમગીરી ➢ જંતુનાશક / રોગનાશક દવાઓની મંજૂરી / ખરીદી / દરખાસ્ત અંગેની કામગીરી ➢ મ્યુઝીયમ, કોન્ફરન્સ રૂમ, ઓડીયો વીઝયુલ સેટસની ગોઠવણી વિભાગની વિસ્તરણ પ્રવૃતિઓ અંગે પ્રદર્શન ગોઠવવા તેમજ આયોજન કરવું ➢ પાક સંવર્ધન વિભાગમા અખતરામાં જીવાત ના અવલોકન લેવા ➢ ક્રોપ કાફેટ એરીયામાં પાક સંરક્ષણ અંગેની સંપૂર્ણ કામગીરી ➢ શાકભાજી સંશોધન કેન્દ્રમાં તમામ પાકોની જીવાતનું નિરીક્ષણ તેમજ તેના માટે માર્ગદર્શન આપવું ➢ ઓફીસ માટેની પરચુરણ જરૂરીયાત, કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન, લાઇટ વિ.ના રીપેરીંગ વગેરે ખરીદી દરખાસ્ત / મંજૂરી વગેરે ઓફીસ જનરલ મેન્ટેન્સની કામગીરી ➢ રાષ્ટ્રીય અને રાજય કક્ષાએથી માતૃબીજનાં માંગપત્રક અનુસાર અને ખેડુતની માંગ મુજબ સુધારેલ / સંકર બીજ / ધરૂ ઉત્પાદનનેલગતી કામગીરી ➢ આવક ખર્ચનું અંદાજપત્ર અને તેનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી ➢ રાઈટ ટુ ઈન્ફોર્મેશન માટે મદદનીશ માહિતી અધિકારી તરીકેની કામગીરી ➢ કચેરીના ડી.ડી.ઓ. (ઉપાડ અને ચૂકવણા અધિકારી) તરીકેની કામગીરી ➢ મુખ્ય કચેરી ઉપર લગાવવામાં આવેલ સોલર સીસ્ટમની સંપૂર્ણ દેખરેખ, નિરક્ષણ તથા જાળવણીની સંપૂર્ણ કામગીરી ➢ ક્રમ નં. ૪ અને ક્રમ નં. ૮ ને લગતી કામગીરી ➢ દવાઓની ખરીદી-દરખાસ્ત વગેરેની સંપૂર્ણ GeM પોર્ટલની આનુસાંગીક કાર્યવાહી કરવી તથા ખરીદી દરમ્યાનની અન્ય વિગતો CRAC, Payment Details ની નોંધ GeM પોર્ટલ પર કરવી	**ખેતી મદદનીશ બ.સ. ૫૦૨૬-૦૧**	રજીસ્ટરોની નિભાવણી, અખતરાઓનું પ્લાનીંગ, અવલોકનો અંગેની કામગીરી તથા તમામ ખેતી કાર્યો, તેની નોંધ, ઉત્પાદન મેમો, કલ્ટીવેશન શીટ, મજૂરોની કામગીરી ઉપર દેખરેખ તેમજ મૌખીક સુચનાથી સોંપવામાં આવતી અન્ય તમામ કામગીરી ➢ ફાર્મ મેનેજર ધ્વારા સંલગ્ન પાકોના ખેતી મદદનીશ મારફત અન્ય તમામ કામગીરી કરાવવાની રહેશે
			૨. ખાલી જગ્યા જુનીયર કલાર્ક બ.સ. ૧૨૯૯૩-૩૦	➢ પગારબીલ, સર્વિસબુક અને વહીવટને લગતી તમામ કામગીરી ➢ ઓડિટને લગતી તમામ કામગીરી ➢ એકાઉન્ટને લગતી તથા કેશીયર તરીકેની તમામ કામગીરી ➢ પી.એફ.એમ.એસ., એ.યુ.સી., કેશબુક, એમઈએસ, ચેક એન્ટ્રી રજીસ્ટર, ટપાલ ટીકીટ રજીસ્ટરને લગતી કામગીરી ➢ બેંક રીકન્શીલેશનની કામગીરી ➢ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીના ઈ-મેલના પત્ર વ્યવહાર કામગીરી તથા તેમના તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી ➢ મુખ્ય કચેરી ઉપર લગાવવામાં આવેલ સોલર સીસ્ટમની સંપૂર્ણ દેખરેખ, નિરક્ષણ તથા જાળવણીની સંપૂર્ણ કામગીરી

નોંધ :-

૧. ડેડસ્ટોકની ખરીદી જે તે વિભાગના હેઠળ મંજૂર થયેલ પ્લાન યોજના તેમજ અધર એજન્સી હેઠળ મંજૂર થયેલ સાધનોની ખરીદી જે તે સંબંધિત વિભાગે કરવાની રહેશે. તેમજ ફાર્મને લગતા ડેડસ્ટોકની ખરીદી ફાર્મ મેનેજરશ્રી એ તેમના હસ્તકના કર્મચારી મારફત કરવાની રહેશે

૨. કોઇપણ ખરીદીના બીલ પેસ્ટીંગ પ્રમાણપત્રો નીચે સંબંધિત વિભાગના વડાઓના સહી સિકકા થયા બાદ જ સંશોધન વૈજ્ઞાનિકશ્રીના સહી સિકકા લેવાના રહેશે

૩. સામાન્ય સંજોગોમાં કોઇપણ પ્રકારની ખરીદી/નાણાનું ચુકવણું યુનિટ અધિકારીની પૂર્વ મંજૂરી લઈને જ કરવી. આકસ્મિક સંજોગોમાં ખરીદી કરી/ ચૂકવણુ કરી તુરંત જ યુનિટ અધિકારીને જાણ કરવી

ઉપરોકત જે તે અધિકારી/ કર્મચારીશ્રીઓને સોંપવામાં આવેલ કામગીરી ઉપરાંત જે તે સમયે સંશોધન વૈજ્ઞાનિક તરફથી સોંપવામાં આવતી અન્ય કામગીરી મૌખિક / લેખિત સુચનાઓ મુજબ સંભાળવાની રહેશે. વિશેષમાં અધિકારી/ કર્મચારી રજા ઉપર જાય ત્યારે નીચે જણાવેલ ગ્રુપ પ્રમાણે ચાર્જ સંભાળવાનો રહેશે.

ડો.આર.આર.આચાર્ય / ડો. સી. કે.બોરડ	શ્રી જે. એસ. ગોહેલ / શ્રી ડી. વી. રાઠવા	શ્રી અજય બી. પરમાર / શ્રી બી.વી.ગોડલીયા
ડો. એન. એ. પટેલ / ડો. એમ. એમ. પંડયા	શ્રી એચ. બી. અહવાર / શ્રી અર્જુન કે.પરમાર	શ્રીમતી અંકિતા એ. પટેલ / શ્રીમતી જિંજાળા દયાબેન બી.
શ્રી કે. જે. વેકરીયા / ડો. વિપુલ કાપડીયા	ડો. પાર્થ રહેવાર / ડો. હિલય દુધાત	

જા. નં. આકૃયુ / મુશાસંકે / વહટ / ૨૦૫ / ૨૦૨૫, તા.૩૧/૦૫/૨૦૨૫

સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)

નકલ રવાના : આ કચેરીના તમામ અધિકારી / કર્મચારીશ્રીઓ તરફ જાણ થવા તથા અમલ કરવા સારૂ.

પ્રકરણ-૪

(નિયમ સંગ્રહ-૩)

<u>કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો</u>

કિચન ગાર્ડન માટેના વિવિધ શાકભાજી બીજના પાઉચ માટેના વર્ષ ૨૦૨૫-૨૬ માટે મંજુર થયેલ ભાવ

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર,
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

વિવિધ શાકભાજી પાકોના બીજ, કિચન ગાર્ડન પાઉચ તથા ઘરૂ વેચાણ માટે વર્ષ ૨૦૨૫-૨૬ થી મંજુર થયેલ ભાવ

ક્રમ	પાક/જાત	બીજ વેચાણ ભાવ (રૂ. / કિ.ગ્રા.)					કિચન ગાર્ડન પાઉચ		ઘરૂ વેચાણ ભાવ (રૂ. પ્રતિ ૧૦૦૦ નંગ)
		ફુલફુલ	સર્ટિફાઈડ	ફાઉન્ડેશન	બ્રિડર	ન્યુક્લીયસ	કિંમત રૂા. પ્રતિ પાઉચ	વજન પ્રતિ પાઉચ	
૧	મરચી-ની સુધારેલ જાતો	૩૬૦૦	૪૦૦૦	૪૪૦૦	૪૯૫૦	૬૧૮૦	૧૫	૨.૦	૭૦૦
૨	સંકર મરચી-ની જાતો	૧૬૦૦૦	૧૮૦૦૦	--	--	--	૩૦	૧.૦	૧૦૦૦
૩	રીંગણ-ની સુધારેલ જાતો	૪૦૦૦	૪૪૦૦	૪૮૦૦	૭૩૫૦	૯૧૮૦	૧૫	૧.૫	૭૦૦
૪	સંકર રીંગણ-ની જાતો	૧૫૦૦૦	૧૭૦૦૦	--	--	--	૩૦	૧.૦	૧૦૦૦
૫	ટામેટા-ની સુધારેલ જાતો	૫૫૦૦	૬૦૦૦	૬૬૦૦	૭૯૫૦	૯૯૩૦	૧૫	૧.૫	૭૦૦
૬	ચેરી ટામેટા-ની સુધારેલ જાતો	૧૫૦૦૦	૧૭૦૦૦	૧૯૦૦૦	૪૮૫૦૦	૬૦૬૦૦	૩૦	૧.૫	૧૦૦૦
૭	ડુંગળી-ની સુધારેલ જાતો	૧૫૦૦	૧૭૦૦	૧૯૦૦	૩૫૦૦	૪૩૭૫	૧૫	૫.૦	૭૦૦
૮	ભીંડા-ની સુધારેલ જાતો	૬૦૦	૭૦૦	૮૦૦	૧૦૦૦	૧૨૫૦	૧૫	૧૦.૦	--
૯	સંકર ભીંડા-ની જાતો	૩૦૦૦	૩૫૦૦	--	--	--	૩૦	૫.૦	--
૧૦	ગુવાર-ની સુધારેલ જાતો	૭૦૦	૮૦૦	૧૦૦૦	૧૨૫૦	૧૫૬૦	૧૫	૧૦.૦	--
૧૧	ચોળી-ની સુધારેલ જાતો	૬૦૦	--	--	૧૦૦૦	૧૨૫૦	૧૫	૧૦.૦	--
૧૨	તુવેર-ની સુધારેલ જાતો	૬૦૦	--	--	--	--	૧૫	૧૫.૦	--
૧૩	પાપડી-ની સુધારેલ જાતો	૫૦૦	--	--	--	--	૧૫	૧૫.૦	--
૧૪	કાકડી-ની સુધારેલ જાતો	૩૦૦૦	૩૫૦૦	૪૦૦૦	૪૮૫૦	૬૦૬૦	૧૫	૨.૫	--
૧૫	દૂધી-ની સુધારેલ જાતો	૨૦૦૦	૨૨૦૦	૨૪૦૦	૨૬૦૦	૩૨૫૦	૧૫	૪.૦	--
૧૬	સંકર દૂધી-ની જાતો	૪૦૦૦	--	--	--	--	૩૦	૪.૦	--
૧૭	કોળા-ની સુધારેલ જાતો	૨૦૦૦	૨૨૦૦	૨૫૦૦	૩૨૦૦	૪૦૦૦	૧૫	૪.૦	--
૧૮	તુરીયા-ની સુધારેલ જાતો	૨૦૦૦	૨૨૦૦	૨૫૦૦	૩૦૫૦	૩૮૧૦	૧૫	૪.૦	--
૧૯	ગલકા-ની સુધારેલ જાતો	૨૦૦૦	૨૨૦૦	૨૫૦૦	૨૯૫૦	૩૬૮૦	૧૫	૪.૦	--
૨૦	કારેલા-ની સુધારેલ જાતો	૩૦૦૦	૩૩૦૦	૩૫૦૦	૩૬૫૦	૪૫૬૦	૧૫	૩.૦	--
૨૧	શક્કરટેટી-ની સુધારેલ જાતો	૩૦૦૦	૩૩૦૦	૩૫૦૦	૩૬૦૦	૪૫૦૦	૧૫	૩.૦	--
૨૨	સવા-ની સુધારેલ જાતો	૧૫૦	૧૫૦	૧૫૦	૧૬૫	૨૦૦	૧૫	૫૦.૦	--
૨૩	વસાણ (કળી)-ની સુધારેલ જાતો	૩૫૦	૩૫૦	૩૫૦	૪૧૦	૫૧૦	--	--	--

સંશોધન નિયામક
અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ

સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)

પ્રકરણ- ૫

(નિયમ સંગ્રહ-૪)

નીતી ઘડતર અથવા નીતીના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટે વ્યવસ્થાની વિગત

વિષય/મુદ્દો	શુ જનતાની સહભાગીતા સુનિશ્ચિત કરવાનુ જરૂરી છે	જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા
સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓ	હા	**ZERAC** તથા **AGRESCO** કમીટીઓની મીટીંગ દર વર્ષે યોજવામાં આવે છે તેમાં વૈજ્ઞાનિકો, વિસ્તરણ અધિકારી/કર્મચારીઓ તથા ખેડૂતો સાથે મળીને શાકભાજીના પાકોમાં નવા સંશોધન અંગેનો વિચાર વિમર્શ અને ચર્ચાઓ કરી નવા અખતરાઓ અને સંશોધનની નવી જરૂરીયાતો અંગેના તાંત્રીક કાર્યક્રમો નકકી કરવામાં આવે છે.

પ્રકરણ- ૬

જાહેરતંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

સામાન્ય રીતે જાહેર જનતાને જરૂરી હોય તેવા લેખિત દસ્તાવેજ અત્રેની કચેરીને સામાન્યરીતે આપવાના થતા નથી. પરંતુ કર્મચારીઓના સેવાકીય દસ્તાવેજો તથા સંશોધનનો રીપોર્ટ જેવા દસ્તાવેજોની સાચવણી આ કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે.

પ્રકરણ-૭
(નિયમ સંગ્રહ-૬)

તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને સંસ્થાઓનું પત્રક

૭.૧ જાહેરતંત્રને લગતા બોર્ડ, પરિષદો, સમિતિઓ અને અન્ય મંડળો અંગેની વિગત

સંસ્થાનું નામ અને સરનામુ	:	મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ - ૩૮૮ ૧૧૦
સંસ્થાનો પ્રકાર	:	સંશોધન સંસ્થા
સંસ્થાનો ટુંકો પરિચય	:	આ કેન્દ્રએ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંપૂર્ણ નિયંત્રણ હેઠળની કચેરી છે. મધ્ય ગુજરાતના નવ જીલ્લાઓને કાર્યક્ષેત્ર ગણીને શાકભાજીના પાકોમાં સંશોધનની કામગીરી કરી રહેલ છે.
સંસ્થાની ભુમિકા	:	સંશોધનની કામગીરી
માળખુ અને સભ્ય બંધારણ	:	લાગુ પડતુ નથી
સંસ્થાના વડા	:	ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)
મુખ્ય કચેરી અને તેની શાખાના સરનામાં	:	મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ - ૩૮૮ ૧૧૦
બેઠકોની સંખ્યા	:	લાગુ પડતુ નથી
શુ જનતા બેઠકોમાં ભાગ લઈ શકે છે ?	:	લાગુ પડતુ નથી
શુ બેઠકોની કાર્યનોંધ તૈયાર કરવામાં આવે છે	:	કેન્દ્રનો તાંત્રિક કાર્યક્રમ નકકી કરવા બેઠકનું આયોજન થાય છે તથા તેની કાર્યનોંધ બનાવવામાં આવે છે.
બેઠકોની કાર્યનોંધ જનતાને ઉપલબ્ધ છે ?	:	હા
કાર્યનોંધ મેળવવા માટેની પધ્ધતિની માહિતી	:	કચેરીના રેકોર્ડનું નિરીક્ષણ કરી અથવા માહિતી માગ્યેથી કાર્યનોંધની માહિતી મેળવી શકાય છે.

પ્રકરણ - ૮
(નિયમ સંગ્રહ-૭)

જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દા અને અન્ય વિગત

કેન્દ્રના મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ, જાહેર માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય સત્તાધિકારી

સરકારી તંત્રનું નામ : મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

નામ	હોદ્દો	એસટીડી કોડ	ફોન નં.		ફેકસ	ઈ-મેઈલ	સરનામું
			કચેરી	ઘર			
જાહેર માહિતી અધિકારીઓ							
ડો. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)	સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી)	૦૨૬૯૨	૨૬૧૮૧૭	૯૯૭૯૨૩૦૭૫૧	-	**rsmvrs@aau.in**	મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ-૩૮૮ ૧૧૦
મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ							
ડો.સી.કે. બોરડ	સહ સંશોધન વૈજ્ઞાનિક	૦૨૬૯૨	૨૬૧૮૧૭	-	-	**rsmvrs@aau.in**	મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ-૩૮૮ ૧૧૦
પ્રથમ વિભાગીય કાયદાકીય સત્તાધિકારી							
ડો. એમ. કે. ઝાલા	સંશોધન નિયામકશ્રી	૦૨૬૯૨	૨૬૩૬૦૦	૨૬૪૨૬૭	૨૬૧૦૫૭	**dr@aau.in**	સંશોધન નિયામકશ્રીની કચેરી આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ-૩૮૮ ૧૧૦

પ્રકરણ - ૯

(નિયમ સંગ્રહ - ૮)

નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

આ વિભાગ નીચે ચાલતી સંશોધન, વહીવટી અને નાણાંકીય કામગીરી અંગેના નિર્ણયો યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસાર સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) દ્વારા લેવામાં આવે છે.

પ્રકરણ - ૧૦

(નિયમ સંગ્રહ - ૯)

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

ક્રમ	અધિકારી/કર્મચારીનું નામ	હોદ્દો	ફોન નંબર	સરનામું
૧	ડૉ. આર. આર. આચાર્ય	સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) તથા યુનિટ અધિકારી	૯૯૭૯૨૩૦૭૫૧	૧૩, આકાશદીપ બંગલો, બોરસદ ચોકડી પાસે, સાગોળ પુરા રોડ, આણંદ
૨	ડૉ. સી. કે. બોરડ	સહ સંશોધન વૈજ્ઞાનિક	૯૯૦૪૧૬૧૫૦૧	એ-૬, સ્ટાફ ક્વાટર્સ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ કેમ્પસ, આણંદ
૩	ડૉ. એન. એ. પટેલ	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૯૫૩૭૩૦૫૪૭૫	બી-૮, સંસ્કારવિહાર સોસાયટી, બાપા સીતારામ ચોક પાસે, આણંદ-સોજીત્રા રોડ, આણંદ
૪	ડૉ. એમ. એમ. પંડ્યા	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૯૫૧૨૦૧૮૪૫૦	સી-૧૪, રાધેપુષ્પ સોસાયટી બંગલોઝ. પાલીકનગર સામે, આણંદ
૫	શ્રી કે. જે. વેકરીયા	ખેતી અધિકારી	૯૭૨૫૬૦૬૬૬૨	ન્યુ સી-૩૭, ખેતીવાડી ક્વાટર્સ, આકૃયુ, આણંદ
૬	શ્રી ડી. વી. રાઠવા	ખેતી નિરીક્ષક	૯૯૨૫૭૯૭૪૬૦	ઓલ્ડ-બી-૩૦, સ્ટાફ ક્વાટર્સ, ખેતીવાડી, આણંદ -૩૮૮૧૧૦ તા.જી. આણંદ
૭	શ્રી એચ. બી. અહવાર	ખેતી મદદનીશ	૯૫૧૨૦૧૮૪૧૯	૨૬, યોગીરાજ રેસીડન્સી, હાડગુડ ગાયત્રી નગરની સામે પ્રસ્થાન સોસાયટીની બાજુમાં
૮	શ્રી જે. એસ. ગોહેલ	ખેતી મદદનીશ	૭૫૭૩૦૧૩૫૫૫	અશોકવાડી મુ,પો.નાવલી, આણંદ
૯	શ્રીમતિ અંકિતા એ. પટેલ	ખેતી મદદનીશ	૯૫૧૨૦૧૮૧૧૭	ઓલ્ડ-સી-૦૬, સ્ટાફ ક્વાટર્સ, આકૃયુ, આણંદ
૧૦	શ્રીમતિ દયાબેન બી. જિંજાળા	ખેતી મદદનીશ	૭૦૪૬૪૫૬૪૮૯	ન્યુ-બી-૧૧,ફ્લેટ ટાઇપ ક્વાટર્સ, આકૃયુ, આણંદ
૧૧	શ્રી એ. બી. પરમાર	ખેતી મદદનીશ	૭૦૬૯૦૫૨૧૬૪	૩, સરદાર સોસાયટી, મીરા પાર્કની બાજુમાં, ખેતીવાડી-હાડગુડ રોડ, આકૃયુ, આણંદ
૧૨	શ્રી એ. કે. પરમાર	ખેતી મદદનીશ	૯૨૬૫૫૫૫૮૨૯	વક્તાકાકાનું ફળિયું, મુ. પો. રાસનોલ, આણંદ
૧૩	શ્રી ભૌતિક વી. ગોંડલિયા	ખેતી મદદનીશ	૮૯૮૦૦૫૭૦૭૬	ન્યુ કોલોની, ન્યુ ડી-૬, સ્ટાફ ક્વાટર્સ, આ.કૃ.યુ. આણંદ
૧૪	શ્રી હિરેન પી. શાહ	સીનીયર કલાર્ક	૯૮૯૮૦૪૫૩૧૦	૩, નિલકંઠ સોસાયટી, વિદ્યા ડેરી-નાવલી રોડ, આણંદ
૧૫	શ્રી મનુભાઈ પી. ચાવડા	ખેત મજૂર	૯૯૨૫૨૯૨૨૪૮	૨૪૨, ચાવડાપૂરા, નાની કેનાલ પાસે ઝાખરીયા
૧૬	ડૉ. પાર્થ એમ. રહેવર	રીસર્ચ ઍસોસીએટ	૯૪૦૮૪૩૧૬૨૧	૨૪, પ્રાથના સોસાયટી, હાડગુડ રોડ, આણંદ
૧૮	ડૉ. વિપુલ એન. કાપડિયા	રીસર્ચ ઍસોસીએટ	૯૬૮૭૯૮૩૩૧	કર્મ-૧૫૮, વિદ્યા ડેરી રોડ, આણંદ
૧૯	ડૉ. હિલય દુધાત	સીનિયર રીસર્ચ ફેલો	૮૨૩૮૪૧૯૯૪૧	ફ્લેટ નંબર ૬, આંગન અપાર્ટમેંટ ૧, એન.ડી.ડી.બી. જાગનાથ મહાદેવ રોડ, આણંદ

પ્રકરણ – ૧૧

(નિયમ સંગ્રહ-૧૦)

વિનિમયોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીઓને મળતુ માસિક મહેનતાણું

ક્રમ	અધિકારીકર્મચારીનું/ નામ	હોદ્દો	માસિક મહેનતાણું (પગાર ધોરણ)	(વળતરકુલ) ભથ્થુ/ પગાર	વિનિમયમાં જણાવ્યા મુજબ મહેનતાણુ નકકી કરવાની કાર્ય પધ્ધતિઓ
૧	ડૉ. આર. આર. આચાર્ય	સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) તથા યુનિટ અધિકારી	૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ (૧૪)	૨૯૦૧૬૨/-	આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના નિયમોનુસાર
૨	ડૉ. એન. એ. પટેલ	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૭૭૦૦-૧૮૨૪૦૦ (૧૦)	૧૨૩૫૭૬/-	
૩	ડૉ. એમ. એમ. પંડ્યા	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૭૭૦૦-૧૮૨૪૦૦ (૧૦)	૧૧૯૯૯૦/-	
૪	ડૉ. જ્યોતિબેન જી. દુલેરા	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૭૭૦૦-૧૮૨૪૦૦ (૧૦)	૧૧૦૮૯૫/-	
૫	શ્રી એચ. બી. અહવાર	ખેતી મદદનીશ	૨૯૨૦૦-૯૨૩૦૦ (૫)	૫૯૮૫૭/-	
૬	શ્રી જે. એસ. ગોહેલ	ખેતી મદદનીશ	૨૯૨૦૦-૯૨૩૦૦ (૫)	૫૭૮૮૭/-	
૭	શ્રીમતિ અંકિતા એ. પટેલ	ખેતી મદદનીશ	૨૫૫૦૦-૮૧૧૦૦ (૪)	૪૬૮૮૦/-	
૮	શ્રીમતિ દયાબેન બી. જિંજાળા	ખેતી મદદનીશ	૨૬૦૦૦ (ફિક્સ પે)	૨૬૦૦૦/-	
૯	શ્રી એ. બી. પરમાર	ખેતી મદદનીશ	૨૫૫૦૦-૮૧૧૦૦ (૪)	૪૯૨૪૮/-	
૧૦	શ્રી એ. કે. પરમાર	ખેતી મદદનીશ	૨૫૫૦૦-૮૧૧૦૦ (૪)	૪૯૨૪૮/	
૧૧	શ્રી ભૌતિક વી. ગોંડલિયા	ખેતી મદદનીશ	૨૬૦૦૦ (ફિક્સ પે)	૨૬૦૦૦/-	
૧૨	શ્રી મનુભાઈ પી. ચાવડા	ખેત મજૂર	૧૪૮૦૦-૪૭૧૦૦ (IS-૧)	૫૩૩૬૦/-	
૧૩	ડૉ. પાર્થ એમ. રહેવર	રીસર્ચ ઍસોસીએટ	૬૭૦૦૦ (ફિક્સ પે) + ૮% (એચ.આર.એ.)	૭૨૩૬૦/-	
૧૪	ડૉ. વિપુલ એન. કાપડિયા	રીસર્ચ ઍસોસીએટ	૬૭૦૦૦ (ફિક્સ પે) + ૮% (એચ.આર.એ.)	૭૨૩૬૦/-	
૧૫	શ્રી મનુભાઈ પી. ચાવડા	ખેત મજૂર	૧૪૮૦૦-૪૭૧૦૦ (IS-૧)	૫૩૩૬૦/-	
૧૬	ડૉ. હિલય દુધાત	સીનિયર રીસર્ચ ફેલો	૩૭૦૦૦ (ફિક્સ પે) + ૮% (એચ.આર.એ.)	૩૯૯૬૦/-	

પ્રકરણ - ૧૨

(નિયમ સંગ્રહ-૧૧)

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર

જુદી જુદી યોજનાઓ અન્વયે જુદી જુદી પ્રવૃતિઓ માટે અંદાજપત્રની વિગતોની માહિતી વર્ષ : ૨૦૨૪-૨૫

યોજનાનું નામ	બજેટ સદર	સુચિત અંદાજપત્ર (રૂ.લાખ)	મંજુર થયેલ અંદાજપત્ર (રૂ.લાખ)	છુટી કરેલ ચુકવેલ રકમ (હપ્તાની સંખ્યા) (રૂ.લાખ)	કુલ ખર્ચ (રૂ.લાખ)
મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ					
સ્કીમ ફોર રીસર્ચ ઈન વેજીટેબલ ક્રોપ્સ (નોન પ્લાન)	૫૦૧૩	૧૫૮.૫૦	૧૩૦.૪૨	૧૩૦.૪૨	૧૨૯.૮૫
પ્રોજેકટ ફોર રીસર્ચ ઈન પેસ્ટ કંન્ટ્રોલ એન્ડ પેસ્ટ ડીસીઝ ઈન વેજીટેબલ (નોન પ્લાન)	૫૦૨૬-૧	૧૧૯.૧૩	૩૯.૦૦	૯૩.૪૨	૯૩.૪૨
રીસર્ચ ઈન વેજીટેબલ ક્રોપ્સ (પ્લાન)	૧૨૯૯૩-૦૫	૧૧૯.૬૧	૧૨૫.૩૮	૧૨૫.૩૮	૧૨૫.૨૦
ડેવલોપમેન્ટ ઓફ હાઇબ્રીડ વેરાઇટીઝ ઇન કુકુરબીટ ક્રોપ્સ (પ્લાન)	૧૨૯૯૩-૩૦	૧૦૨.૩૮	૭૨.૨૨	૭૨.૨૨	૧૬.૪૯
રીવોલ્વીંગ ફંડ યોજના	૯૫૧૦-એ-૪	૫૫.૪૧	૫૫.૪૧	૫૫.૪૧	૦૫.૦૫

પ્રકરણ-૧૩

<u>સહાયકી કાર્યક્રમોના અમલ અંગીની પધ્ધતિ</u>

આ કેન્દ્ર દ્વારા સહાયકી કાર્યક્રમો હેઠળની હાલમાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જેથી તેના અમલ અંગેની પધ્ધતિ લાગુ પડતી નથી.

પ્રકરણ-૧૪

(નિયમ સંગ્રહ-૧૩)

<u>તેણે આપેલ રાહતો, પરમીટ કે અધિકૃતી મેળવનારની વિગત</u>

આ કેન્દ્ર દ્વારા રાહતો,પરમીટો કે અધિકૃતિઓ આપવામાં આવતી નથી તેથી લાગુ પડતુ નથી

પ્રકરણ-૧૫

(નિયમ સંગ્રહ-૧૪)

<u>કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો</u>

વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો

ખેડૂતો માહિતી લેવા આવે છે તેને તેજ દિવસે માહિતી મૌખિક રીતે તેમજ ઉપલબ્ધ સાહિત્ય પુરૂ પાડીને હાલમાં વિનામુલ્યે આપવામાં આવે છે.

પ્રકરણ-૧૬

(નિયમ સંગ્રહ-૧૫)

<u>વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી</u>

વીજાણુરૂપે ઉપલબ્ધ વિવિધ યોજનાઓની માહિતીની વિગતો **www.aau.in** ઉપર મુકવામાં આવેલ છે.

પ્રકરણ-૧૭

(નિયમ સંગ્રહ-૧૬)

<u>માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો</u>

- પ્રદર્શનો (સગ્રહાલય)
- નોટીસ બોર્ડ
- કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ
- આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની વેબસાઈટ **www.aau.in**

પ્રકરણ-૧૮

(નિયમ સંગ્રહ-૧૭)

અન્ય ઉપયોગી માહિતી

નમૂનો 'ક'

માહિતી માંગવા માટેની અરજીનો નમૂનો (જુઓ નિયમ - ૬)

આઈ ડી. નં.....

(કચેરી ઉપયોગ માટે)

પ્રતિ,

જાહેર માહિતી અધિકારીશ્રી,

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર,

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦

૧. અરજદારનું નામ : .....

૨. સરનામુ : .....

૩. માહિતીની વિગતો : .....

- સબંધિત વિભાગ : .....
- માંગેલી માહિતીની વિગતો :.....

૧. માંગેલી માહિતીનું વિવરણ : .....

૨. માંગેલી માહિતીનો સમયગાળો : .....

૩. અન્ય વિગતો : .....

૪. હુ જણાવુ છુ કે, માંગવામાં આવેલી માહિતી અધિનિયમની કલમ-૬ માં મુકવામાં આવેલા પ્રતિબંધો હેઠળની નથી અને મારી સંપૂર્ણ જાણકારી મુજબ તે આપની કચેરીને લગતી છે.

૫. સક્ષમ અધિકારીની કચેરીમાં તા..... ના નં..... થી ..... રૂા. ..... ની ફી જમા કરાવી છે.

સ્થળ :

તારીખ :

અરજદારની સહી : .....

ઈ-મેઈલ સરનામુ જો હોયતો : .....

ટેલીફોન નં. (કચેરી) : .....

(ઘર) : .....

માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવે તેવા સંજોગોમાં નાગરિકના અધિકાર અને અપીલ કરવા માટે ફર્સ્ટ એપેલેટ ઓથોરીટીનો સંપર્ક કરવા વિનંતી

ડો. એમ. કે. ઝાલા

સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી

સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦

એ.આઇ.એન.પી. ઓન એગ્રીકલ્ચરલ ઓર્નિથોલોજી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

ધી રાઇટ ટુ ઇન્ફર્મેશન એકટ, ૨૦૦૫ માટેની ઓર્નિથોલોજી વિભાગની માહિતી

૧. સંસ્થાનું સંસ્થાપન, ઉદેશો, કાર્યો અને ફરજોની વિગતો.

ગુજરાત રાજયમાં એ.આઇ.એન.પી. ઓન એગ્રીકલ્ચરલ ઓર્નિથોલોજી (બ.સ. ૨૦૮૪) યોજના ની સ્થાપના સને. ૧૯૮૨ માં તા. ૨૯-૧૧-૧૯૮૨ કરવામાં આવેલ હતી.

મુખ્ય ઉદેશો અને ફરજો :

- ખેતી પાકોમાં પક્ષીઓ દ્વારા થતા નુકશાનને ઘટાડવા માટેની આદર્શ નિયંત્રણ પધ્ધતીઓ વિકસાવવી.
- કીટકભક્ષી અને ઉંદર ઉપર નભતા ખેતીનાં પાકોમાં ઉપયોગી પક્ષીઓને આકર્ષિત કરવા.
- ખેતીપાકોમાં જોવા મળતી પક્ષીઓની જૈવિક વિવિધતા જાળવણી માટેનો અભ્યાસ કરવો.
- ખેડૂતોને પક્ષીઓના વ્યવસ્થાપન અંગેનું જ્ઞાન પૂરું પડવું.
- અનુસ્નાતક શિક્ષણની તાલીમ પૂરી પાડવી.

૨. સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

કેન્દ્રના કર્મચારીઓ અંગેનું માળખું:

અ.નં.	હોદ્દો	જગ્યાની સંખ્યા
૧.	વૈજ્ઞાનિક	૨
૨.	તાંત્રિક સ્ટાફ	૧
૩.	મદદનીશ સ્ટાફ	૧
૪.	વહીવટી સ્ટાફ	--

એ.આઇ.એન.પી. ઓન એગ્રીકલ્ચરલ ઓર્નીથોલોજી ના વડા તરીકે ડૉ. આર. કે. કુમર, સહ સંશોધન વૈજ્ઞાનિક (ઓર્નિથોલોજી) ફરજ બજાવે છે અને તેઓશ્રી સંશોધન, વહીવટી તેમજ અન્ય તાંત્રિક કામગીરી ઉપર સીધી દેખરેખ રાખે છે.

આ વિભાગના વૈજ્ઞાનિકો સાથે મળીને ઉદ્દેશો મુજબનું સંશોધન કાર્ય કરે છે. આ સંશોધનની કામગીરી સરળતાથી થઇ શકે તે માટે તાંત્રિક તેમજ મદદનીશ કર્મચારીઓ સહાયરુપ બને છે. જયારે કેન્દ્રની નાણાંકીય લેવડ-દેવડ, પગાર બીલો, અંદાજપત્ર જેવી કામગીરી વહીવટી કર્મચારીઓ સંભાળે છે.

૩. સંસ્થામાં કામકાજ અને નિર્ણય પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ:

આ વિભાગની સંશોધનની કામગીરી તેમજ તેને લગતા નિર્ણયો વિભાગીય વડા લે છે. તેમજ અન્ય વૈજ્ઞાનિકો સાથે પરામર્શ કરી સંશોધનની કામગીરીની દેખરેખ તેમજ અન્ય જવાબદારી અંગે આખરી નિર્ણય લે છે.

૪. **સંસ્થાનાં કાર્યો કરવા માટેના નિયત કરેલાં ધોરણોઃ**

આણંદ કૃષિ યુનિવર્સિટી સ્ટેચ્યુટ દ્વારા નિયત ધોરણો નકકી થયેલ છે.

૫. **સંસ્થાના કાર્યો કરવા માટે સંસ્થા ધ્વારા ઘડાયેલા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડઃ**

આ ઓર્નિથોલોજી વિભાગની કામગીરી કરવા માટે યુનિવર્સિટી દ્વારા ઘડાયેલ નિયમો, વિનિયમો, સૂચનાઓ વિગેરેને અનુસરવામાં આવે છે તેમજ કેન્દ્રને લગતો જરુરી રેકર્ડ નિભાવવામાં આવે છે. જુદા-જુદા ખેતીપાકો ઉગાડતા ખેડૂતોને પક્ષીઓ દ્વારા થતા નુકશાન ને નિયંત્રીત કરવા સબંધિત નિષ્ણાંત વૈજ્ઞાનિક દ્વારા રુબરુ અથવા ટેલિફોનથી ખેડૂતને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

૬. **સંસ્થા પાસેના દસ્તાવેજોના પ્રકારનું પત્રકઃ**

અત્રેના વિભાગ ખાતે કરવામાં આવતી સંશોધન, વહીવટી તેમજ હિસાબી કામકાજની નોંધ જે તે કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ પત્રકો/રજીસ્ટરોમાં કરવામાં આવે છે.

૭. **સંસ્થાની નીતિ ઘડવા અંગેના અથવા તેમના વહીવટ અંગેના જાહેર જનતા સાથેના પરામર્શ અથવા પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગતોઃ**

--- નીલ ----

૮. **સંસ્થાની વિવિધ સમિતિઓ અને તેમના ભાગ તરીકે અથવા તેની સલાહના ઉદ્દેશથી બે થી વધુ સભ્યોનાં બનેલાં એકમોની બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે કે કેમ અને આવી બેઠકોની કાર્યવાહી નોંધ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે કે કેમ, તે અંગેનું પત્રકઃ**

--- નીલ ----

૯. **સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની નિર્દેશિકાઃ**

અત્રેના સબ યુનિટમાં ફરજ બજાવતા સંશોધન વૈજ્ઞાનિકો, સહ સંશોધન વૈજ્ઞાનિકો, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, તાંત્રિક તેમજ અન્ય વહીવટી કર્મચારીઓ યુનિવર્સિટીના નિતી નિયમો મુજબ વિવિધ યોજનાઓની કામગીરીને ધ્યાનમાં રાખીને સંશોધન વૈજ્ઞાનિકશ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરીની વહેંચણી મુજબ ધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ફરજ બજાવે છે તેમજ તેઓશ્રી દ્વારા મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

૧૦. **દરેક અધિકારી અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણું અને નિયમો મુજબના વળતરની પધ્ધતિની માહિતીઃ**

યોજનાઓની કામગીરીને ધ્યાનમાં રાખીને સંશોધન વૈજ્ઞાનિકશ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરીની વહેંચણી મુજબ ઘિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ફરજ બજાવે છે તેમજ તેઓશ્રી દ્વારા મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

૧૦. દરેક અધિકારી અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણું અને નિયમો મુજબના વળતરની પધ્ધતિની માહિતીઃ

અ.નં	કર્મચારીનું નામ	હોદ્દો	કુલ માસિક પગાર (રૂા.)	બજેટ સદર
૧	ડૉ. આર. કે. કુમર	ઓર્નિથોલોજીસ્ટ	2,38,119/-	2084
૨	ડૉ. એન. આર. ચૌહાણ	જુનિયર ઓર્નિથોલોજિસ્ટ	1,16,340/-	2084
3	શ્રી. એ. એચ. નાયી	ટેકનિકલ આસિસ્ટન્ટ	65,719/-	2084

૧૧. સંસ્થાની એજન્સીની તમામ યોજનાઓની વિગતો, સૂચિત ખર્ચ અને કરેલી ચૂકવણીઓના અહેવાલ દર્શાવતું ફાળવેલું બજેટઃ

કેન્દ્ર હસ્તકની સંશોધન યોજનાઓ (આયોજન, બિન આયોજીત, આઇ.સી.એ.આર. રીવોલ્વીંગ ફંડ)

અ.નં	યોજના	બજેટ સદર	યોજનાનો પ્રકાર	અનુદાન આપનાર સંસ્થા
૧.	એ.આઇ.એન.પી.વી.પી.એમ એગ્રીકલ્ચરલ ઓર્નિથોલોજી	૨૦૮૪	આઇ.સી.એ.આર. રાજ્ય સરકાર (૭૫:૨૫)	આઇ.સી.એ.આર.,નવી દિલ્હી
૨.	એડવાન્સ રીસર્ચ ઓન પેસ્ટ મેનેજમેન્ટ થ્રુ બર્ડસ	૧૨૯૯૩-૨૦	એ.આઈ.એન.પી ઓન વી.પી.એમ., રાજ્ય સરકાર.	ગુજરાત રાજ્ય સરકાર
3.	રીવોલ્વીંગ ફંડ યોજના	૯૫૧૦-એ-૭૪	-	-

નાણાંકીય વર્ષ 2024-25 માં મળેલ ગ્રાન્ટ તેમજ થયેલ ખર્ચની વિગતોઃ

અ.નં	બજેટ સદર	ફાળવેલ ગ્રાન્ટ	તા.01-04-2024 થી તા.31-03-2025 સુધી થયેલ ખર્ચ
બ.સ. ૨૦૮૪- એ.આઇ.એન.પી. ઓન એગ્રીકલ્ચરલ ઓર્નિથોલોજી			
૧.	પગાર-ભથ્થા	42,68,720/-	41,60,140/-
૨.	ટી.એ.	78,333/-	50,991/-
3.	રીકરીંગ	7,10,000/-	6,48,563/-
૪.	નોન-રીકરીંગ	1,56,750/-	49,495/-
	કુલ સરવાળો	52,13,803/-	49,09,189/-
બ.સ. ૧૨૯૯૩-૨૦ (એડવાન્સ રીસર્ચ ઓન પેસ્ટ મેનેજમેન્ટ ઇન બર્ડસ)			
૧.	પગાર-ભથ્થા (ફેલો શીપ)	2,02,000/-	1,61,894/-
૨.	ટી.એ./ટ્રાવેલ	4,000/-	1,050/-
3.	રીકરીંગ	2,00,000/-	1,13,556/-
૪.	નોન-રીકરીંગ	1,00,000/-	94,895/-
૫.	ઓવરહેડ ચાર્જીસ	--	--
	કુલ સરવાળો	5,06,000/-	3,71,395/-

૧૩. સંસ્થા પાસેથી કોઇપણ પરવાનગીઓ અથવા અધિકારી પત્ર અથવા છુટછાટ / રાહત મેળવનાર અમલની પધ્ધતિઃ

--- નીલ ---

૧૪. સંસ્થા પાસે ઉપલબ્ધ અથવા તેમની પાસે રહેતી વીજાણું માધ્યમમાં રૂપાંતરિત (ઇલેકટ્રોનિકસ ફોર્મ) માહિતીની વિગતોઃ

આ સંશોધન કેન્દ્રમાં વાષિક અહેવાલ, અન્ય જરુરી માહિતી, ફોટોગ્રાફસ, સંશોધનની કામગીરીમાં જોડાયેલ કર્મચારીગણની માહિતી તેમજ અન્ય જરૂરી માહિતી વિજાણું માધ્યમ (કોમ્પ્યુટર) માં રાખવામાં આવે છે.

૧૫. સંસ્થામાં જાહેર ઉપયોગમાં રાખેલી પુસ્તકાલય અથવા વાંચન ખંડની સવલતો માટેના સમય સહિત નાગરિકોને માહિતી મેળવવા માટેની પ્રાપ્ત સગવડોની વિગતોઃ

આ કેન્દ્ર ખાતે નાનું પુસ્તકાલય પણ ઉપલબ્ધ છે. જેમાં અત્રેનાં વિભાગના જુદા જુદા વિષયોને લગતુ મર્યાદિત જરૂરી સાહિત્ય રાખવામાં આવે છે. જેનો ઉપયોગ કેન્દ્રના વૈજ્ઞાનિક, તાંત્રિક કર્મચારીઓ તથા વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ કામ કરતાં અનુસ્નાતક કક્ષાના વિધાર્થીઓ કરે છે.

૧૬. સંસ્થાએ નિયુકત કરેલા જાહેર માહિતી અધિકારીઓમાં નામ, હોદ્દાઓ અને અન્ય વિગતોઃ

જાહેર માહિતી અધિકારીઃ ડૉ. કે. સી. પટેલ, યુનિટ અધિકારી, આઇસીએઆર યુનિટ-૯, આકૃયુ, આણંદ
મદદનીશ જાહેર માહિતી અધિકારીઃ ડૉ. આર. કે. ઠુમર, સહ સંશોધન વૈજ્ઞાનિક (ઓર્નિથોલોજી)

૧૭. વખતો વખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની આવી અન્ય માહિતીઃ

--- નીલ ---

એનેક્ષર-બી

(સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૦૫-૨૦૦૯ના પરિપત્ર ક્રમાંક: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪ આર.ટી.આઇ. સેલનું બિડાણ)

॥પ્રમાણપત્ર॥

આથી પ્રમાણપત્ર કરવામાં આવેછે કે, માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો "પ્રોએક્ટીવ ડીસ્ક્લોઝર (PAD)" મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૦૧-૦૫-૨૦૨૩ (૨૦૨૩) ની સ્થિતીએ અમારી મંજુરી મેળવી અધ્યતન કરવામાં આવેલ છે.

તારીખ: 03.05.2025

ડૉ. આર.કે.ઠુમર

ઓર્નિથોલોજી વિભાગ

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

માઇક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ સેન્ટર (આઇ.સી.એ.આર.)

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦

મુદ્દા નં-૧: સંસ્થાનું સંસ્થાપન, ઉદ્દેશો, કાર્યો અને ફરજોની વિગત:

ખેતીમાં સૂક્ષ્મતત્વોના ઉપયોગનું મહત્વ સમજાતા ભારત સરકાર ધ્વારા અખિલ ભારતીય સંકલિત સંશોધન યોજના (AICRP) હેઠળ દેશના વિવિધ વિસ્તારોમાં સૂક્ષ્મતત્વો સંબંધિત સંશોધન કાર્યને શરૂ કરવામાં આવેલ, જેમાનું એક કેન્દ્ર ગુજરાતમાં કાર્યરત છે જે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હેઠળ આવેલ છે જે સપ્ટેમ્બર ૧૯૬૭ થી માઇક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ સેન્ટર (ICAR) ના નામે ઓળખાય છે. સદર સંશોધન કેન્દ્ર, હાલ આણંદ જીલ્લાના આણંદ ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીમાં કાર્યરત છે. આ સંશોધન યોજનાના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે

- જમીનમાં ગૌણ, સૂક્ષ્મતત્વોની ઉણપવાળા વિસ્તારોની તથા ભારે ધાતુની ઝેરી અસર અંગેની મોજણી કરવી.
- કુંડા પ્રયોગ તથા ક્ષેત્ર પ્રયોગ ધ્વારા ગૌણ તથા સુક્ષ્મતત્વોનો પ્રતિભાવ ચકાસવો.
- વિવિધ પાક અને પધ્ધતિઓમાં ગૌણ અને સૂક્ષ્મતત્વની ઉણપ તથા ઝેરી અસરોને સમજવી અને તેનું પ્રબંધન કરવું.
- વિવિધ પાકો અને જમીનો માટે ગૌણ અને સૂક્ષ્મતત્વોની ઉણપ અને ઝેરી અસરો માટે ક્રાંતિક માત્રા નક્કી કરવી.
- વિવિધ પાકોમાં સુક્ષ્મતત્વોની પૂર્તિ માટે સ્ત્રોત, પ્રમાણ, પધ્ધતિ, તથા સૂક્ષ્મતત્વોની કાર્યક્ષમતા વધારવા માટે કૃષિ તાંત્રિકતા વિકસાવવી.
- વિવિધ પાકો તથા પાક પધ્ધતિમાં ગૌણ અને સુક્ષ્મતત્વોની પૂર્તિની અસરો તપાસવી તેમજ વિવિધ ખાતરોની ઉપયોગીતા ચકાસવી.
- ખેડૂતોના ખેતરે કૃષિ તાંત્રિકતાનું નિર્દેશન કરવું તથા ખેડૂતદિન/ક્ષેત્રિય દિનનું આયોજન કરવું.
- સૂક્ષ્મતત્વો તથા ભારે ધાતુનો જમીન-છોડ-પાણી અને પ્રાણી/માણસોની તંદુરસ્તીનાં સંદર્ભમાં પ્રદૂષણ સંલગ્ન વિવિધ પાસાઓના અભ્યાસ કરવો.
- ગુજરાતના વાતાવરણ અને ભૌગોલિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખી વિવિધ જીલ્લાઓની જમીનોના થીમેટીક ફળદ્રુપતા નકશાઓ તૈયાર કરવા
- સજીવ ખેતી માટે ઉત્તમ તાંત્રિકતા ઉભી કરવી.
- જળ, જમીન, ખાદ્ય અને ઘાસચારાના પાકોમાં ભારે ધાતુના પ્રમાણનું સમયાંતરે નિરિક્ષણ કરવું.
- અગત્યના પાકોમાં પોષ્ટીકતાની દ્રષ્ટિએ અગત્યના સૂક્ષ્મતત્વોના પ્રમાણની મીકેનીઝમ સમજવી તથા પાકોના જુદા-જુદા ભાગોમાં સૂક્ષ્મતત્વોનું પ્રમાણ વધારવાની પધ્ધતિનો અભ્યાસ કરવો
નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા તા.કરજણ જી.વડોદરા (નર્મદા વિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર દ્વારા મંજુર કરેલ, મંજુરી નં. NPG/ ૧૦૮૭/ ૧૧, તા.૧૩/૧૧/૮૭ કાળી જમીન માટેના સંશોધન માટેનો પ્રોજેકટ ફેબ્રુઆરી,૧૯૮૯ થી શરૂ કરવામાં આવેલ છે. જે અનુસંધાને ખાંધા કેન્દ્ર ખાતેથી જુદાજુદા પાકોમાં ૩૫ જેટલી ખેડૂતઉપયોગી ભલામણો બહાર પાડવામાં આવી છે.

વર્ષ ૨૦૦૫ દરમ્યાન સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર દ્વારા પત્ર નં. ૧૬૮, તા.૬/૭/૨૦૦૫ થી મૂળ ઉદ્દેશોમાં ફેરફાર કરી કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓ હાથ ધરવા બાબતોના આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ સાથે કરાર થયેલ છે.

<u>ઉદ્દેશ્ય:</u>

૧. કૃષિ ક્ષેત્રે થયેલ સંશોધન અને સફળ ઈનોવેશનના નિદર્શન કરવા.

૨. નર્મદા કમાન્ડ વિસ્તારમાં જમીનનું ટેસ્ટીંગ કરવું.

૩. ખેડૂતોને તાલીમ આપવી, ખેડૂત દિનનું આયોજન વગેરે કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવી.

<u>કાર્યો અને ફરજો:</u>

ઉપરોકત યોજનાના ઉદ્દશ્યો પ્રમાણે કેન્દ્ર ઉપર વર્ષ ૧૯૮૯ થી ૨૦૦૫ દરમ્યાન શ્રેણીબધ્ધ રીતે કૃષિ સંશોધનની કામગીરી કરવામાં આવેલ છે, જે દરમ્યાન જુદા જુદા પાકોમાં કુલ ૩૫ ખેડૂત ઉપયોગી સંશોધનની ભલામણો બહાર પાડવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૦૫ થી કૃષિ સંશોધનના ઉદ્દેશોમાં ફેરફાર કરી કૃષિ વિસ્તરણકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત મેગાસીડ પ્રોજેક્ટ અને એડેપ્ટીવ ટ્રાયલ પ્રોજેક્ટ કાર્યરત છે, જે અનુરૂપ અત્રેના અધિકારી અને કર્મચારીઓ પોતાની ફરજ બજાવે છે.

(૨) સંસ્થાના અધિકારી અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

સંસ્થાના અધિકારી અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો નીચે મુજબ છે. તા.૧-૦૫-૨૦૨૩ ની સ્થિતિએ કુલ ૦૨ (બે) જગ્યાઓ પૈકી ૦૨(બે) જગ્યાઓ તથા ૦૧(એક) અવેજી સેવાઓ મળી કુલ ૦૩ (ત્રણ) જગ્યાઓ ભરેલ છે. આ ઉપરાંત, અન્ય ૦૫ (પાંચ) કરાર આધારીત કર્મચારીઓ યોજનાની કામગીરી માટે ખાંધા કેન્દ્ર ખાતે ફરજ બજાવે છે.

અ.નં.	નામ અને હોદ્દો	ફાળવેલ કામગીરી / જવાબદારી
	બ.સ. ૧૮૦૨૩	
૧	ડો.જે.એચ.ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક	➢ અત્રેના ખાંધા કેન્દ્ર ખાતે યુનિટ અધિકારી તરીકેની સંપૂર્ણ તાંત્રિક, વહિવટી તથા હિસાબી કામગીરી અને અત્રેના કેન્દ્ર ખાતે કામગીરી કરતા રેગ્યુલર તથા કરાર આધારિત કર્મચારીઓનું મોનીટરીંગ કરવાનું રહેશે. ➢ અત્રેના કેન્દ્ર ખાતે કાર્યરત તમામ યોજનાઓ જેવીકે, નર્મદા પિયત સંશોધન યોજના, મેગાસીડ પ્રોજેક્ટ, ક્લાસીફાઇડ વર્કસ અને એડેપ્ટીવ ટ્રાયલ યોજનાઓનું સંપૂર્ણપણે મોનીટરીંગ કરવાની જવાબદારી રહેશે.

		➢ ઉપાડ અને ચુકવણા અધિકારી તેમજ જાહેર માહિતી અધિકારી તરીકેની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. ➢ સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત નિદર્શનો, ખેડૂત તાલીમ/ખેડૂત શિબિર /ફિલ્ડ ડે/ખેડૂત દિન, બીજ ઉત્પાદન, પ્રકાશન તેમજ સંશોધન માટેના નવા તથા ઓન ગોઇંગ અખતરાનું મોનીટરીંગ કરવાની જવાબદારી રહેશે. ➢ સંપૂર્ણ ફાર્મની કામગીરીનું મોનીટરીંગ તેમજ ફાર્મના વિકાસને લગતી બાબતો અને ફાર્મની આવક ઉભી થાય તેવી ફાર્મ વ્યવસ્થાપન કરવાની જવાબદારી રહેશે. ➢ વખતો વખત આણંદ કૃષિ યુનિવર્સિટી/સરદાર સરોવર નર્મદા નિગમ લી. ના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવતા આદેશ/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
૨	શ્રી કે. જી. રૂપાસરી, ખેતી મદદનીશ **(અવેજી સેવા)**	➢ અત્રેના કેન્દ્ર ખાતે ફાર્મ વ્યવસ્થાપનની સંપૂર્ણ જવાબદારી રહેશે. જે તે ઋતુ મુજબ પાક યોજના તૈયાર કરી તે મુજબનું અમલીકરણ કરવાનું રહેશે. ➢ બ્રીડર/ફાઉન્ડેશન/સર્ટીફાઈડ/ટ્રૂથફૂલ બીજ ઉત્પાદન કાર્યક્રમ અન્વયે કરવાની થતી કાર્યવાહીની જવાબદારી રહેશે. ➢ દરેક ફાર્મ રેકોર્ડ/ફાઈલની સમયસર ચકાસણી કરી યોગ્ય રીતે જળવાય તેવી વ્યવસ્થા કરવી. ફાર્મ પેદાશની વેચાણની જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે તેમજ ફાર્મ ખાતે જરૂરીયાત મુજબના ખેત મજુરોની વ્યવસ્થા કરવાની મજુરો પર દેખરેખ રાખવાની કામગીરી કરવાની રહેશે. ➢ સ્ટોરને લગતી સઘળી કામગીરી જેવી કે જરૂરિયાત મુજબનું બિયારણ, ખાતર,દવાઓ, ઇંધણ તેમજ અન્ય ફાર્મ વપરાશ માટેની જરૂરી ચીજવસ્તુઓની ખરીદી, જાળવણી તેમજ વપરાશનું યોગ્ય વ્યવસ્થાપન કરવુ અને તેને સંલગ્ન વિવિધ રજીસ્ટરો નિભાવવાના રહેશે. ➢ તમામ ફાર્મ/લેબ ડેડસ્ટોક આઈટમની ખરીદી અને જાળવણી તથા ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવાની તેમજ રાઈટ ઓફની કામગીરીની જવાબદારી રહેશે. ➢ ફાર્મ ખાતે આવેલ ફળઝાડો તથા અન્ય ઝાડોનું યોગ્ય વ્યવસ્થાપન કરવાનું રહેશે તેમજ ઝાડ રજીસ્ટર નિભાવવાનું રહેશે. ➢ સંશોધન માટેના અખતરાની કામગીરીમાં મદદરૂપ થવાનું રહેશે. ➢ ક્લાસીફાઇડ વર્કસને લગતી કામગીરી કરવાની રહેશે. ➢ ફાર્મ તેમજ ફાર્મ બિલ્ડીંગમાં સાફ-સફાઈની કામગીરી તથા અન્ય સીવીલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મેઇટેનન્સ તેમજ પિયતની લાઈન મેઇટેનન્સ અને તેને સંલગ્ન કામગીરીની જવાબદારી રહેશે. ➢ ફાર્મના દરેક પ્લોટમાં પાકોમાં યોગ્ય ખાતર વ્યવસ્થા, પિયત વ્યવસ્થા, નિંદણ નિયંત્રણ, રોગ-જીવાત નિયંત્રણ અને સાફ સફાઈ માટે વિશેષ કાળજી રાખવાની રહેશે. ➢ અત્રેની કચેરી ખાતે ફરજ બજાવતા કરાર આધારીત ખેતી મદદનીશોની મદદ લઇ સાથે રાખી ઉપરોક્ત કામગીરીનું સંચાલન કરવાનું રહેશે.
૩	શ્રી એમ જી. પટેલ, જુનિયર ક્લાર્ક	➢ વહિવટી તેમજ હિસાબી બાબતોને લગતી સઘળી કામગીરી તેમજ તેને સંલગ્ન રજીસ્ટર/રેકોર્ડ યોગ્ય રીતે જાળવવાની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. ➢ અત્રેના કેન્દ્ર ખાતે કાર્યરત તમામ યોજનાઓની નાણાંકીય બાબતો, ઓડીટ, બજેટનું તેમજ બધી જ પ્રકારની વહિવટી/હિસાબી બાબતોને લગતી કામગીરી

		કરવાની રહેશે. સ્ટાફના પગાર-ભથ્થા, વિવિધ પ્રકારના બીલો, કર, વીમા, સેવાપોથીની બાબતો, આવક-જાવક રજીસ્ટર, આવક-ખર્ચ, ખરીદીની પ્રક્રિયા વગેરેની યોગ્ય રીતે ચકાસીને તેને લગતી જરૂરી કામગીરી કરવાની રહેશે. ➢ તમામ ઓફીસ ડેડસ્ટોક આઈટમની ખરીદી અને જાળવણી તથા ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવાની તેમજ રાઈટ ઓફની કામગીરીની જવાબદારી રહેશે. ➢ અત્રેના ખાંધા કેન્દ્ર ખાતે સિક્યુરીટીને લગતી બાબતોની જવાબદારી નિભાવવાની રહેશે. ➢ મદદનીશ જાહેર માહિતી અધિકારીને લગતી કામગીરી કરવાની રહેશે. ➢ ઓફીસ બિલ્ડીંગ મેઈન્ટેનન્સ/સોલર પાવર સીસ્ટમની જાળવણી કરવાની જવાબદારી રહેશે. ➢ GeM પોર્ટલ પરથી ખરીદીની કામગીરીમાં મદદરૂપ થવાનું રહેશે.

(૩) સંસ્થાના કામકાજ અને નિર્ણય પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતી (તેમાં દેખરેખ અને જવાબદારીઓ માટેની ચેનલોની બાબતનો સમાવેશ થવો જરૂરી છે.)

નર્મદા પિયત સંશોધન યોજના હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક ચાલતી તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લી. (અધર એજન્સી) પુરસ્કૃત યોજના છે. જે અંતર્ગત હાલમાં યોજનાના ઉદ્દેશને અનુલક્ષીને વિવિધ કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે જેવી કે નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે ઓન રીસર્ચ ફાર્મ તથા ખેડૂતોના ખેતરે નિદર્શનો ગોઠવવા, જમીનનું ટેસ્ટીંગ કરી રીપોર્ટ આપવો, ખેડૂતોને તાલીમ આપવી, ખેડૂત શિબિર/ફિલ્ડ ડે કાર્યક્રમો યોજવા, કૃષિ વિષયક સાહિત્યનું વિતરણ કરવું, સુધારેલ બીજ વિતરણ વગેરે. સામાન્ય રીતે કૃષિ યુનિવર્સિટીમાં પ્લાન યોજનાઓ, નોન પ્લાન યોજનાઓ તેમજ અધર એજન્સી યોજનાઓ દ્વારા શિક્ષણ, સંશોધન તેમજ વિસ્તરણ પ્રવૃત્તિઓની કામગીરી કરવામાં આવે છે. પ્લાન અને નોન પ્લાન યોજનાઓમાં સરકારશ્રી તરફથી સીધું જ ફંડ અપાય છે જયારે અધર એજન્સી પ્રોજેકટમાં પ્રાઈવેટ કંપનીઓ, નિગમો તરફથી નકકી કરેલ હેતુઓ માટે કરાર કરેલ સમયગાળા દરમ્યાન ૧૦૦% અનુદાન મળતુ હોય છે. જેમાં નાણાંકીય તેમજ તાંત્રિક નિયંત્રણ યુનિવર્સિટીના કુલપતિશ્રીનું હોય છે. આ પ્રોજેકટ હેઠળ ખેડૂતો માટે જે કઈ સંશોધન કે વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેનો વિગતવાર અહેવાલ વખતો વખત અનુદાન આપનાર એજન્સીને મોકલવામાં આવે છે તેમજ ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ સરકારશ્રીને મોકલવામાં આવે છે. આ યોજનામાં જે કંઈ ફંડ વાપરવામાં આવે છે તેનું લોકલ ફંડ મારફતે ઓડીટ થાય છે તેમજ ઓડીટ યુટીલાઈઝેશન સર્ટીફીકેટ અનુદાન આપનાર અધર એજન્સીને મોકલી આપવામાં આવે છે. આમ વહીવટી, તાંત્રિક તેમજ નાણાંકીય નિયંત્રણ યુનિવર્સિટીનું રહે છે તથા અધર એજન્સીમાં કામ કરતા કર્મચારીઓ આણંદ કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓ હોય છે. આ ઉપરાંત, મેગાસીડ પ્રોજેક્ટ (રીવોલ્વીંગ ફંડ) અંતર્ગત બીજ ઉત્પાદન કાર્યક્રમ લેવામાં આવે છે અને આવક મેગા સીડ પ્રોજેક્ટ બજેટ સદરમાં જમા કરવામાં આવે છે. એડેપ્ટીવ ટ્રાયલ પ્રોજેક્ટ અંતર્ગત નવી જાતો/ભલામણોના નિદર્શનો ખેડૂતોના ખેતરે ગોઠવવામાં આવે છે, જેનો વિગતવાર રીપોર્ટ સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદને મોકલવામાં આવે છે.

(૪) સંસ્થાના કાર્યો કરવા માટેના નિયત કરેલ ધોરણો.

આ યોજના હેઠળ નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે ઓન રીસર્ચ ફાર્મ તથા ખેડૂતોના ખેતરે નિદર્શનો ગોઠવવા, જમીનનું ટેસ્ટીંગ કરી રીપોર્ટ આપવો, કૃષિ ક્ષેત્રે થયેલ સંશોધન અને સફળ ઈનોવેશનના નિદર્શનો કરવા, ખેડૂતોને તાલીમ આપવી, ખેડૂત શિબિર/ફિલ્ડ ડે/ખેડૂત દિન યોજવા, કૃષિ

વિષયક સાહિત્યનું વિતરણ કરવું, સુધારેલ બીજ વિતરણ, અખતરા વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેનુ આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લી. ના અધિકારીઓ દ્વારા વાર્ષિક વિશ્લેષણ કરવામાં આવે છે તેમજ આગામી વર્ષ માટે તાંત્રિક કાર્યક્રમ તેમજ નાણાંકીય બજેટ નકકી કરવામાં આવે છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામકશ્રી લાયઝનીંગ ઓફીસર તરીકે હોય છે. આ ઉપરાંતના અન્ય પ્રોજેક્ટ જેવા કે, મેગાસીડ પ્રોજેક્ટ અને એડેપ્ટીવ ટ્રાયલ યોજનાઓ પણ સંશોધન નિયામકશ્રીની કચેરીના દેખરેખ હેઠળ કાર્યરત છે.

(૫) સંસ્થાના કાર્યો કરવા માટે સંસ્થા દ્વારા ઘડાયેલા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ.

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના નર્મદા પિયત સંશોધન યોજના, ખાંધા કેન્દ્ર દ્વારા મુદ્દા નં. ૪ માં જણાવ્યા મુજબ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા બાબતોના સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર સાથે કરાર થયેલ છે. જે અનુસંધાને વિવિધ પ્રવૃત્તિઓના વાર્ષિક રીપોર્ટ સંશોધન નિયામકશ્રીના કચેરી મારફત સરદાર સરોવર નર્મદા નિગમના કાર્યવાહક સંચાલકશ્રી(કૃષિ)ને મોકલી આપવામાં આવે છે જેનું રીવ્યુ કરી આગામી વર્ષ માટેનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંતના પ્રોજેક્ટનો રીપોર્ટ પણ સંશોધન નિયામકશ્રીની કચેરીને મોકલવામાં આવે છે. આ ઉપરાંત, વહીવટી બાબતોને લગતા રીપોર્ટ તથા માહિતી અધિકાર અંગેના રીપોર્ટ વખતોવખત કુલસચિવશ્રીની કચેરીને મોકલવામાં આવે છે તથા નાણાકીય બાબતો અંગેની માહિતી હિસાબ નિયામકશ્રીને મોકલવામાં આવે છે. અત્રેના કેન્દ્ર ખાતે સંસ્થાના કાર્યો કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના વખતો વખત નકકી થયેલ નિયમો લાગુ પડતા હોય છે.

(૬) સંસ્થા માટેના દસ્તાવેજોના પ્રકારનું પત્રક

આ યોજના શરૂ થઈ ત્યારે યુનિવર્સિટીના અધિકારીઓ મારફત ખેતીને લગતી જમીનો સંપાદન કરવામાં આવેલ આ જમીનના પાકા દસ્તાવેજો સંસ્થા પાસે રાખવામાં આવેલ છે. વધુમાં આ યોજના હેઠળ ફાર્મની કામગીરીને લગતા, જાહેર માહિતીને લગતા, વહીવટ અને નાણાંકીય બાબતો, કૃષિ વિસ્તરણ અને સંશોધનની પ્રવૃત્તિઓને લગતા વગેરે રજીસ્ટરો, દસ્તાવેજોના નિયત પત્રકો નિભાવવામાં આવે છે.

(૭) સંસ્થાની નીતી ઘડવા અંગેના અથવા તેમના વહીવટ અંગેના જાહેર જનતા સાથેના પરામર્શ અથવા પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગતો.

કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/૨જી/લીગલ/ સી.સી.૨/૧૨૦/૧૩, તા.૧૨/૦૩/૧૩ પત્ર અન્વયે જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ જાહેર કરેલ છે. આ ઉપરાંત અત્રેના કેન્દ્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ખેડૂતોના ખેતરે નિદર્શનો ગોઠવવા, ખેડૂતોના તાલીમ કાર્યક્રમો, ખેડૂત શિબિર વગેરે કાર્યક્રમો અંતર્ગત ખેડૂતો/જાહેર જનતા સાથે પરામર્શ કરવામાં આવે છે અને તેમના તરફથી પૂછવામાં આવતા પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવે છે. આ ઉપરાંત અત્રેના કેન્દ્રને લાગુ પડતી માહિતી જયારે પણ કોઈ વ્યક્તિ દ્વારા માંગવામાં આવે છે, ત્યારે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના નિયમો અનુસાર સમયસર માહિતી આપવામાં આવે છે.

(૮) સંસ્થાની વિવિધ સમિતિઓ અને તેમના ભાગ તરીકે અથવા તેમની સલાહના ઉદ્દેશથી બે થી વધુ સભ્યોના બનેલા એકમોની બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે કે કેમ? અને આવી બેઠકોની કાર્યવાહી નોંધ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે કે કેમ? તે અંગેનું પત્રક.

લાગુ પડતુ નથી.

(૯) સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની નિર્દેશિકા.

મુદ્દા નં. ૨ માં સંસ્થાના અધિકારી તેમજ કર્મચારીઓની સત્તા અને ફરજો બતાવેલ છે તેમજ નિર્દેશિકા ઉપલબ્ધ છે.

(૧૦) દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું અને નિયમો મુજબના વળતરની પધ્ધતીની માહિતી.

અત્રેના કેન્દ્રના દરેક અધિકારી અને કર્મચારીઓને સરકારશ્રીના નિતીનિયમ અનુસાર તેમના હોદ્દાની રૂએ મળવાપાત્ર માસિક મહેનતાણું અને નિયમો મુજબના વળતરની પધ્ધતીની માહિતી ઉપલબ્ધ છે.

અ.ન	જગ્યાનું નામ	અધિકારી/ કર્મચારીનું નામ	પગાર ધોરણ
૧	મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક	ડો. જે. એચ. ચૌધરી	૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ (પે-મેટ્રિક લેવલ-૧૦)
૨	ખેતી મદદનીશ (અવેજી સેવા)	શ્રી કે. જી. રૂપાસરી	૨૫,૫૦૦-૮૧,૧૦૦ (પે-મેટ્રિક લેવલ-૪)
૩	જુનિયર ક્લાર્ક	શ્રી એમ. જી. પટેલ	૨૬,૦૦૦/- ફિક્સ

(૧૧) સંસ્થાની એજન્સીની તમામ યોજનાઓની વિગતો, સૂચિત ખર્ચ અને કરેલી ચૂકવણીઓના અહેવાલ દર્શાવતું ફાળવેલ બજેટ.

વર્ષઃ ૨૦૨૪-૨૫			
અ.નં.	યોજનાનું નામ અને બજેટ સદર	ફાળવેલ ગ્રાન્ટ(₹)	થયેલ ખર્ચ (₹)
૧	નર્મદા પિયત સંશોધન યોજના, બ.સ.૧૮૦૨૩	૯૯,૫૩,૦૦૦=૦૦	૯૨,૫૭,૩૯૯=૦૦
૨	એડેપ્ટીવ ટ્રાયલ, બ.સ. ૧૨૯૩૭	૨૫,૦૦૦=૦૦	૨૫,૦૦૦=૦૦
૩	મેગાસીડ યોજના,બ.સ. ૨૦૩૦-૧૦-એ	૧૧,૪૪,૫૯૧=૦૦	૯,૦૮,૩૮૭=૦૦
૪	કલાસીફાઇડ વર્કસ, બ.સ. ૧૨૬૦૦	૩,૪૦,૦૦૦=૦૦	૩,૪૦,૦૦૦=૦૦

(૧૨) ફાળવેલ સહાયકી અને સહાયકી કાર્યક્રમોના લાભાર્થીઓની વિગત સહિત આવા કાર્યક્રમોના અમલ પધ્ધતી.

અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓના ઉદ્દેશોને અનુલક્ષીને યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વાર્ષિક આયોજન મુજબ વિવિધ કૃષિ વિસ્તરણની, સંશોધનની તેમજ ફાર્મને લગતી કામગીરી કરવામાં આવે છે.

(૧૩) સંસ્થા પાસેથી કોઈપણ પરવાનગીઓ અથવા અધિકારપત્ર અથવા છુટછાટ/રાહત મેળવનાર અંગેની વિગતો.

લાગુ પડતુ નથી.

(૧૪) સંસ્થા પાસે ઉપલબ્ધ તથા તેમની રહેતી વીજાણું માધ્યમમાં રૂપાંતરીત (ઈલેકટ્રોનિકસ ફોર્મ) માહિતીની વિગતો.

લાગુ પડતુ નથી.

(૧૫) સંસ્થામાં જાહેર ઉપયોગમાં રાખેલી પુસ્તકાલય અથવા વાંચન ખંડની સવલતો માટેના સમય સહિત નાગરીકોના માહિતી મેળવવા માટેની પ્રાપ્ત સગવડોની વિગતો.

લાગુ પડતુ નથી.

(૧૬) સંસ્થાએ નિયુકત કરેલા જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દાઓ અને અન્ય વિગતો.

નર્મદા પિયત સંશોધન યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા માટે ધ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ સબબ જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીની નિમણૂંક કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કાર્યાલય આદેશ નં આકૃયુ/૨જી/લીગલ/ સી.સી.૨/૧૨૦/૧૩, તા.૧૨/૦૩/૧૩ પત્ર અન્વયે જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ જાહેર કરેલ છે.

૧) જાહેર માહિતી અધિકારી : ડો. જે.એચ.ચૌધરી
મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક
નર્મદા પિયત સંશોધન યોજના,
આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા

૨) મદદનીશ જાહેર માહિતી અધિકારી : સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ
નર્મદા પિયત સંશોધન યોજના,
આણંદ કૃષિ યુનિવર્સિટી, ખાંધા

નોંધ: વર્ષ ૨૦૨૨-૨૩ થી SSNNL, ગાંધીનગર દ્વારા સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટની જગ્યા ૨૬ કરેલ છે.

(૧૭) વખતો વખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની આવી અન્ય માહિતી.

અત્રેના કેન્દ્ર ખાતેથી દર ત્રણ માસના અંતે જાહેર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે ત્રિમાસીક રીપોર્ટ મોકલવામાં આવે છે તથા વખતોવખત માંગવામાં આવતી માહિતી સમયસર મોકલવામાં આવે છે.

:: **એનેક્ષર-બી** ::

(સામાન્ય વહીવટી વિભાગના તા.૧/૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંકઃ-પીએડી-૧૦-૨૦૦૭ -૩૩૫૩૬૪-આર.ટી.આઈ. સેલનું બિડાણ)

- : પ્રમાણપત્ર :-

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો પ્રોએકટીવ ડીસ્કલોઝર (PAD) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૦૧/૦૫/૨૦૨૫ ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અધતન કરવામાં આવેલ છે.

તારીખ: ૧૨/૦૫/૨૦૨૫

(જે.એચ.ચૌધરી)
યુનિટ અધિકારી
નર્મદા પિયત સંશોધન યોજના,
આણંદ કૃષિ યુનિવર્સિટી,ખાંધા

AAU ડૉ. ભરત એન. પટેલ યુનિટ અધિકારી	કઠોળ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી મોડલ ફાર્મ, વડોદરા. Email: prsvad@aau.in	Azadi Ka Amrit Mahotsav
નં .આકૃયું/કસંકે/વહટ/ 31 /૨૦૨૫		તા. 03/05/૨૦૨૫

પ્રતિ,

કુલસચિવ

આણંદ કૃષિ યુનિવર્સિટી,

આણંદ.

વિષય : The right to information Act 2005

સંદર્ભ : આપશ્રી કચેરી પરિપત્ર જા.નં.આકૃયુ/૨જી/લીગલ/૭૬/૨૦૨૫

તા. ૦૨ .૦૫.૨૦૨૫

માનનિય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણવવાનુ કે, કઠોળ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, વડોદરાની સંદર્ભ પત્ર મુજબ તા. ૦૧.૦૫.૨૦૨૫ ની પરિસ્થિતીએ અધતન ૧૭ મુદ્દા ઓની માહિતી આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

સામેલ : ઊપર મુજબ

યુનિટ અધિકારી

કઠોળ સંશોધન યોજના

આણંદ કૃષિ યુનિવર્સિટી

મોડલ ફાર્મ, વડોદરા

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) અન્વયે જાહેર સત્તા મંડળે કરવાના થતા પ્રો એક્ટીવ ડીસ્કલોઝર

૧. સંસ્થા નું સંસ્થાપન, ઉદેશો, કાર્યો અને ફરજોની વિગત

કઠોળ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટીનાં એક અલગ યુનિટ તરીકે કાર્ય કરે છે. કેન્દ્ર ખાતે કઠોળ પાકો જેવા કે તુવેર, મગ, અડદ વગેરે પાકોમાં સંશોધનને લગતી કામગીરી હાથ ધરવામાં આવે છે. તદઉપરાંત કેન્દ્ર ધ્વારા વિવિધ પાકોનું ગુણવત્તા સભર બીજ ઉત્પાદન કરવું, કેન્દ્રની મુલાકાત લેતાં ખેડૂતોને જરૂરી ખેતીવિષયક માગદર્શન આપવું, કેન્દ્ર ખાતે તેમજ ખેડૂતોનાં ખેતરે નવીનતમ જાતોના નિદર્શનો ગોઠવવા વગેરે કામગીરી હાથ ધરવામાં આવે છે.

૨ સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

કઠોળ સંશોધન કેન્દ્ર હસ્તકનાં અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ સત્તાઓ અને ફરજો નીચે મુજબ છે.

અ.નં.	અધિકારીશ્રી/કર્મચારીનું નામ હોદ્દો	કામગીરીની વિગત
૧	ડૉ. ભરત એન. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનીક (પ્લાન બ્રીડીંગ)	• કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓના સંકલન અને વહીવટને લગતી કામગીરી • કેન્દ્ર ખાતે વિવિધ પાકોનું આયોજન અને સંશોધન કાર્યો ઉપર સંપૂર્ણ દેખરેખ. • કેન્દ્ર ખાતે ફાર્મના વિકાસ પરત્વે દેખરેખની કામગીરી • કેન્દ્ર ખાતે આવેલ ફાર્મના ફાર્મ મેનેજરશ્રી તરીકેની સઘળી કામગીરી • મુખ્ય માહિતી અધિકારી તરીકેની કામગીરી • એગ્રેસ્કો રીપોર્ટ તથા ખેડૂત ઉપયોગી ભલામણો તૈયાર કરી સંબંધિત પેટા સમિતિમાં રજુ કરવી. • ઉપાડ અને ચુકવણા અધિકારી તરીકેની કામગીરી. • જીલ્લા નોડલ વૈજ્ઞાનિક, વડોદરા જીલ્લા અંતર્ગત કામગીરી • અનુસ્નાતક અભ્યાસક્રમમાં શિક્ષણ તથા માન્ય ગાઈડ તરીકેની કામગીરી. • પ્લાન્ટ બ્રીડીંગ વિભાગને લગતી સંશોધનની કામગીરી અંગે માર્ગદર્શન. • બ્રીડર બીજ ઉત્પાદન આયોજન • મા. સંશોધન નિયામકશ્રી સોંપે તે કામગીરી
૨	દીપ ભાલોડીયા રીસર્ચ એસોસીએટ (પ્લાન બ્રીડીંગ) (ટેક-૧)	• પ્લાન્ટ બ્રીડીંગ વિભાગ તથા જીનેટીક એનહાન્સમેન્ટ એન્ડ પ્રોડકશન ટેકનોલોજી યોજના અંતર્ગત અખતરાઓ હાથ ધરવા અને પરિણામો તૈયાર કરી સહ સંશોધન વૈજ્ઞાનીક (પ્લાન્ટ બ્રિડીંગ)ના માર્ગદર્શન હેઠળ એગ્રસ્કો રીપોર્ટ તૈયાર કરવાની કામગીરી • બ્રીડર બીજ રજીસ્ટર/ટેગની નિભાવણી યુનિટ અધિકારીના માર્ગદર્શન મુજબ કરવી • ઝર્મ પ્લાઝમ રજીસ્ટર નિભાવવું, ક્રોસીંગ પ્રોગ્રામ, બ્રીડર બીજ ઉત્પાદનમાં મદદ કરવી • પ્લાન્ટ બ્રિડીંગ અખતરાને લગતી પાક યોજના તૈયાર કરવી • બાગાયત પોલિટેકનીકમાં શિક્ષણ • યુનિટ અધિકારી સોંપે તે કામગીરી

૩	ડો. અંકિત આર. પટેલ રીસર્ચ એસોસીએટ (ટેક-૨)	• એગ્રોનોમી વિભાગ તથા ઓર્ગેનિક ફાર્મિંગ યોજનાને લગતા અખતરાઓ હાથ ધરવા, અવલોકન લેવા, પાક યોજના તૈયાર કરવી અને આંકડાકીય પૃથ્થકરણ કરી સહ સંશોધન વૈજ્ઞાનીક ના માર્ગદર્શન હેઠળ એગ્રસ્કો રીપોર્ટ તૈયાર કરવાની સંપૂર્ણ કામગીરી. • બ્રીડર સીડ મેનેજમેન્ટ સિસ્ટમ હેઠળ બ્રીડર બીજ માહિતીનું સંકલન • ઓર્ગેનીક અખતરાને લગતી પાક યોજના તૈયાર કરવી • કેન્દ્ર ખાતે આવતા મુલાકાતીઓને જરૂરી માર્ગદર્શન આપવું અને રજીસ્ટર નિભાવવું. • GeM પર તમામ ખરીદીનું આયોજન તથા ખરીદીમાં માર્ગદર્શન આપવું • હવામાનને લગતા અવલોકનોનો માસિક રીપોર્ટ તૈયાર કરાવી મીટીરીયોલોજી ડીપાર્ટમેન્ટ આણંદ ખાતે મોકલી આપવો. • કેન્દ્ર ખાતે આવેલ તમામ IT ને લગતા ઇન્સ્ટ્રુમેન્ટ/ઇક્વિપમેન્ટ/ટેલિફોન/ પ્રિન્ટર્સ/ કોમ્પ્યુટર /વિગેરે ચાલુ હાલતમાં રહે તે અંગેની સઘળી કામગીરી. • એડેપ્ટીવ ટ્રાયલને લગતી તમામ કામગીરી. • ક્લાસીફાઇડ વર્કને લગતી તમામ કામગીરી. • ફાર્મના વિકાસ માટે યુનિટ અધિકારીશ્રી સાથે પરામર્સ કરી જરૂરી આયોજન કરી તેનો અમલ કરવો. • ફાર્મને લગતા ઓડીટ વાંધાઓ અંગે સંલગ્ન અધિકારી / કર્મચારીની સાથે ચર્ચા કરી જવાબ / નિકાલ કરવો. • યુનિટ અધિકારીશ્રી સોંપે તે કામગીરી
૪	શ્રી પંકજકુમાર જી. રાઠવા, ખેતી મદદનીશ (સ્ટોર)	• સ્ટોર વિભાગ અંતર્ગત તમામ કામગીરી • કઠોળ સંશોધન કેન્દ્રના તમામ બજેટ હેડના સ્ટોરને લગતી સઘળી કામગીરી તથા તેના સંલગ્ન તમામ રજીસ્ટરો જાળવણી / નિભાવણી • GeM પર તમામ ખરીદીનું આયોજન તથા ખરીદી • બ્રીડર બીજને લગતા તમામ પત્ર વ્યવહાર/રેકોર્ડની નીભાવણી • પ્લાન્ટ બ્રીડીંગ અંતર્ગત બ્રીડીંગ સ્ટોરની નિભાવણી તથા જળવણી • જે તે ખેતી મદદનીશની ગેરહાજરીમાં તેની સંલગ્ન કામગીરી સંભાળવી • કચેરીના વાહનની લોગબુક અને હિસ્ટ્રીશીટની જાળવણી/નિભાવણી • ફાર્મ ઓજારો, ટ્રેક્ટર તથા બોરેલો જીપ વિગેરેની મરામત, જાળવણી / નિભાવણી • યુનિટ અધિકારીશ્રી દવારા સોંપવામાં આવે તે કામગીરી
૫	શ્રી બી.બી. હળપતિ ખેતી મદદનીશ (ટેક-૨ એ)	• કેન્દ્ર ખાતેના શ્રમયોગીઓની હાજરી તથા મસ્ટર અંગેની તમામ ક્ષેત્રીય કામગીરી • શ્રમયોગી હાજરી અંગેના રેકર્ડની જાળવણી તથા નિભાવણી • બ્રીડર/જનરલ બીજ ઉત્પાદનને લગતી તમામ વાવણી, કાપણી બાદની તમામ પ્રક્રિયાયો પૂર્ણ થયેથી સ્ટોરમાં ઉત્પાદન જમા કરાવાની તમામ ક્ષેત્રીય કામગીરી • બીજ ઉત્પાદન પ્લોટમાં ફાળવવામાં આવતા મજુરોની દેખરેખ/કામગીરી કરાવવી. • જનરલ પાક ઉત્પાદન/ રીવોલ્વીંગ ફંડ હેઠળ પાક આયોજનની કલ્ટીવેશન શીટ તથા પાક યોજના બનાવવાની કામગીરી • યુનિટ અધિકારીશ્રી સોંપે તે કામગીરી

૬	શ્રીમતી પી. સી. પટેલ, ખેતી મદદનીશ (ટેક-૨ બી)	• પ્લાન્ટ બ્રીડીંગ/એગ્રોનોમી વિભાગના સ્વખતરામાં ફાળવવામાં આવતા મજૂરોની દેખરેખ/ કામગીરી કરાવવી • પ્લાન્ટ બ્રીડીંગના સ્વખતરામા વાવણી થી કાપણી સુધીની તમામ સ્ટેપીંગ કામગીરી તેમજ મજૂરોની દેખ-રેખ • પ્લાન્ટ બ્રીડિંગ સ્વખતરામા વિવિધ અવલોકનો લેવા તથા તેના અવલોકન રજીસ્ટરમાં નોંધી પૃથક્કરણ માટે ટેક-૧મા જમા કરાવી રજીસ્ટરોની નિભાવણી તથા જાળવણી • બ્રીડર/જનરલ બીજ ઉત્પાદનને લગતી તમામ વાવણી, કાપણી બાદની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થયેથી સ્ટોરમાં ઉત્પાદન જમા કરાવવાની તમામ સ્ટેપીંગ કામગીરી • કઠોળ સંશોધન કેન્દ્રના ડેડસ્ટોકને લગતી સઘળી કામગીરી તેમજ તેને સંલગ્ન રજીસ્ટરો જાળવણી / નિભાવણી • સીક્યુરીટી અંગેની તમામ કામગીરી • કચેરી ખાતે બગીચા વિકાસ અને જાળવણી તથા ગાર્ડ રજીસ્ટરની નિભાવણી • બળદની નિભાવણી તથા સારવાર ખાણ-દાણ રજીસ્ટર નિભેરે નિભાવણી/જાળવણી • યુનિટ અધિકારી સોંપે તે કામગીરી
૭	શ્રીમતી એ.એમ. રોહીત સી. કલાર્ક, (વહટ/એકાઉન્ટ)	• Est./ADMને લગતી તમામ કામગીરી • કેશ ટેબલને લગતી સઘળી કામગીરી જનરલ તથા રીવોલ્વીંગ ફંડ તથા તેને લગતા આનુસાંગીક રજીસ્ટરોની નિભાવણી • વહીવટ ટેબલને લગતી તમામ કામગીરી જેવી કે કર્મચારીઓની સેવાપોથી તથા પર્સનલ ફાઈલની નિભાવણી, ઈજાફા, પગાર ફીકસેશનની કામગીરી, પેન્શનને લગતી કામગીરી, જામીનખત, માસિક/ત્રિમાસિક ચાર્જપત્રક, ખાનગી એકેવાલ વગેરે • રેકર્ડ રૂમની જાળવણી • માહિતી અધિકાર કાયદો-૨૦૦૫ અંતર્ગત ત્રીમાસીક માહિતી મોકલવી • કેશ ટેબલ ઓડીટને લગતી કામગીરી • રોજગાર કચેરી વડોદરાને ત્રીમાસીક માહિતી મોકલવી • પગારબીલ તથા તેને સંલગ્ન રજીસ્ટરો નિભાવવાની તથા ઈન્કમટેક્ષ કામગીરી • AAU website તેમજ prsvad@aau.in ના મેલમાં આવતા પરિપત્રો/પત્રોના રજવાડે તથા કચેરી આઉટવર્ડની કામગીરી • આવક-ખર્ચ,પેશગીનું રજીસ્ટર, ડીપોઝીટ રજીસ્ટરની નીભાવણી, આવક-ખર્ચનું વર્ગીકરણ • યુનીટ અધિકારીશ્રી તરફથી જે કાંઈ કામગીરી સોંપવામાં આવે તે
૮	શ્રી એમ.બી. ચૌહાણ (ટ્રેકટર ડ્રાઈવર)	• ટ્રેકટર તથા આકસ્મિક સંજોગોમાં જીપ ચલાવવાની કામગીરી તેમજ સંલગ્ન લોગબુક શ્રી પી. જી. રાઠવા ખેતી મદદનીશ સાથે રહી લોગબૂક નિભાવવાની કામગીરી • ફાર્મ ઓજારોની જાળવણી અને નિભાવણી • કચેરી ખાતેની સોલર પેનલ દર અઠવાડીયે સાફ કરાવી યુનિટ અધિકારીને રીપોર્ટ કરવો

૩. સંસ્થામાં કામકાજ અને નિર્ણય પ્રકિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ તેમાં દેખરેખ અને જવાબદારીઓ માટેની ચેનલોની બાબતનો સમાવેશ થવો જરૂરી છે.

કેન્દ્રનાં વડા ધ્વારા અને તેમના માગદર્શન અનુસાર તેમની નીચે કાર્ય કરતાં વૈજ્ઞાનીક ધ્વારા સંશોધન માટે ખેડુતોના ફીડ બેક મુજબ તાંત્રિક કાર્યક્રમ તૈયાર કરી સંબંધિત એગ્રેસ્કો સબ કમિટિની મિટીંગમાં રજુ કરવામાં આવે છે. જ્યાં જરૂરી સુધારા-વધારા કરી આખરી મંજુરી માટે જોઇન્ટ તથા કમ્બાઇન્ડ જોઇન્ટ એગ્રેસ્કોમાં રજુ કરવામાં આવે છે. કમ્બાઇન્ડ જોઇન્ટ એગ્રેસ્કોમાં તાંત્રિક કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવે છે. તાંત્રિક કાર્યક્રમ મુજબ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. સંશોધનનાં અંતે ખેડૂતોપયોગી ભલામણ બહાર પાડવામાં આવે છે.

આ ઉપરાંત કેન્દ્ર ખાતે સંશોધનની પધ્ધતિ સૂચારૂ રૂપે ચાલે તે માટે કેન્દ્રના વડા કેન્દ્ર ખાતે ફરજ બજાવતા તમામ અધિકારી /કર્મચારીઓને કરવાની થતી કામગીરી માટે જરૂરી કાર્યાલય આદેશ બહાર પાડે છે.

૪. સંસ્થાના કાર્યો કરવા માટેના નિયત કરેલા ધોરણો.

યુનિવર્સિટીના નિયમો મુજબ સંશોધનને લગતી સઘળી કામગીરી વૈજ્ઞાનીકો દવારા હાથ ધરવામાં આવે છે જયારે વહીવટી કર્મચારીઓ ધ્વારા કચેરીને લગતી તમામ પ્રકારની વહીવટી તથા હિસાબી કામગીરી યુનિવર્સિટીના નીતિ-નિયમો મુજબ કરવામાં આવે છે. આ ઉપરાંત વૈજ્ઞાનીકો ધ્વારા અનુસ્નાતક વિધાર્થીઓને માર્ગદર્શન અને શિક્ષણ આપવાની કામગીરી કરવામાં આવે છે. તેમજ સરકારશ્રીના ઠરાવો મુજબ કામગીરી કરવામાં આવે છે.

૫. સંસ્થાના કાર્યો કરવા માટે સંસ્થા દ્વારા ઘડાયેલા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ. કેન્દ્ર ખાતે યુનિવર્સિટી દવારા નિયત કરવામાં આવેલ તથા રજીસ્ટરો જેવા કે, ડેડસ્ટોક, સ્ટોર રોજમેળ, ચીજવસ્તુ વપરાશ, મંજુરી, લેબરશીટ, હાજરી પત્રક, રીપેરીંગ, સાધનોની લોગબુક, વાહનોની લોગબુક અને હીસ્ટ્રીશીટ, પરચુરણ રજા, ટપાલ આવક જાવક રજીસ્ટર, ફાર્મ મશીનરી રજીસ્ટરો, કેશબુક વિગેરે નિભાવવામાં આવે છે.

૬. સંસ્થા પાસેના દસ્તાવેજોના પ્રકારનું પત્રક

વિભાગના અધિકારી/કર્મચારીઓની અંગત ફાઇલો તેમજ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતા સ્નાતક/અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના અભ્યાસને લગતી ફાઇલો નિભાવવામાં આવે છે.

૭. સંસ્થાની નીતિ ઘડવા અંગેના અથવા તેમના વહીવટ અંગેના જાહેર જનતા સાથેના પરામર્શ અથવા પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગતો. ઉપરોક્ત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

૮. સંસ્થાની વિવિધ સમિતિઓ અને તેમના ભાગ તરીકે અથવા તેની સલાહના ઉદેશથી બેથી વધુ સભ્યોના બનેલા એકમોની બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે

કે કેમ ? અને આવી બેઠકોની કાર્યવાહી નોધ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે કે કેમ ? તે અંગેનું પત્રક.

ઉપરોક્ત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

૯. સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની નિર્દેશિકા.

બજેટ સદર	અ. નં	અધિકારી / કર્મચારી નું નામ	હોદ્દો
૧૨૦૦૭	૧	ખાલી જગ્યા	સહ સંશોધન વૈજ્ઞાનીક.(પી.બી.)
	૨	ડૉ. ઋષભ જે. મકવાણા	મદદ. પ્રાધ્યાપક
	૩	શ્રીમતી હેતલ વી. અમીપરા	ખેતી અધિકારી
	૪	શ્રી પંકજકુમાર જી. રાઠવા	ખેતી મદદનીશ
	૫	શ્રી રાહુલ વી. રાઠવા	જુ. ક્લાર્ક
	૬	શ્રી એમ. બી. ચૌહાણ	ટ્રે. ડ્રાઇવર
૧૨૯૬૩-૦૧	૧	શ્રીમતી પી. સી. પટેલ	ખેતી મદદનીશ
	૨	શ્રી દીપ કુમાર	રીસર્ચ એસોસીએટ
૧૨૯૬૫-૦૧	૧	ડૉ. અંકિત આર. પટેલ	રીસર્ચ એસોસીએટ
૫૦૦૭	૧	ખાલી જગ્યા	ખેતી મદદનીશ
	૨	ખાલી જગ્યા	ખેતી મદદનીશ
	૩	શ્રી બી.બી.હળપતિ	ખેતી મદદનીશ
	૪	શ્રીમતી એ. એમ. રોહિત	સી. ક્લાર્ક
૫૦૦૩	૧	ખાલી જગ્યા	સહ સં.વૈ.(પી.બી.)

૧૦. દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણુ અને નિયમો મુજબના વળતરની પધ્ધતિની માહિતી.

અ. નં	અધિકારી /કર્મચારી નું નામ	હોદ્દો	પગાર ધોરણ	પગાર	ગ્રેડ પે
૧	ખાલી જગ્યા	સહ સંશોધન વૈજ્ઞાનીક	79800-211500 (12)	–	-
૨	ખાલી જગ્યા	સહ સંશોધન વૈજ્ઞાનીક	79800-211500(12)	-	-
૩	ડૉ. ઋષભ જે. મકવાણા	મદદ. પ્રાધ્યાપક	57700-182400(10)	75,200/-	
૪	શ્રીમતી હેતલ વી. અમીપરા	ખેતી અધિકારી	39900-126600(7)	46,200/-	-
૫	શ્રી પંકજ જી. રાઠવા	ખેતી મદદનીશ	25500-81100(4)	34,900/-	-
૬	શ્રી એમ.બી. ચૌહાણ	ટ્રે ડ્રાઇવર	29200-92300 (5)	54,200/-	-
૭	શ્રી રાહુલ વી. રાઠવા	જુ. ક્લાર્ક	19900-63200(2)	26,000/-	-
૮	શ્રી બી.બી.હળપતિ	ખેતી મદદનીશ	29200-92300(5)	60,400/-	-
૯	શ્રીમતી એ. એમ. રોહિત	સી. ક્લાર્ક	25500-81100 (4)	37,500/-	-
૧૦	શ્રી દીપ કુમાર	રીસર્ચ એસોસીએટ	61000+HRA	61,000/-	-
૧૧	ડૉ. અંકિત આર. પટેલ	રીસર્ચ એસોસીએટ	67000+HRA	67,000/-	-
૧૨	શ્રીમતી પી.સી. પટેલ	ખેતી મદદનીશ	25500-81100 (4)	29,600/-	-

૧૧. સંસ્થાની એજન્સીની તમામ યોજનાઓની વિગતો, સૂચિત ખર્ચ અને કરેલી ચૂકવણીઓના અહેવાલ દર્શાવતુ ફાળવેલું બજેટ.

કઠોળ સંશોધન યોજના, વડોદરા વર્ષ ૨૦૨૪-૨૫					
બજેટ સદર	યોજનાનુ નામ	પગાર અને અન્ય ભથ્થા	રીકરીંગ કન્ટીજન્સી	નોન રીકરીંગ કન્ટીજન્સી	કુલ
૧૨૦૦૭	સ્ટેન્ધનીંગ રીસર્ચ ઇન પલસીસ	60,85,982/-	14,88,012/-	0	75,73,994/-
૧૨૯૬૩-૦૧	જેનેટિક એન્હાસમેન્ટ	13,53,556/-	14,54,850/-	0	28,08,406/-
૧૨૯૬૫-૦૧	ઓર્ગેનિક ફાર્મિંગ	8,20,270/-	10,96,535/-	0	19,16,805/-
૧૨૯૩૭	એડપ્ટીવ ટ્રાયલ	0	25,000/-	0	25,000/-
૫૦૦૭	કઠોળ સંશોધન યોજના	18,40,409/-	6,89,108/-	0	25,29,517/-
૫૦૦૩	પેડી રીસર્ચ સ્કીમ	0	8,96,856/-	0	8,96,856/-
૧૨૯૦૭	એગ્રો. મીટેરિયોલોજી	0	10,000/-	0	10,000/-
૯૫૧૦-એ-૭	રીવોલ્વીંગ ફંડ	0	06,09,563/-	0	06,09,563/-

૧૨. ફાળવેલી સહાયકી અને સહાયકી કાર્યક્રમો ના લાભાર્થીઓની વિગત સહિત આવા કાર્યક્રમોના અમલની પધ્ધતિ

ઉપરોક્ત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

૧૩. સંસ્થા પાસેથી કોઈપણ પરવાનગીઓ અથવા અધિકારપત્ર અથવા છૂટછાટ / રાહત મેળવનાર અંગેની વિગતો.

ઉપરોક્ત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

૧૪. સંસ્થા પાસે ઉપલબ્ધ અથવા તેમની પાસે રહેતી વિજાણું માધ્યમમાં રુપાંતરિત (ઈલેકટ્રોનિકસ ફોર્મ) માહિતીની વિગતો.

ખેતી અને સંલગ્ન વ્યવસાયને લગતી માહિતી ઉપલબ્ધ છે.

૧૫. સંસ્થામાં જાહેર ઉપયોગમાં રાખેલી પુસ્તકાલય અથવા વાંચન ખંડની સવલતો માટેના સમય સહિત, નાગરિકોને માહિતી મેળવવા માટેની પ્રાપ્ત સગવડોની વિગતો.

ઉપરોક્ત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી.

૧૬. સંસ્થાએ નીયુક્ત કરેલા જાહેર માહિતી અધિકારીઓનાં નામ, હોદાઓ અને અન્ય વિગતો.

(૧) મુખ્ય જાહેર માહિતી અધિકારી — ડૉ. બી. એન. પટેલ
સહ સંશોધન વૈજ્ઞાનિક (પી.બી.)
ક.સં.કે. આ.કૃ.યુ. વડોદરા

(૨) મદદનીશ જાહેર માહિતી અધિકારી — -

૧૭. વખતો-વખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની આવી અન્ય માહિતી.

ઉપરોક્ત મુદ્દો અત્રેનાં વિભાગને લાગુ પડતો નથી

એનક્ષર –બી

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે. કે, માહિતી અધિકાર અધિનિયમ-2005 ની કલમ-4 અંતર્ગત સ્વયં જાહેત કરવાની બાબતો પ્રોએકટીવ ડીસ્કલોઝર (PAD) મારા વિભાગ ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે. અને તા. ૦૧/૦૫/૨૦૨૫ ની સ્થિતિએ અમારી મંજૂરી મેળવી અધતન કરવામાં આવેલ છે.

તા. 03/05/2025

કચેરીનાવડાની સહી:.....

કચેરીના વડાનું નામ : ડૉ. ભરત એન. પટેલ

વિભાગનું નામ:- કઠોળ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,વડોદરા

મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
નવાગામ-૩૮૭ ૫૪૦ તા.જી.ખેડા.
☎(૦૨૬૯૪)૨૯૯૧૨૨

ડો.એમ.બી.પરમાર
સંશોધન વૈજ્ઞાનિક(ચોખા)ઇ.ચા.

E mail: rsrice_mrrs@yahoo.com
researchscientistrice@aau.in

જા.નં.આકૃયુ/સં.વૈ.(ચોખા)/ટેક./ ૯૧૫ /૨૦૨૫ તા.૦૨/૦૬/૨૦૨૫

પ્રતિ,
કુલસચિવશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦

વિષય :- RTI ACT-2005 હેઠળ પ્રો-એક્ટીવ ડિસ્કલોઝરની માહિતી મોકલવા બાબત..

સંદર્ભ :-આપશ્રીની કચેરીના પત્ર ક્રમાંક: જા.નં.આકૃયુ/૨૭/લીગલ/૭૬/૨૦૨૫, તા.૦૨/૦૫/૨૦૨૫

મહોદય,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભિત પત્ર દ્વારા અત્રેની કચેરી મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ ખાતેથી RTI ACT-2005 હેઠળ પ્રો-એક્ટીવ ડિસ્કલોઝરની માહિતી મંગાવવામા આવી હતી, જે આ પત્ર સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

વધુમાં ઉપરોક્ત માહિતીને સોફ્ટ કોપીમાં તા. ૦૯/૦૫/૨૦૨૫ ના રોજ ઇ-મેઇલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. જે આપશ્રીને જાણ તથા ઘટતી કાર્યવાહી માટે વિદિત થવા વિનંતી.

આભાર સહ...

સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઇ./ચા.

સામેલ: ઉપર મુજબ

Office of the Registrar
A.A.U., ANAND
3 JUN 2025
INWARD NO. 8658

ધ રાઇટ ટુ ઇન્ફર્મેશન એક્ટ – ૨૦૦૫ની માહિતી

૧. સંસ્થાનું સંસ્થાપન, ઉદ્દેશો, કાર્યો અને ફરજોની વિગત.

આ સંસ્થાની સ્થાપના ૨.૫ હેક્ટર જમીનથી નવાગામ તા.દસક્રોઇમાં સને ૧૯૪૫ માં બ્રીટીશ રાજ્ય વખતે થયેલ છે.

ઉદ્દેશો : પાક સુધારણા કાર્યક્રમ અંતર્ગત પસંદગીથી તેમજ સંવર્ધનથી ડાંગરની સારી જાતોને વિકસાવવાના સંશોધનો ઉપરાંત પાક ઉત્પાદન, પાક સંરક્ષણ અંગેના વિવિધ હેતુથી આ સંશોધન કેન્દ્ર શરૂ કરેલ છે.

કાર્યો : આ કેન્દ્ર પાક સુધારણા, પાક ઉત્પાદન, પાક સંરક્ષણ માટે સંશોધન કામગીરી કરે છે.

પાક સુધારણા : નવી નવી જાતો બહારથી લાવવી, વાવવી, અભ્યાસ કરવો, સંકરણો કરવા, વિવિધ પેઢીઓમાં અભ્યાસ કરીને નવી નવી વિવિધ જાતો ખેડુતોને આપવા પ્રયત્નો કરવા તથા તેના કેન્દ્રીય તેમજ માતૃબીજની જનીનીક શુદ્ધતા જાળવીને શુદ્ધ બિયારણ તૈયાર કરવું.

પાક ઉત્પાદન : નવી નવી શોધાયેલી જાતોમાં ખેતી કાર્યો કરી વધુ ઉત્પાદન મેળવવું. જાતોમાં વાવણીનું અંતર, ખાતર, પિયત વિગેરેનું પ્રમાણ શોધવું અને ઓછા ખર્ચે વધુ નફો થાય તે માટે પદ્ધતિઓ વિકસાવવી.

પાક સંરક્ષણ : નવી નવી શોધાયેલ જાતોમાં આવતા કીટક તેમજ રોગ અટકાવવા સંશોધન અખતરાઓ દ્વારા જીવાત રોગના ઉપદ્રવની તિવ્રતા ચકાસવી તેને અટકાવવા માટે જૈવિક તેમજ રાસાયણિક પદ્ધતિઓ અમલી બનાવવી અને ખેડુતોને પહોચાડવી. પર્યાવરણ મિત્ર પદ્ધતિઓ દ્વારા સંકલિત જીવાત નિયંત્રણ અપનાવવું.

ફરજો : આ સંસ્થામાં સમગ્ર ગુજરાત રાજ્યના મુખ્ય ચોખા સંશોધન તરીકે કામગીરી કરે છે. આમ ચોખા પાકની પાક સુધારણા કરવાની, જાતો પુરી પાડવાની, પાક ઉત્પાદન માટે પદ્ધતિઓ વિકસાવવાની અને પાક સંરક્ષણ અંગે જરૂરી માહિતી પુરી પાડવાની અને પાકના વિસ્તરણ અધિકારી/ ગ્રામ સેવકોને તાલિમ આપવાની પણ કામગીરી અત્રેનું કેન્દ્ર બજાવે છે. જે તે સુધારેલી જાતોનું જનીનીક રીતે શુદ્ધ માતૃ બિયારણ તૈયાર કરવાનું તેમજ સમગ્ર રાજ્ય તેમજ દેશભરમાં જે તેની માંગણી અનુસાર તેને પુરૂ પાડવાનું કાર્ય આ સંસ્થા કરે છે.

૨. સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો.

(૧) સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)

સત્તાઓ : સંશોધન/વહીવટ સાથે સંકળાયેલ સમગ્ર સ્ટાફ ઉપર નિયંત્રણ, કામગીરી ચકાસવી, રીપોર્ટીંગ કરવું, ઉપલબ્ધ અનુદાનનું સુચારૂ વ્યવસ્થાપન.

ફરજો : ગુજરાતમાં ડાંગર પકવતા સમગ્ર વિસ્તાર સાથે સંકળાયેલ સંશોધન કેન્દ્રોને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવું/ નિયંત્રણ રાખવું. માહિતી મેળવવી, સંકલન કરવું.

(૨) સહ સંશોધન વૈજ્ઞાનિક

સત્તાઓ : વિભાગીય વડા તરીકે

ફરજો : વિભાગીય સંશોધન/વહીવટી દેખરેખ રાખવી, કામગીરી કરાવવી અને માર્ગદર્શન આપી/ રીપોર્ટીંગ કરવું.

(૩) મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક

સત્તઓ : વિભાગના કામમાં સંશોધન સ્ટાફ ઉપર દેખરેખ/નિયંત્રણ

ફરજો : વિભાગીય વડા સાથે રહી સંશોધન/વહીવટી જે ફાળવાય તે કામકાજ કરવું અને નિભાવવું, અવલોકન લેવા/ રીપોર્ટીંગ કરવું.

(૪) ખેતી અધિકારી/ ખેતી નિરીક્ષક/ ખેતી મદદનીશ/ તાંત્રિક મદદનીશ

સત્તાઓ : જે તે હોદ્દા નીચેના સ્ટાફ ઉપર દેખરેખ/ નિયંત્રણ

ફરજો : સંશોધનની વિભાગીય કામગીરીમાં અધિકારીઓના જણાવ્યા મુજબની ખેતર ઉપર તેમજ પ્રયોગશાળામાં સઘળી ફરજો બજાવવી.

૩. સંસ્થાના કામકાજ અને નિર્ણય પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતિ (તેમાં દેખરેખ અને જવાબદારીઓ માટેની ચેનલોની બાબતનો સમાવેશ થવો જરૂરી છે.

આ કેન્દ્ર ચોખા અંગેના સંશોધનનું મુખ્ય કેન્દ્ર છે આથી વાવણીની તારીખ મુજબ સમયસર રોપણીથી કાપણી સુધીની સીઝનલ કામગીરી કરાવાય તેમજ સમયસર સ્ટાફ/ મજુરોના કામકાજ થાય તે જોવામાં આવે છે. અવલોકનો મેળવી પૃથકરણ કરી અખતરાના પરિણામો બહાર પાડવામાં આવે છે/ ભલામણો કરાય છે.

૪. સંસ્થાના કાર્યો કરવા માટેના નિયત કરેલા ધોરણો.

૧. જુદી જુદી સુધારેલી માન્ય જાતોનું બ્રીડર સીડ જનીનીક શુદ્ધતાની જાળવળી કરીને જરૂરીયાત મુજબ પુરૂ પાડવું. / ન્યુક્લિયસ બિયારણને જનીનીક રીતે શુદ્ધ રાખવું તેમજ જાળવવું.

૨. ખેડુતલક્ષી પ્રશ્નોનું નિરાકરણ થાય તેવા પ્રયત્નો કરવા.

૩. પાક સુધારણામાં નવી જાતો બહાર પાડવી પાક ઉત્પાદનમાં ખેતી પદ્ધતિઓ વિકસાવવી. પાક સંરક્ષણમાં યોગ્ય નિયંત્રણ મેળવવા, માર્ગદર્શન પુરૂ પાડવા.

૫. સંસ્થાના કાર્યો કરવા માટે સંસ્થા દ્વારા ઘડાયેલા નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ.

આ સંસ્થા આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક હોઇ તેના સમગ્ર નિયમો પાળવામાં આવે છે અને જરૂરી બધા જ રેકર્ડ અત્રે સાચવવામાં આવે છે.

૬. સંસ્થા પાસેના દસ્તાવેજોના પ્રકારનું પત્રક.

આ સંસ્થા આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક હોઇ તેની સુચના/ માર્ગદર્શન/ નિયમો મુજબ પત્રકો જેવા કે (૧) જમીનના દસ્તાવેજ (૨) ડાંગરની જુદી જુદી જાતોના નોટીફીકેશનની ફાઇલો (૩) રોગીગ રજીસ્ટર વગેરે જે તે વિભાગ નિભાવે છે.

૭. સંસ્થાની નિતિ ઘડવા અંગેના અથવા તેમના વહીવટ અંગેના જાહેર જનતા સાથેના પરામર્શ અથવા પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગતો.

- આ સંસ્થા આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક હોઇ નવી નીતી ઘડવાની કોઇ સત્તા નથી. પરંતુ જાહેર જનતા માટે બીજ ફાળવણી માટે યોગ્ય સમયની ઓનલાઈન અરજી લેવાની/ફાળવણી કરવામાં આવે છે. ભાવ નક્કી કરવાની નીતી યુનિવર્સિટી લેવલે નક્કી કરવાની હોય છે અને બીજ જે તે ભાવે ફાળવવામાં
  આવે છે.
- ખેડુતોને જરૂરી બધી જ વૈજ્ઞાનિક માહીતીઓ પુરી પાડીને વધુ મળતર મળે તે રીતેની ખેતી પધ્ધતીઓનુ યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.

૮. સંસ્થાની વિવિધ સમિતિઓ અને તેમના ભાગ તરીકે અથવા તેની સલાહના ઉદ્દેશથી બેથી વધુ સભ્યોના બનેલા એકમોની બેઠકો જાહેર જનતા માટે ખુલ્લી છે કે કેમ ? અને આવી બેઠકોની કાર્યવાહી નોંધ જાહેર જનતા માટે ઉપલબ્ધ છે કે કેમ ? તે અંગેનું પત્રક.

- આ સંસ્થા આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તક હોઇ સંશોધન તેમજ વહીવટ અંગેના સલાહ સૂચનો યુનિવર્સિટી તરફથી થાય છે.

(પત્રક - અ)

ક્રમ	બજેટ હેડ	અધિકારી/કર્મચારીનું નામ	જગ્યાનું નામ	પે બેન્ડ	પગાર	ગ્રેડ પે	કુલ પગાર
૧	૨૦૦૩	ડો.એમ.બી.પરમાર	સંશોધન વૈજ્ઞાનિક(યોખા)	૧૩૧૪૦૦-૨૧૩૧૦૦	૧૫૬૯૦૦	-	૨૫૬૩૪૩
૨	૨૦૦૩	ડો.આર.કે.ગંગવાર	સંશોધન વૈજ્ઞાનિક(પેથો.)	૧૩૧૪૦૦-૨૧૩૧૦૦	૧૫૨૩૦૦	-	૨૪૬૨૪૬
૩	૨૦૦૩	ડો.એસ.જી.પટેલ	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૬૮૬૦૦-૨૦૫૫૦૦	૧૦૪૨૦૦	-	૧૭૧૦૨૧
૪	૨૦૦૩	ડો.ડી.જે.કાચા	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૩૩૦૦-૧૮૨૪૦૦	૭૫૨૦૦	-	૧૨૩૫૩૬
૫	૨૦૦૩	શ્રી.એન.જે.ભરવાડ	ખેતી મદદનીશ	૨૫૫૦૦-૮૧૧૦૦	૨૬૬૦૦	-	૪૬૨૪૮
૬	૨૦૦૩	શ્રી.એસ.એસ.થોરાટ	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૩૩૦૦-૧૮૨૪૦૦	૭૦૬૦૦	-	૧૧૦૮૬૫
૭	૫૦૦૩	શ્રી.આર.ડી.ગોહેલ	ડ્રાઇવર	૩૬૬૦૦-૧૨૬૬૦૦	૪૬૨૦૦	-	૭૬૩૦૬
૮	૫૦૦૩	ખાલી	સહ સંશોધન વૈજ્ઞાનિક	૭૬૮૦૦-૨૧૧૫૦૦	-	-	-
૯	૫૦૦૩	ખાલી	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૩૩૦૦-૧૮૨૪૦૦	-	-	-
૧૦	૫૦૦૩	ખાલી	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૩૩૦૦-૧૮૨૪૦૦	-	-	-
૧૧	૫૦૦૩	ખાલી	મદદ. સંશોધન વૈજ્ઞાનિક	૫૩૩૦૦-૧૮૨૪૦૦	-	-	-
૧૨	૫૦૦૩	શ્રી.એન.આર.મકવાણા	ખેતી અધિકારી	૩૬૬૦૦-૧૨૬૬૦૦	૪૬૨૦૦	-	૭૬૩૦૬
૧૩	૫૦૦૩	ખાલી	ખેતી અધિકારી	૩૬૬૦૦-૧૨૬૬૦૦	-	-	-
૧૪	૫૦૦૩	ખાલી	ખેતી મદદનીશ	૩૬૬૦૦-૧૨૬૬૦૦	-	-	-
૧૫	૫૦૦૩	શ્રી.પી.એચ.રાઠોડ	ખેતી મદદનીશ	૨૫૫૦૦-૮૧૧૦૦	૨૬૬૦૦	-	૪૬૨૪૮
૧૬	૫૦૦૩	શ્રી.એ.એન.મુધવા	ખેતી મદદનીશ	૨૬૨૦૦-૬૨૩૦૦	૩૩૬૦૦	-	૫૫૩૪૫
૧૭	૫૦૦૩	શ્રી.પી.એમ.મકવાણા	લેબ ટેકનીશ્યન	૩૬૬૦૦-૧૨૬૬૦૦	૭૨૧૦૦	-	૧૧૮૫૨૩
૧૮	૫૦૦૩	કુ.આરતીબેન રાવલ	ખેતી મદદનીશ	૨૫૫૦૦-૮૧૧૦૦	૨૬૬૦૦	-	૪૬૨૪૮
૧૯	૫૦૦૩	શ્રીમતી.એ.કે.પાઠક	સિનિયર ક્લાર્ક	૨૫૫૦૦-૮૧૧૦૦	૨૭૧૦૦	-	૪૫૧૭૩
૨૦	૧૨૦૦૩	ખાલી	જુનિયર ક્લાર્ક	૨૬૦૦૦ ફિક્સ	-	-	-
૨૧	૫૦૦૩	ખાલી	જુનિયર ક્લાર્ક	-	-	-	-
૨૨	૫૦૦૩	ખાલી	પટાવાળા	૧૫૦૦૦-૪૭૬૦૦	-	-	-
૨૩	૫૦૦૩	ખાલી	પટાવાળા	૧૫૦૦૦-૪૭૬૦૦	-	-	-
૨૪	૫૦૦૩	ખાલી	પટાવાળા	૧૫૦૦૦-૪૭૬૦૦	-	-	-
૨૫	૫૦૦૩	ખાલી	પટાવાળા	૧૫૦૦૦-૪૭૬૦૦	૩૫૦૦૦	-	૫૫૧૬૫
૨૬	૫૦૦૩	શ્રી.જે.એમ.વસાવા	માળી	૧૬૬૦૦-૬૩૨૦૦	૩૬૪૦૦	-	૬૨૨૭૦
૨૭	૫૦૦૩	ખાલી	વાયરમેન	-	-	-	-
૨૮	૫૦૦૩	ખાલી	કાઉન્ટર	-	-	-	-
૨૯	૫૦૦૩	ખાલી	કાઉન્ટર	-	-	-	-

૧૦. દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું અને નિયમો મુજબના વળતરની પદ્ધતિની માહિતી.

- આણંદ કૃષિ યુનિવર્સિટીના નિયમો મુજબ જે તે મંજુર થયેલ જગ્યાના પગાર ધોરણ મુજબ મહેનતાણું ચુકવવામાં આવે છે.

૧૧. સંસ્થાની એજન્સીની તમામ યોજનાઓની વિગતો, સુચિત ખર્ચ અને કરેલી ચુકવણીઓના અહેવાલ દર્શાવતુ ફાળવેલુ બજેટ, (વર્ષ:-૨૦૨૫-૨૬).

ક્રમ	બજેટ સદર	ફાળવેલ ગ્રાન્ટ	ખર્ચ
૧	૧૨૦૦૩-૦૦	વર્ષ ૨૦૨૫-૨૬માં પ્લાન, અધર એજન્સી યોજનામાં ગ્રાન્ટ ટુક સમયમાં ફાળવશે.	
૨	૧૨૦૨૭-૦૪		
૩	૧૨૬૦૦-૦૦		
૪	૧૨૯૩૩-૦૦		
૫	૧૨૯૩૭-૦૦		
૬	૧૨૯૯૩-૦૯		
૭	૧૮૪૫૭-૨૨		
૮	૧૮૫૫૮-૩૦S		
૯	૧૮૫૫૮-૫૫		
૧૦	૧૮૫૫૮-૫૮		
૧૧	૧૮૫૫૯-૬૪		
૧૨	૨૦૦૩-૦૦		
૧૩	૨૦૦૩-૦૧		
૧૪	૨૭૦૪-૫૨		
૧૫	૫૦૦૩-૦૦	૧૯૭૭૮૦૦૦	૬૬૧૭૬૬

૧૨. ફાળવેલી સહાયકી અને સહાયકી કાર્યક્રમોના લાભાર્થીઓની વિગત સહિત આવા કાર્યક્રમોના અમલની પદ્ધતિ.

- આ સંસ્થા આણંદ કૃષિ યુનિવર્સિટીના હસ્તકની છે અને તેમાં કોઇ જાતની સહાયકી યોજનાઓ અમલમાં નથી. આથી માહિતી નીલ ગણવી.

૧૩. સંસ્થા પાસેથી કોઇ પણ પરવાનગીઓ અથવા અધિકારપત્ર અથવા છુટછાટ/ રાહત મેળવનાર અંગેની વિગતો.

- આ સંસ્થા પાસે કોઇપણ જાતની પરવાનગી આપવાની સત્તા નથી તેમજ અધિકાર પત્રો પણ નથી આણંદ કૃષિ યુનિવર્સિટીની સુચના મુજબ કામગીરી કરાય છે.

૧૪. સંસ્થા પાસે ઉપલબ્ધ અથવા તેમની પાસે રહેતી વિજાણું માધ્યમમાં રૂપાંતરિત (ઇલેક્ટ્રોનિકસ ફોર્મ) માહિતીની વિગતો.

- આ સંસ્થા સંશોધન/ શિક્ષણ/ વિસ્તરણની કામગીરી કરતી હોઇ તેને માટેના જરૂરી અમુક ખાસ હેતુના અર્થે જ વીજાણું માધ્યમમાં રૂપાંતર કરાય છે.

૧૫. સંસ્થામાં જાહેર ઉપયોગમાં રાખેલી પુસ્તકાલય અથવા વાંચન ખંડની સવલતો માટેના સમય સહિત, નાગરિકોને માહિતી મેળવવા માટેની પ્રાપ્ત સગવડોની વિગતો.

- આ સંસ્થા પાસે લાયબ્રેરીના રૂમની અલગ વ્યવસ્થા છે જે ફક્ત સંશોધન/ શિક્ષણ/ વિસ્તરણ કામગીરી માટે જ ઉપયોગમાં લેવાય છે તેમજ ખેડુતો માટેના ગુજરાત ખેતી ઉપયોગી પ્રકાશનો પણ

રાખવામાં આવે છે. જાહેર નોટીસ બોર્ડ ઉપર ઉપયોગી પ્રકાશનો અમુક સમય માટે મુકવામાં આવે છે જેના મુલાકાતીઓ/ ખેડુતો લાભ લેતા હોય છે.

૧૬. સંસ્થાએ નિયુકત કરેલા જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દાઓ અને અન્ય વિગતો.

ક્રમ	અધિકારીનું નામ	હોદ્દો	સંપર્ક
૧	ડૉ.એમ.બી.પરમાર	સંશોધન વૈજ્ઞાનિક(ચોખા)	☎ : (કચેરી) (૦૨૬૯૪) ૨૯૯ ૧૨૨ (1) rsrice_mrrs@yahoo.com (2) researchscientistrice@aau.in
૨	ડૉ.આર.કે.ગંગવાર	સંશોધન વૈજ્ઞાનિક(પેથો.)	

૧૭. વખતો વખત નિયત કરવામાં આવે તે પ્રમાણેની આવી અન્ય માહિતી.

- આણંદ કૃષિ યુનિવર્સિટીની વડી કચેરી તરફથી જે માર્ગદર્શન મળે તે મુજબ અમલ કરવામાં આવશે.

એનેક્ષર – બી

પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો પ્રોએક્ટીવ ડીસ્કલોઝર(PAD) મારા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તા.૧.૦૫.૨૦૨૫ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અર્ધતન કરવામાં આવેલ છે.

તા. /૦૫/૨૦૨૫

સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)
મુ.ચો.સં.કે., આ.કૃ.યુ., નવાગામ

કૃષિ સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
મુવાલિયા ફાર્મ, દાહોદ- ૩૮૯ ૧૬૦

ડૉ. એમ.બી.પટેલ
સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા

ફોન: (૦૨૬૭૩) ૨૨૦૪૨૩
ઈમેલ: arsdahod@aau.in

જા.નં. આકૃયુ/કૃ.સં.કે/ વહટ/ 84 /૨૦૨૫, દાહોદ

તારીખ:૧૫/૦૫/ ૨૦૨૫

Office of the Registrar
A.A.U. ANAND
15 MAY 2025
INWARD NO. 7978

પ્રતિ,
કુલસચિવશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ-૩૮૮ ૧૧૦.

વિષય-: **૧૭ મુદ્દાની માહિતી [પ્રોએકટીવ ડીસ્કલોઝર] પ્રસિધ્ધ કરવા બાબત...**
ધી રાઇટ ટુ ઇન્ફોમેશન એકટ -૨૦૦૫

સંદર્ભ-: આપશ્રીની કચેરીના પરિપત્ર જાન.આકુયુ/૨જી/લીગલ/૭૬/૨૫
તારીખ ૦૨.૦૫.૨૦૨૫

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ. દાહોદ ખાતેની ધી રાઇટ ટુ ઇન્ફોમેશન ઇન્ફોર્મેશન એકટ ૨૦૦૫ હેઠળ મુદ્દાનં ૧ થી ૧૭ મુદ્દાની માહિતી [પ્રોએકટીવ ડીસ્કલોઝર] પ્રસિધ્ધ કરવા અંગેની તારીખ:૦૧.૦૫.૨૦૨૫ ની પરીસ્થિતિની અધતન કરી શ્રૃતિ ફોન્ટમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરી આ સાથે માહીતિ તથા એનેક્ષર-બી સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે વિદિત થવા વિનંતિ.

સામેલ: ઉપર મુજબ

યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક
કૃષિ સંશોધન કેન્દ્ર
આ.કૃ.યુ., દાહોદ.

Legal

૧-૦૫-૨૦૨૫

૧	સંસ્થાનું સંસ્થાપન, ઉદેશો, કાર્યો અને ફરજોની વિગત	:	કૃષિ સંશોધન કેન્દ્ર, દાહોદની શરૂઆત વર્ષ આઝાદી પૂર્વે ૧૯૦૮ થી થયેલ. આ વિસ્તારમાં તે મુવાલિયા ફાર્મના હુલામણા નામથી જાણીતું છે. આ કેન્દ્ર અમદાવાદ ઇન્દોર રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૫૯ ને અડીને શહેરથી પાંચ કિ.મી.દુર છે.આ ફાર્મનો વિસ્તાર ૪૬.૭૦ હેક્ટર છે. આ ફાર્મ ઈ.સ.૧૯૦૮ માં બ્રિટીસ ગવર્મેન્ટ હસ્તક હતું ત્યારબાદ ઈ.સ.૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં ગુજરાત સરકાર હસ્તક આવ્યું ત્યારબાદ સને ઈ.સ.૧૯૭૨માં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતાં ગુજરાત કૃષિ યુનિવર્સીટી હસ્તક આવ્યું. ત્યારબાદ તારીખ પહેલી મે ૨૦૦૪માં ગુજરાત કૃષિ યુનિવર્સીટીનું વિભાજન થતાં આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના હસ્તકમાં આવ્યું. આ કેન્દ્ર મધ્ય ગુજરાત ખેત હવામાન વિભાગ-૩ હેઠળ આવે છે. (અ) વરસાદ:છેલ્લા ત્રીસ વર્ષનો સરેરાશ વરસાદ ૯૮૬.૩૭ મી.મી. (બ) જમીન:રેતાળ, કાળી અને ગોરડુંથી સરેરાસ ઉંડાઇ૫૦ સે.મી. (ક) ઉષ્ણતામાન:-ઓછામાં ઓછુ ૫° અને વધુમાં વધુ ૪૫° સે. (ડ) અક્ષાંશ ૨૦° ૫૦' ઉંતર રેખાંશ ૭૫° ૧૮' પૂર્વે. ત્યારબાદ સ્થાનિક મકાઇ પકવતા ખેડુતોની મુસ્કેલીઓને ધ્યાનમાં રાખી અને મકાઇનું વધુ ઉત્પાદન મેળવવા માટે આ કેંદ્ર ખાતે મલ્ટીલોકેશન ટેસ્ટીંગ સેંન્ટર તરીકે સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. આ કેન્દ્ર ખાતે ક્રમસહ વિવિધ પાકોના સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ તરફથી એગ્રેસ્કો સબકમીટીમાં નક્કી થાય તે મુજબ અખતરાઓ હાથ ધરવા બીયારણ મોકલે છે અને તે મુજબ અખતરાઓ હાથ ધરવામાં આવે છે. આ કેન્દ્ર ખાતે શિયાળામાં મકાઇ, ચણા અને લસણના અખતરાઓ તથા વિવિધ કક્ષાના બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. ચોમાસામાં નાગલી તથા કોદરા (કોર્ડીનેટેડ તથા સ્ટેટ ટ્રાયલ),તુવેર,મગ,અડદ,ડાંગર (ઓરાણ),આદુ-લસણ તથા મકાઇ (કોર્ડીનેટેડ તથા સ્ટેટ ટ્રાયલ) મળી આશરે પચાસ જેટલા અખતરાઓ દરવર્ષે હાથ ધરવામાં આવે છે. પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી હલકા ધાન્ય પાકોના અખતરાના ફળ સ્વરૂપે નાગલીમાં ગુજરાત નાગલી-૧,ગુજરાત નાગલી -૨,ગુજરાત નાગલી-૩,ગુજરાત નાગલી -૪,ગુજરાત નાગલી -૫,ગુજરાત નવસારી નાગલી -૬. કોદરા પાકની ગુજરાત કોદરા -૧ અને ગુજરાત કોદરા -૨, અને ગુજરાત આણંદ કોદરા-૩, ગુજરાત કોદરા-૪ વરી પાકની ગુજરાત વરી -૧ અને ગુજરાત

			વરી –૨, બંટી પાકની ગુજરાત બંટી –૧, કાંગ પાકની સ્થાનિક, ચીણો પાકની સ્થાનિક કઠોળ પાકો પૈકી મગમાં મગ ગુજરાત -૨,મગ ગુજરાત -૩,મગ ગુજરાત -૪,સાબરમતી,કે-૮૫૧ અને મગ મેહ. ચણામાં ગુજરાત ચણા -૧,ગુજરાત ચણા -૨,ગુજરાત ચણા -૩ અને ચણા દાહોદ પીળા.અડદમાં ગુજરાત અડદ-૧ અને ટી-૯. ચોળામાં ગુજરાત ચોળા-૨,ગુજરાત ચોળા-૩,ગુજરાત ચોળા-૪. તુવેર પાકમાં ગુજરાત તુવેર-૧,ગુજરાત તુવેર-૧૦૦. ગુજરાત તુવેર-૧૦૧, ગુજરાત તુવેર-૧૦૨, આણંદ ગુજરાત તુવેર-૧, આણંદ ગુજરાત તુવેર-૨,આઈ.સી.પી.એલ.-૮૭, આઈ.સી.પી.એચ.-૮(હાઇબ્રીડ),બીડીએન-૨,આઈ.સી.પી.એલ.-૮૭૧૧૯, ગુજરાત તુવેર હાઇબ્રિડ-૧ અને આણંદ ગ્રેઈન તુવેર -૨. મકાઇ પાકમાં ગુજરાત મકાઈ-૧,ગુજરાત મકાઈ-૨, ગુજરાત મકાઈ-૩, ગુજરાત મકાઈ-૪, ગુજરાત મકાઈ-૬,નર્મદા મોતી, એચક્યુપીએમ-૧,જીએવાયએમએચ-૧, જીએડબલ્યુએમએચ-૨, અંબર અને ગંગા સફેદ-૨. ડાંગર પાકમાં એ.એ.યુ.ડી.આર-૧, અશોકા ૨૦૦ એફ, જીએઆર-૧૩, જીઆર-૧૨, જીઆર-૯,ગુર્જરી, જીઆર- ૧૦૧, જીએઆર- ૧ અને જીએઆર- ૩. લસણ પાકમાં ગુજરાત જુનાગઢ લસણ-૫ અને ગુજરાત આણંદ લસણ-૬. ઉપર મુજબ જણાવેલ પાકોમાં ઉત્તરોત્તર ખેડુતોની આવકમાં અને પાક ઉત્પાદનમાં ઘણોજ વધારો જોવા મળેલ છે જેથી આર્થીક રીતે સધ્ધર થતા જોવા મળેલ છે. •અત્રે ચાલતી વિવિધ પાક યોજનાઓના હેતુઓ નિચે મુજબ છે **(૧) સ્ટ્રેન્થનીંગ રિસર્ચ ઇન હિલ મીલેટ** **(બજેટ સદર-૫૦૦૨/૦૩(નોન- પ્લાન)** **પ્રોજેકટના હેતુઓ:** ૧) આ વિસ્તારને અનુરૂપ પાકતી અને વધુ ઉત્પાદન આપતી બાવટો કોદરા પાકોની જાતો વિકસાવવી. ૨) ઉપરોક્ત પાકોમાં વધુ પોષક તત્વો અને પ્રોટીન ધરાવતી મૂલ્યવર્ધિત જાતો વિકસાવવી. ૩) આ વિસ્તારને અનુરૂપ ઉપરોક્ત પાકોની વધુ નફાકારક અને ટકાઉ ખેતી પધ્ધતિ વિકસાવવી. **(૨) સ્કીમ ફોર સાયન્ટિફિક વર્ક ફોર ઇમ્પ્રુવમેન્ટ ઓફ પલ્સીસ** **(બજેટ સદર-૫૦૦૭ (નોન-પ્લાન)** **પ્રોજેકટના હેતુઓ:** ૧) પંચમહાલ દાહોદ જીલ્લાના ડુંગરાળ તેમજ ખડકાળ વિસ્તારને અનુરૂપ મગ અને ચણાની નવી જાતો વિકસાવવી. ૨) આ પાકોની નફાકારક ઉત્પાદન પદ્ધતિની સંશોધન કામગીરી.

			૩) રોગ અને જિવાત સામે ઉપરોક્ત દર્શાવેલ પાકોની પ્રતિકારક શકિત ચકાસવી. **(૩) સ્ટ્રેન્થનીંગ રીસર્ચ ઇન પલ્સીસ** **(બજેટ સદર -૭૦૦૭ (નોન-પ્લાન)** **પ્રોજેકટના હેતુઓ:** ૧) પંચમહાલ દાહોદ જીલ્લાના ડુંગરાળ તેમજ ખડકાળ વિસ્તારને અનુરૂપ અડદ તેમજ ચોળાની નવી જાતો ચકાસવી. ૨) આ પાકોની નફાકારક ઉત્પાદન પદ્ધતિની સંશોધન કામગીરી. ૩) રોગ અને જીવાત સામે ઉપરોક્ત દર્શાવેલ પાકોની પ્રતિકારક શક્તિ ચકાસવી. **(૪) સ્ટ્રેન્થનીંગ રીસર્ચ ઇન પલ્સીસ** **(બજેટ સદર -૧૨૦૦૭ પ્લાન)** **પ્રોજેકટના હેતુઓ:** ૧) પંચમહાલ દાહોદ જીલ્લાના ડુંગરાળ તેમજ ખડકાળ વિસ્તારને અનુરૂપ તુવેરની નવી જાતો ચકાસવી. ૨) આ પાકોની નફાકારક ઉત્પાદન પદ્ધતિની સંશોધન કામગીરી. ૩) રોગ અને જીવાત સામે ઉપરોક્ત દર્શાવેલ પાકોની પ્રતિકારક શક્તિ ચકાસવી. **(૫) ઇમ્પ્રુવમેન્ટ ફેસીલીટીઝ ઇન મેઇઝ** **(બજેટ સદર -૧૨૦૦૫(પ્લાન)** **પ્રોજેકટના હેતુઓ:** ૧) ચોમાસું અને શિયાળુ સીઝન માટે મકાઈની સુધારેલ અને હાઈબ્રીડ જાતોના અખતરા લેવા અને મુલ્યાંકન કરવું. ૨) મકાઈની સુધારેલ અને હાઈબ્રીડ જાતોનું બીજ ઉત્પાદન કરવું. **(૬) વેરાયટલ ડેવલપમેન્ટ ઇન ચિકપી ફોર ટ્રાયબલ એરિયા** **(બજેટ સદર-૧૨૯૭૯/૦૫ પ્લાન)** **પ્રોજેકટના હેતુઓ:** ૧) જુદા જુદા વિસ્તારમાંથી ચણાના જર્મપ્લાઝમ એકઠા કરી મુલ્યાંકન અને ચકાસણી કરવી. ૨) જૈવીક અને અજૈવિક પરિબળ સામે ટકી સકે તેવી પ્રતિકારક શક્તિ ધરાવતી જાતો વિકસાવવી. ૩) સ્થાનીક વિસ્તારમાં વધારે ઉત્પાદન મેળવવા માટે અનુકુળ પાક પદ્ધતિઓ વિકસાવવી. ૪) ચણાના પાકમાં વધુ ઉત્પાદન મેળવવા માટે જૈવીક અને અજૈવિક પરિબળ સામે પાક સંરક્ષણની પદ્ધતિઓ આપવી. **(૭) જીનેટીક્સ એનહેન્સમેન્ટ એન્ડ પ્રોડક્સન ટેકનોલોજી ઓફ મેન કોપ ગ્રોન ઇન ટ્રાયબલ એરિયા (બજેટ સદર-૧૨૯૭૯ પ્લાન)**

			પ્રોજેકટના હેતુઓ: ૧) પાક અને તેની યોગ્ય જાતોની ઓળખાણ કરવી. ૨) જૈવીક ખેતી દ્વારા પાકનું ઉત્પાદન સંતુલિત કરવું. ૩) આદુ પાકમાં કૃમિ ગાઠનો સડો અને પાનના ટપકાના રોગ માટે રાસાયણિક અને બિન રાસાયણિક નિયંત્રણ દ્વારા આદુની ગુણવત્તા સુધારવી. ૪) પાકની કાપણી પછી મૂલ્ય વૃદ્ધિ પ્રક્રિયાનો વિકાસ કરવો. (૮) ડેવલોપમેન્ટ ઓફ ગાર્લિક એન્ડ જીંજર વેરાયટીઝ સુટેબલ ફોર વેલ્યુએડીસન એન્ડ ઈટ્સ પ્રોડક્સન એન્ડ પ્રોટેકશન ટેકનોલોજી એટ દાહોદ (બજેટ સદર-૧૨૯૭૯/૦૩પ્લાન) પ્રોજેકટના હેતુઓ: ૧) જર્મપ્લાજમમાં જુદા જુદા વિસ્તારમાંથી આદુ અને લસણની લાઈનો એકઠી કરી મુલ્યાંકન કરી અને ચકાસણી કરવી. ૨) આ વિસ્તારને અનુકુળ લસણ અને આદુ પાકની જાતો વિકસાવવી. ૩) મુલ્યવૃધ્ધિ પાક પદ્ધતિ અને પાક સંરક્ષણની પદ્ધતિઓ વિકસાવવી. (૦૯) સ્ટ્રેન્થનીંગ ઓફ એગ્રીપોલીક્લીનીક ફોર ટ્રાયબલ ફાર્મર (બજેટ સદર-૧૨૯૭૮(પ્લાન) પ્રોજેકટના હેતુઓ: ૧) આદિવાસી વિસ્તારની ખેત પેદાશોમાં થતા રોગો ઓળખવા. ૨) હલના સંશોધન અને તાલીમ કેન્દ્રની માળખાકીય સવલતોને વિકસિત કરવી. ૩) સોઇલ ટેસ્ટીંગ લેબ તેમજ એગ્રીપોલીક્લીનીકની સ્થાપનકરવી. ૪) ખેત પેદાશોમાં થતા નુકસાનને સમયસર અટકાવવું. ૫) આદિવાસી ખેડૂત ખેડૂત મહિલા અને યુવાનોને સ્થળ પર મુલાકાત લઇ કૃષિ અને કૃષિ આધારિત વિષયોપર નીદર્શન આપવું. ૬) જમીનના રાસાયણિક અને ભૌતિક ચકાસણી માટે નમુના એકત્રિત કરવા તેમજ જરૂર મુજબના સંશોધન માટે વૈજ્ઞાનિકોને પ્રતિભાવો. (૧૦) ટ્રેનીગ ઓફ ટ્રાયબલ ફાર્મર વુમન એન્ડ ફાર્મ યુથ (બજેટ સદર-૬૭૦૪/૦૬ (નોન-પ્લાન) પ્રોજેકટના હેતુઓ: ૧) આદિવાસી ખેડૂતો/ બહેનો તેમજ યુવાનોને આધુનિક ખેતી વિષયક તાલીમ આપવી સાથે સાથે પશુપાલન/મરઘાપાલન

			બાગાયત/ફાર્મફોરેસ્ટ્રી/ગૃહવિજ્ઞાનના વિષયોની તાલીમ આપવી. ૨) આ કેન્દ્ર ખાતે ત્રિ- દિવસીય કેન્દ્રીય તેમજ એક દિવસીય ક્ષેત્રીયતાલીમનું આયોજન કરવું. ૩) સંશોધન કેન્દ્રો/ડેરી વગેરેના પ્રેરણા પ્રવાસનું આયોજન કરવું. ૪) મહિલા શિબિર/ખેડૂતદિન/કૃષિમેળાનું આયોજન કરવું. ૫) આ વિસ્તારના ખેડુતોને નવી સુધારેલ જાતો નિદર્શન દ્વારા માર્ગદર્શન આપવાની કામગીરી. ઉપરોક્ત વિવિધ પાકના ઉદ્દેશો આધારે થતી ભલામણો વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો મારફતે ખેડુતો સુધી પહોંચાડવામાં આવે છે.
૨	**સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો:**		
અ.નં	અધિકારીશ્રી/કર્મચારીનું નામ અને હોદ્દો		કામગીરીની વિગત
૧	ડૉ. એમ.બી.પટેલ યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક		➢ સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ વડા તરીકેની વહીવટી/ હિસાબી/ટેકનીકલ તમામ કામગીરી. ➢ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજના હેઠળ હાથ ધરવાના થતા તમામ અખતરાઓના સંચાલન તેમજ મોનીટરીંગની કામગીરી. ➢ કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવતા વિવિધ પાકોના બીજ ઉત્પાદન અંગેનું સફળ સંચાલન તેમજ મોનીટરીંગની કામગીરી. ➢ કેન્દ્રના વિકાસને લગતી કામગીરી તથા વર્ગીકૃત બાંધકામ હેઠળ થતી તમામ કામગીરીની દેખ રેખની કામગીરી. ➢ કેન્દ્રની મુલાકાતે આવતા તમામ મુલાકાતીઓને કેન્દ્ર ખાતે ચાલતી સંશોધનની પ્રવૃત્તિઓની માહિતી આપવી. ➢ એડેપ્ટીવ ટ્રાયલને લગતી કામગીરીમાં માર્ગદર્શન. ➢ કેન્દ્ર ખાતે અલગ અલગ પાકોમાં અખતરા લેવામાં આવતા હોઇ સંશોધન, વિસ્તરણ તથા અન્ય તકનીકી કામગીરીમાં નીચલા સ્ટાફને માર્ગદર્શન આપવુ. ➢ કેમ્પસ વસાહત તેમજ ફાર્મને લગતી કોઇપણ પ્રકારની મુશ્કેલીઓ માટે તેમજ કેમ્પસ લગતી બ્યુટીફીકેશન અર્થે તથા સમગ્ર કેમ્પસ વસાહતના પ્રશ્નો અંગે ઉપલી કચેરી સાથે પરામર્શ કરવા વડા તરીકેની સંપૂર્ણ જવાબદારી. ➢ લેબર કોર્ટના તમામ કેસોની કામગીરીની દેખરેખ રાખવી. ➢ વડી કચેરી તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી.
૨	ડૉ. વિકાસ પાલી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક		➢ યુનિટ વડાની કોઈ પણ પ્રકારની અનુપસ્થિતિ દરમ્યાન કેન્દ્રની દેખરેખ રાખવી.(સામાન્ય વહીવટ)

	(પ્લા.બ્રીડીંગ)	➢ બ્રિડીંગને લગતા તમામ અખતરાઓની વાવણીથી કાપણી સુધીની સંપૂર્ણ કામગીરી યુનિટ વડાના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે. તેમજ તમામ અખતરાઓના પરિણામ તૈયાર કરવાની કામગીરી. ➢ અત્રેના કેન્દ્ર હસ્તકના પાકોના તમામ પ્રકારના બીજ ઉત્પાદનની કામગીરીમાં રોગીંગ, બેગીંગ, ટેગીંગ અને બીજ ચકાસણી સુધીની તમામ ટેકનીકલ કામગીરીમાં માર્ગદર્શન પુરુ પાડવાનું રહેશે. તેમજ જે-તે પાકમાં ક્રોસિંગ, સેલ્ફીંગની એડવાન્સ કલ્ચરો તથા જર્મપ્લાઝમની નવા-જુના વગેરેની જાળવણી કરી જર્મપ્લાઝમ રજીસ્ટર નિભાવવાની કામગીરી. ➢ RTI ને લગતી કામગીરી. ➢ સંશોધન પ્રકરણ-૬, વાર્ષિક અહેવાલ તૈયાર કરી યુનિટ કક્ષાનો સંયુકત રીપોર્ટ યુનિટ વડાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવાનો રહેશે. ➢ યોજના હસ્તકના તમામ ટેકનીકલ રજીસ્ટરો નિયમીત લખાય તે જોવાની તથા સહીઓ કરવાની કામગીરી. ➢ યુનિવર્સિટીને લગતા તમામ પત્ર વ્યવહાર (Correspondences) ની કામગીરી. ➢ બ્રીડર બીજ ઉત્પાદનને લગતા રોગીંગ રજીસ્ટર અને પત્રવ્યવહાર ફાઈલ નિભાવવી. ➢ ડીડીઓને લગતી તમામ કામગીરી. ➢ યુનિટ વડા તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવી.
3	શ્રીમતી એસ. બી. પારગી (સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ/ખેતી અધિકારી)	➢ કઠોળ સંશોધન યોજનાઓ હસ્તકના તમામ અખતરાઓ તથા હલકા ધાન્ય પાકના અખતરાઓની વાવણીથી કાપણી સુધીની તમામ કામગીરી. ➢ પાક યોજનાઓ બનાવવી, અવલોકનો લઇ પરીણામો તૈયાર કરવાની કામગીરી. ➢ એગ્રોનોમીને લગતા તમામ અખતરાઓની વાવણીથી કાપણી સુધીની સંપૂર્ણ કામગીરી યુનિટ વડાના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે. તેમજ તમામ અખતરાઓના પરિણામ તૈયાર કરવાની કામગીરી. ➢ યોજના હસ્તકના તમામ ટેકનીકલ રજીસ્ટરોની નિયમિત જાળવણી નિભાવણી કરવાની કામગીરી રહેશે. ➢ સંશોધન યોજનાઓમાં આવરી લેવાતાં પાકના સંબધીત એગ્રેસ્કો રીપોર્ટ, સંશોધન પ્રકરણ-૬, વાર્ષિક અહેવાલ

		બનાવવામાં ડૉ. વિકાસ પાલીને મદદ કરવી. ➢ યુનિટ વડા તરફથી સોંપવામાં આવતી તમામ કામગીરી કરવી.
